દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 *
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 281 ■ વિક્રમ સંવત ૨૦૮૨
માર્ગશીર્ષ સુદ-૮ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 28 November 2025, Friday ■ REGD.No. MCS/058/2018-20
શુક્રવાર, ૨૮ નવેમ્બર ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦


મેટિની પૂર્તિ ૫ ૬ ૭


LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# આસામમાં બીજા લગ્ન કર્યા તો દસ વર્ષની કેદ



## એક કરતા વધુ મૅરેજને ગેરકાયદે ગણાવતા ખરડાને વિધાનસભાની મંજૂરી

નવી દિલ્હી: એક કરતા વધુ વિવાહ કરવા પર પ્રતિબંધ મૂકતા કાયદાને આસામ વિધાનસભાએ ગુરુવારે મંજૂરી આપી હતી.

એક કરતા વધુ વિવાહ કરનારને આ કાયદા અંતર્ગત તેને ગુનેગાર માનવામાં આવશે અને અમુક અપવાદોને બાદ કરતાં આ માટે વધુમાં વધુ ૧૦ વર્ષની જેલની સજા થઈ શકશે અને પીડિત મહિલાને ૧.૪૦ લાખ રૂપિયા વળતર આપવાની પણ આ કાયદામાં જોગવાઈ છે.

અનુસૂચિત જાતિ (એસટી)ના લોકો અને છઠ્ઠી અનુસૂચિ હેઠળ આવતા વિસ્તારને આ કાયદાના દાયરામાંથી બહાર રાખવામાં આવ્યા છે.

મુખ્ય પ્રધાન હેમંત બિસ્વા સરમાએ કહ્યું હતું કે આ કાયદાને ધર્મ સાથે કોઈ લેવાદેવા નથી અને તે ઈસ્લામની વિરુદ્ધમાં પણ નથી. કાયદાનો ભંગ કરનારને સાત વર્ષની જેલ અને દંડની સજા થઈ શકશે. જો કોઈ વ્યક્તિ તેનાં વર્તમાન લગ્નને છુપાવીને બીજા લગ્ન કરે તો તેને ૧૦ વર્ષની જેલ અને દંડ થઈ શકશે. હિન્દુઓ પણ આમાંથી મુક્ત નહીં હોય. હિન્દુ, મુસ્લિમ, શીખ અને ઈસાઈ એમ તમામ સમાજના લોકોને આ કાયદો લાગુ પડશે.

તેમણે કહ્યું હતું કે આવતા વરસે યોજાનારી આસામ વિધાનસભાની ચૂંટણી બાદ હું ફરી મુખ્ય પ્રધાન બનીશ તો રાજ્યમાં આ સમાન નાગરિક કાયદો અમલી બનાવીશ. આસામમાં બાંગ્લાદેશી અને રોહિંગ્યા ઘૂસણખોરોનો મુદ્દો બહુ જ ગાજી રહ્યો છે અને ભાજપની સરકાર આ સમસ્યાનો કોઈ પણ હિસાબે ઝડપથી નિકાલ લાવવા માગે છે અને તેથી જ ત્યાં આવા સમાન નાગરિક કાયદા સહિતના કાનૂન અમલી બનાવવા માગે છે. ■

# આધાર કાર્ડ હોય તો શું ઘૂસણખોર પણ મતદાન કરી શકે?: સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી: વિવિધ રાજ્યોમાં રાજ્યોમાં ચૂંટણી પંચ સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન એસઆઇઆર હાથ ધરી રહ્યું છે. ચૂંટણીપંચે એસઆઇઆર માટે આધાર કાર્ડને માન્ય દસ્તાવેજોની યાદીમાં ના રાખતા વિવાદ સર્જાયો છે. સુપ્રીમ કોર્ટે સુનાવણી દરમિયાન ચૂંટણી પંચે પૂછ્યું છે કે શું આધાર કાર્ડ ધરાવતો ભારતનો નાગરિક ન હોય એવા ઘૂસણખોર પણ મતદાનનો અધિકાર આપવો


(જુઓ પાનું ૨) ▸▸


# કર્ણાટક કૉંગ્રેસના હાથમાંથી જશે?

બેંગલુરુ: કર્ણાટકમાં સળગતા નેતૃત્વના મુદ્દે ચર્ચા કરવા માટે રાહુલ ગાંધી, મુખ્ય પ્રધાન સિદ્ધારમૈયા અને નાયબ મુખ્ય પ્રધાન ડી.કે. શિવકુમાર સહિત વરિષ્ઠ નેતાઓની નવી દિલ્હીમાં બેઠક બોલાવવામાં આવશે, એમ કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ ગુરુવારે જણાવ્યું હતું. જોકે અત્યાર સુધી જાહેરમાં એકમેક સામે બોલવાથી દૂર રહેલા સિદ્ધારમૈયા અને શિવકુમાર વચ્ચે ગુરુવારે સીધેસીધી જંગ શરૂ થઈ ગઈ છે. સિદ્ધારમૈયાએ કહ્યું હતું કે સંખ્યાના બળે નહીં પણ કામના જોર પર પોતાની સરકાર સત્તા પર છે. બીજી તરફ, શિવકુમારે કહ્યું હતું કે, જગતમાં સૌથી મહત્ત્વનો છે શબ્દ અને કોઈના આપેલા શબ્દનું પૂરેપૂરું પાલન થવું જોઈએ. અહીં તેમણે પોતાને અઢી વર્ષ પછી મુખ્ય પ્રધાન બનાવવાનું હાઈ કમાન્ડ દ્વારા અપાયેલા વચનનો ઉલ્લેખ કર્યો છે. આ બંને દિગ્ગજોની લડાઈમાં કૉંગ્રેસે સત્તાથી હાથ ધોવા ન પડે તો સારું.

ખડગેએ જણાવ્યું કે નેતાઓ આગળ વધવાના માર્ગ પર ચર્ચા કરશે અને મુદ્દાનું નિરાકરણ લાવશે. આ રીતે મૂંઝવણ ખતમ કરવામાં આવશે. ૨૦ નવેમ્બરના રોજ કોંગ્રેસ સરકારે તેના પાંચ વર્ષનો અડધો કાર્યકાળ પૂર્ણ કર્યો છે ત્યારે સિદ્ધારમૈયા અને શિવકુમાર વચ્ચે કથિત પાવર-શૅરિંગ કરારની પૃષ્ઠભૂમિમાં રાજ્યમાં મુખ્ય પ્રધાન બદલવાની અટકળો વચ્ચે શાસક પક્ષમાં સત્તાની ખેંચતાણ વધુ તીવ્ર બની છે. ■

# સેન્સેક્સ ઓલ ટાઈમ હાઈ સપાટીને સ્પર્શીને પાછો ફર્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: એફઆઈઆઈની ઈક્વિટીમાં રૂ. ૪૭૭૮.૦૩ કરોડની અને સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૬૨૪૭.૯૩ કરોડની ચોખ્ખી લેવાલીને લીધે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં તેજી રહી હતી અને ગઈ કાલે સત્ર દરમિયાન એક તબક્કે બૉમ્બે સ્ટોક એક્સચેન્જનો ૩૦ શૅરનો બૅન્ચમાર્ક ૪૪૬ પૉઈન્ટ અથવા તો ૦.૫૨ ટકા ઉછળીને ૮૬,૦૫૫.૮૬ની અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો ૫૦ શૅરનો બૅન્ચમાર્ક નિફ્ટી ૧૦૫.૧૫ પૉઈન્ટ અથવા તો ૨૬,૩૧૦.૪૫ની ઑલ ટાઈમ હાઈ સપાટીએ પહોંચ્યો હતો. આ


(જુઓ પાનું ૨) ▸▸


# અંતરિક્ષ ક્ષેત્રે જેન-ઝીનો હનુમાન કૂદકો: રૉકેટ વિક્રમ-વન સામે આવ્યું

### સ્ટાર્ટ-અપ સ્કાયરૂટના ઈન્ફિનિટી કૅમ્પસના ઉદ્‌ઘાટનને મોદીએ ઐતિહાસિક ક્ષણ ગણાવી: ઉપગ્રહોને ભ્રમણ કક્ષામાં તરતા મૂકવાની વિક્રમ-વનની ક્ષમતા



હૈદરાબાદ : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે વીડિયો કોન્ફરન્સિંગ મારફતે હૈદરાબાદમાં ભારતીય સ્પેસ સ્ટાર્ટ-અપ સ્કાયરૂટ ઇન્ફિનિટી કેમ્પસનું ઉદઘાટન કર્યું હતું. આ પ્રસંગે વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે આજે દેશ અવકાશ ક્ષેત્રમાં એક અભૂતપૂર્વ અવસરનો સાક્ષી બની રહ્યો છે. આજે ભારતના સ્પેસ ઈકોસિસ્ટમમાં ખાનગી ક્ષેત્ર ખૂબ પ્રગતિ કરી રહ્યું છે. સ્કાયરૂટનું ઇન્ફિનિટી કેમ્પસ ભારતની નવી વિચારસરણી, ઈનોવેશન અને સૌથી અગત્યનું યુવા શક્તિનું પ્રતિબિંબ છે. આપણા યુવાનોની ઈનોવેશન, જોખમ લેવાની ક્ષમતા અને ઉદ્યોગસાહસિકતા આજે નવી ઊંચાઈઓને સ્પર્શી રહી છે અને આજનો કાર્યક્રમ એ હકીકતનું પ્રતિબિંબ છે કે આવનારા સમયમાં ભારત ગ્લોબલ સેટેલાઈટ લોન્ચ ઈકોસિસ્ટમમાં એક લીડર બનીને ઉભરી આવશે.

નવી નવી ટેકનોલોજી લાવવા માટે જેન-


(જુઓ પાનું ૨) ▸▸


### ડબ્લ્યૂપીએલના મેગા ઑક્શનમાં શિખા પાન્ડેએ ૨.૪૦ કરોડની બોલી સાથે મેદાન માર્યું, સર્વત્ર આશ્ચર્ય ફેલાયું

# દીપ્તિ શર્મા સૌથી મોંઘી: યુપીએ ૩.૨૦ કરોડ રૂપિયામાં મેળવી



નવી દિલ્હી: મહિલાઓની આઇપીએલ તરીકે વિખ્યાત વિમેન્સ પ્રીમિયર લીગ (ડબ્લ્યૂપીએલ)ની આગામી સીઝન નવમી જાન્યુઆરીથી પાંચમી ફેબ્રુઆરી સુધી રમાશે એવી જાહેરાત બાદ દિલ્હીમાં આયોજિત પ્લેયર્સ ઑક્શનમાં ભારતની સ્પિન-ઑલરાઉન્ડર ૨૦૨૬ના ડબ્લ્યૂપીએલના મેગા ઑક્શનની સૌથી મોંઘી ખેલાડી બની હતી. યુપી વૉરિયર્ઝ ટીમના ફ્રેન્ચાઇઝીએ તેને ૩.૨૦ કરોડ રૂપિયામાં મેળવી હતી. એ સાથે, દીપ્તિ હવે આ ટૂર્નામેન્ટના ઇતિહાસમાં બીજા નંબરની હાઇએસ્ટ-પેઇડ ભારતીય ખેલાડી બની છે. તે પ્રથમ ક્રમની હાઇએસ્ટ-પેઇડ ખેલાડી સ્મૃતિ મંધાના (આરસીબી-૩.૪૦ કરોડ રૂપિયા)થી માત્ર ૨૦ લાખ રૂપિયા પાછળ છે.

ભારતની સ્પિન-ઑલરાઉન્ડર અને વર્લ્ડ કપની પ્લેયર ઑફ ધ ટૂર્નામેન્ટ દીપ્તિ શર્માને યુપી વૉરિયર્ઝે ઑક્શન માટે છૂટી કરી દીધી હતી, પણ હવે તેને પાછી મેળવી લીધી છે. તેના નામ પર ૫૦ લાખ રૂપિયાથી બોલી બોલાવાની શરૂઆત થઈ હતી.

દિલ્હી કેપિટલ્સે દીપ્તિને મેળવવા શરૂઆત


(જુઓ પાનું ૨) ▸▸





## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# કોમનવેલ્થ ગેમ્સથી ગુજરાતના અર્થતંત્રને બૂસ્ટર ડોઝ મળશે

**અંતે** અમદાવાદને ૨૦૩૦માં યોજાનારી કોમનવેલ્થ ગેમ્સની યજમાની મળી ગઈ. કોમનવેલ્થ ગેમ્સ માટે અમદાવાદ અને નાઈજીરિયાના અબુજા વચ્ચે સ્પર્ધા હતી. તેમાં નાઈજીરિયાના અબુજાને યજમાની નહીં આપવાનું છેલ્લી બેઠકમાં જ નક્કી થઈ ગયેલું તેથી અમદાવાદ એકલું જ સ્પર્ધામાં હતું પણ છેલ્લી ઘડીએ કોઈ નવો હરીફ ફૂટી ના નીકળે કે આયોજન સમિતિ નવું ગલકું ના કાઢે એવી ચિંતા હતી. સ્કોટલેન્ડના ગ્લાસગોમાં બુધવારે યોજાયેલી બેઠકમાં કોઈ નવો હરીફ ના આવ્યો કે કોઈએ કશો વાંધો ના લેતાં આ ચિંતા પણ દૂર થઈ ગઈ ને ભારતમાં ૨૦ વર્ષ પછી કોમનવેલ્થ ગેમ્સ યોજવાનો માર્ગ મોકળો થઈ ગયો. ભારતમાં છેલ્લે ૨૦૧૦માં દિલહીમાં કોમનવેલ્થ ગેમ્સ યોજાઈ હતી પણ કમનસીબે આ ગેમ્સ સાથે મધુરી નહીં પણ કડવી યાદો વધારે જોડાયેલી છે.

ભારતમાં ૨૦૧૦માં કોમનવેલ્થ ગેમ્સ યોજાઈ પછી કૌભાંડોના વમળમાં ફસાઈ ગઈ હતી. ૨૦૧૧માં કોમનવેલ્થ ગેમ્સ કૌભાંડ બહાર આવ્યું ત્યારે તેને ભારતનાં સૌથી મોટા કૌભાંડમાંથી એક ગણાવાયેલું અને કોમનવેલ્થ ગેમ્સના આયોજનના નામે ૭૦ હજાર કરોડ રૂપિયા ચવાઈ ગયા હોવાના આક્ષેપ થયા હતા. કોંગ્રેસી નેતા સુરેશ કલમાડી ત્યારે કોમનવેલ્થ ગેમ્સ આયોજન સમિતિના પ્રમુખ હતા. સુરેશ કલમાડી અને તેમના મળતિયાઓએ ભેગા મળીને અબજો રૂપિયા ઘરભેગા કરાયા હોવાના આક્ષેપો થયા હતા. કૌભાંડોના કારણે ૨૦૧૦ની દિલ્હી કોમનવેલ્થ ગેમ્સમાં ૧,૬૦૦ કરોડના અંદાજ સામે ૭૦,૦૦૦ કરોડ ખર્ચાઈ ગયા હતા.

સુરેશ કલમાડીએ કોમનવેલ્થ ગેમ્સ અને ભારતીય ખેલાડીઓની રમતગમત સુવિધાઓ માટે ૪૦ હજારમાં મળતાં એર કંડિશનર ૪ લાખમાં ને ૫૦ હજારની ટ્રેડ મિલ ૯ લાખ રૂપિયામાં ખરીદી હોવાના આક્ષેપ થયા હતા. સેન્ટ્રલ વિજિલન્સ કમિશન (સીવીસી) દિલ્હી સરકાર અને રમતગમત મંત્રાલય હેઠળની એજન્સીઓને ભ્રષ્ટાચાર માટે દોષી ગણાવતાં તત્કાલીન વડા પ્રધાન ડો. મનમોહન સિંહ અને દિલ્હીના તત્કાલીન મુખ્યમંત્રી શિલા દિક્ષીત સામે પણ ભ્રષ્ટાચારમાં સામેલ હોવાના આક્ષેપ થયા હતા.

સીબીઆઈ અને ઈડીએ આ કેસમાં તપાસ કરીને જાત જાતના આરોપો મૂકીને કલમાડી સહિત ૧૫ લોકોને આરોપી બનાવ્યા હતા પણ અંતે કશું ના નીકળ્યું. લગભગ ૧૪ વર્ષ લગી ચાલેલા ખટલા પછી આ વરસના એપ્રિલમાં કલમાડી સહિતના બધા આરોપી નિર્દોષ છૂટી જતાં ખોદ્યો ડુંગર ને નીકળ્યો ઉંદર જેવો ઘાટ થઈ ગયેલો. ઈડીએ પોતે કોર્ટમાં ક્લોઝર રિપોર્ટ રજૂ કરેલો ને કોર્ટે ક્લોઝર રિપોર્ટ માન્ય રાખતાં કલમાડી સહિતના તમામ આરોપીઓને ક્લિનચીટ મળી ગયેલી અને કેસનું અચ્યુતમ્ કેશવમ્ થઈ ગયું.

અમદાવાદને કોમનવેલ્થ ગેમ્સની યજમાની મળતાં આ કૌભાંડની યાદ તાજી થઈ છે ત્યારે આશા રાખીએ કે, આ વખતે ૨૦૧૦નું પુનરાવર્તન ના થાય અને કૌભાંડની વાત તો છોડો પણ કોઈ પણ પ્રકારના વિવાદ ના થાય. કોમનવેલ્થ ગેમ્સ બહુ મોટી સ્પર્ધા છે તે આ સ્પર્ધા ખરેખર તો તેમાં દેશે કરેલા દેખાવના કારણે યાદ રહેવી જોઈએ પણ તેના બદલે કૌભાંડના કારણે યાદ રહે એ દેશ માટે કલંકકથા જ કહેવાય.

રાજકારણીઓ જાડી ચામડીના હોય છે તેથી તેમને આ બધી વાતોની અસર થતી નથી પણ તેના કારણે દેશની આબરૂનો ધજાગરો થતો જ હોય છે. ૨૦૧૦ની કોમનવેલ્થ ગેમ્સના કારણે પણ દેશની આબરૂનો ધજાગરો થયેલો જ. અમદાવાદને કોમનવેલ્થ ગેમ્સની યજમાની મળી પછી તરત સૌને ૨૦૧૦નું કૌભાંડ અને કલમાડી સૌથી પહેલાં યાદ આવી ગયા તેના પરથી જ સ્પષ્ટ છે કે, દેશના માથે લાગેલી કાળી ટીલીને લોકો ભૂલ્યા નથી.

આ વખતે એવું કશું ના થાય ને કોમનવેલ્થ ગેમ્સ સુખરૂપ પતે એ જરૂરી છે કેમ કે અમદાવાદ ૨૦૨૬ની ઓલિમ્પિક ગેમ્સના આયોજનનું પણ દાવેદાર છે. કોમનવેલ્થ ગેમ્સને આપણે નિર્વિઘ્ને પાર પાડીએ તો ઓલિમ્પિક્સના આયોજન માટેની આપણી દાવેદારી પ્રબળ થશે. અમદાવાદમાં ઓલિમ્પિક્સ યોજાય તો એ દેશ માટે ગૌરવની પળ હશે જ કેમ કે ભારતમાં અત્યાર લગી કદી ઓલિમ્પિક ગેમ્સ યોજાઈ નથી. ભારતની પહેલી ઓલિમ્પિક્સ ગુજરાતમાં યોજાય એ દરેક ગુજરાતી માટે ગૌરવપ્રદ કહેવાય પણ તેના માટે કોમનવેલ્થ ગેમ્સ કૌભાંડ વિના કે કોન્ટ્રોવર્સી વિના પૂરી થાય ને આપણો ડંકો વાગી જાય એ જરૂરી છે.

ઓલિમ્પિક્સની યજમાની ગુજરાતને મળે તેના કારણે ગુજરાતને થનારો આર્થિક ફાયદો અનેકગણો વધી જશે કેમ કે ગુજરાતે કોમનવેલ્થ ગેમ્સ સફળતાપૂર્વક યોજ્યા પછી બહુ તૈયારી કરવાની નહીં રહે. કોમનવેલ્થ ગેમ્સ માટે બનાવેલાં સ્ટેડિયમ અને ખેલાડીઓ-કોચ-સ્ટાફ માટેનું વિલેજ ઓલિમ્પિક્સમાં પણ કામ આવી જશે. જરૂર થોડા ઘણા સમારકામની જ પડવાની છે ને એ રકમ બહુ મોટી નહીં હોય. બીજો ખર્ચો પણ મોટો નહીં હોય ને સામે જે આવક હશે એ કોમનવેલ્થ ગેમ્સથી અનેક ગણી વધારે હશે તેથી ગુજરાતના જ નહીં પણ દેશના અર્થતંત્રને પણ બહુ મોટો બૂસ્ટર ડોઝ મળી જશે અને અમદાવાદ ગ્લોબલ સ્પોર્ટ્સના નકશામાં આવી જશે એ વધારાનો ફાયદો હશે.

અમદાવાદ ગ્લોબલ સ્પોર્ટ્સના નકશામાં આવી જાય પછી સમયાંતરે વૈશ્વિક કક્ષાની સ્પર્ધાઓ અમદાવાદમાં યોજાતી રહેશે. ભૂતકાળમાં અમદાવાદમાં કોમનવેલ્થ વેઇટલિફ્ટિંગ ચેમ્પિયનશિપ, એશિયન એક્વેટિક ચેમ્પિયનશિપ, એએફસી યુ-૧૭ એશિયન કપ ક્વોલિફાયર્સ વગેરે સ્પર્ધાઓ યોજાઈ ચૂકી છે પણ કોમનવેલ્થ ગેમ્સ આ નાની નાની સ્પર્ધાઓ કરતાં વધારે મોટા પાયા પર રમાય છે કેમ કે તેમાં અલગ અલગ ૧૭ જેટલી રમતો હોય છે ને ૭૪ દેશોના ખેલાડીઓ ભાગ લે છે. તેના કારણે ગુજરાતમાં સ્પોર્ટ્સ ટુરિઝમનો વિકાસ થશે ને આર્થિક ફાયદો થશે. વિદેશીઓ અમદાવાદમાં આવતા થાય તેનો લાભ ગુજરાતનાં બીજાં શહેરોને પણ મળશે જ.

કોમનવેલ્થ ગેમ્સ માટે અમદાવાદમાં જ લગભગ ૫૦ હજાર કરોડ તો ખર્ચાવાનો અંદાજ છે. તેના કારણે રોજગારીની વ્યાપક તકો ઊભી થશે ને સાથે સાથે અમદાવાદીઓને વિશ્વ કક્ષાનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ મળી જશે. વિકસિત દેશો જેવા રોડ-રસ્તા ને બીજી સવલતો અમદાવાદમાં ઊભી થાય એ ફાયદો નાનોસૂનો નથી જ.

કોમનવેલ્થ ગેમ્સ ગુજરાત માટે બહુ મોટી તક છે અને આ તક ગુજરાતે બિલકુલ ના વેડફવી જોઈએ. કોમનવેલ્થ ગેમ્સના આયોજકો બેઉ હાથે તક ઝડપીને દેશને ફાયદો કરાવે એ જરૂરી છે. દિલ્હીને ૨૦૧૦માં મળેલી તક કૌભાંડોના કારણે વેડફાયેલી પણ નરેન્દ્ર મોદી સરકાર એવું નહીં થવા દે એવી આશા રાખીએ. કલમાડી રાજકારણી હતા તેથી તેમને કાળી કમાણી સિવાય કશામાં રસ નહોતો પણ હાલનાં ભારતીય ઓલિમ્પિક સંઘનાં પ્રમુખ પી.ટી. ઉષા એક સ્પોર્ટ્સ પર્સન છે તેથી એ પણ કલમાડીની જેમ નહીં વર્તે એવો ભરોસો ચોક્કસ મૂકી શકાય. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન - સૌર હેમંતઋતુ, શુક્રવાર, તા. ૨૮-૧૧-૨૦૨૫, દુર્ગાષ્ટમી, પંચક

- ભારતીય દિનાંક ૭, માહે માર્ગશીર્ષ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, માર્ગશીર્ષ સુદ-૮
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે માર્ગશીર્ષ, તિથિ સુદ-૮
- પારસી શહેનશાહી રોજ ૧૬મો મેહેર, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૬મો મેહેર, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૪મો ગોશ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૬ઠ્ઠો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૮મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૭
- નક્ષત્ર શતભિષા મધ્યરાત્રિ પછી ક. ૨૬-૪૮ સુધી (તા. ૨૯) પછી પૂર્વાભાદ્રપદા
- ચંદ્ર કુંભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભ (ગ, સ, શ, ષ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૫૪, અમદાવાદ ક. ૦૭ મિ. ૦૩, સ્ટા. ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૭ મિ. ૫૮, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૨, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- સાંજે ક. ૧૭-૨૧, ભરતીઃ મધ્યરાત્રિ પછી ક. ૦૫-૫૩ (તા. ૨૯)
- ઓટઃ સવારે ક. ૧૧-૪૮, રાત્રે ક. ૨૩-૧૩
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ' નામ સંવત્સર, માર્ગશીર્ષ શુક્લ - અષ્ટમી. દુર્ગાષ્ટમી, પંચક, શનિ માર્ગી સવારે. ભદ્રા સમાપ્તિ બપોરે ક. ૧૨-૨૭.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ સર્વદેવ પ્રતિષ્ઠા, વાસ્તુકળશ, શિવ-પાર્વતી પૂજા, વરુણ, રાહુ દેવતાનું પૂજન, કદંબનું વૃક્ષ વાવવું, પરદેશગમનનું પસ્તાનું, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, વિદ્યારંભ, પ્રયાણ મધ્યમ, રાજ્યાભિષેક, પાટ-અભિષેક પૂજા, બગીચો બનાવવો, આભૂષણ, વસ્રો, માલ લેવો, નોકરી-વેપાર, રત્નધારણ, વાહન સવારી, વૃક્ષ વાવવા, પશુ લે-વેંચ, દુર્ગા સપ્તસતી પાઠ હવન.
- આચમનઃ ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ આરોગ્યની સાવધાની જરૂરી, ચંદ્ર-રાહુ યુતિ પુરુષાર્થ અધિક થાય.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ, ચંદ્ર-રાહુ યુતિ (તા. ૨૯), ચંદ્ર ક્રાંતિવૃત્ત પર આવી ઉત્તરે થશે. શનિ સ્તંભી થઈ માર્ગી થશે.
- ગ્રહગોચરઃ સૂર્ય વૃશ્ચિક, મંગળ-વૃશ્ચિક, વક્રી બુધ-તુલા, વક્રી ગુરુ-કર્ક, શુક્ર-વૃશ્ચિક, વક્રી/માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

# નેપાળની ચીન જેવી હરકત, ૧૦૦ રૂપિયાની નવી નોટ પર ભારતનાં ત્રણ ક્ષેત્રોને પોતાના ગણાવ્યા

કાઠમંડુ : નેપાળની સેન્ટ્રલ બેન્કે ગુરુવારે ૧૦૦ રૂપિયાની નવી ચલણી નોટ જાહેર કરી છે જેના પર નેપાળનો સુધારેલો નકશો છાપવામાં આવ્યો છે જેમાં વિવાદિત કાલાપાની, લિપુલેખ અને લિમ્પિયાધુરા ક્ષેત્રોને સામેલ કરવામાં આવ્યો છે ભારતે આ પગલાનો વિરોધ કર્યો છે. નેપાળ રાષ્ટ્ર બેન્ક (એનઆરબી)એ નવી નોટ પર ભૂતપૂર્વ ગવર્નર મહાપ્રસાદ અધિકારીની સહી છે. બેન્ક નોટ પર જાહેર કરવાની તારીખ ૨૦૮૧ બીએસ છે, જે વર્ષ ૨૦૨૪ દર્શાવે છે.

તત્કાલિન વડા પ્રધાન કે.પી. શર્મા ઓલીના નેતૃત્વ હેઠળની સરકાર દરમિયાન નેપાળે મે ૨૦૨૦માં સંસદની મંજૂરીના માધ્યમથી કાલાપાની, લિપુલેખ અને લિમ્પિયાધુરા ક્ષેત્રોને સામેલ કરતા નવો નકશો જાહેર કર્યો હતો. નવા નકશા અંગે સ્પષ્ટતા કરતા એનઆરબીના એક પ્રવક્તાએ જણાવ્યું હતું કે આ નકશો જૂની ૧૦૦ રૂપિયાની નોટ પર છપાયેલો છે અને સરકારના નિર્ણય અનુસાર તેને સુધારવામાં આવ્યો હતો.

તેમણે સ્પષ્ટતા કરી કે ૧૦ રૂપિયા, ૫૦ રૂપિયા, ૫૦૦ રૂપિયા અને ૧૦૦૦ રૂપિયા જેવી વિવિધ નોટોમાંથી ફક્ત ૧૦૦ રૂપિયાની નોટ પર નેપાળનો નકશો છે. ભારતનો દાવો છે કે લિપુલેખ, કાલાપાની અને લિમ્પિયાધુરા તેના પ્રદેશો છે. ■

# શાંતિ કાળ પૂરો, વિશ્વ હવે સંઘર્ષના માર્ગેઃ લશ્કરી વડા

નવી દિલ્હીઃ આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ ગુરુવારે કહ્યું હતું કે વિશ્વ કૉલ્ડ વૉર સમયના સત્તાના દ્વિધ્રુવીય તરફથી અચોક્કસ અને ખંડિત બહુઆયામી સત્તાની વિશ્વ વ્યવસ્થાના સંક્રમણ કાળમાંથી પસાર થઈ રહ્યું છે. તેમણે કહ્યું હતું કે વિશ્વમાં પ્રલંબ શાંતિકાળનો અંત આવ્યો છે અને વિશ્વભરમાં ઠેર ઠેર સંઘર્ષ વધુ વ્યાપક બની રહ્યા છે.

ચાણક્ય ડિફેન્સ ડાયલોગની ત્રીજી આવૃત્તિના સત્રને સંબોધન કરતાં તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે વૈશ્વક સ્તરે ઝડપથી બદલાઈ રહેલી પરિસ્થિતિ માટે ભવિષ્યમાં સજ્જ અને નિર્ણાયક સૈન્ય જ સંક્રમણ કાળને લંબાવી શકશે. આપણે અનેક ધ્રુવીય સત્તાના કાળમાં જીવી રહ્યા છીએ જ્યાં મુખ્ય વૈશ્વિક મહાસત્તાઓ સતત એકમેક સાથે ઝઘડી રહી છે અને સ્પર્ધા કરી રહી છે. વિશ્વભરમાં જુદા જુદા પચાસ કરતાં પણ વધુ સ્થળે વિવિધ દેશો એકમેક સાથે લડી રહ્યા છે. આપણે અશાંતિના કાળમાં જીવી રહ્યા છીએ એમ કહેવું પરિસ્થિતિને ઓછી આંકવા બરાબર છે.

એટલે જ જો વિશ્વ યુદ્ધની દિશામાં આગળ વધી રહ્યું હોય તો ઝડપથી બદલાતા વૈશ્વિક નકશામાં ભારતીય સેનાએ ભવિષ્યમાં સજ્જ અને નિર્ણાયક કઈ રીતે રહેવું એ આપણા માટે મૂળભૂત પ્રશ્ન છે. ચાણક્ય ડિફેન્સ ડાયલોગનું થીમ 'રિફોર્મ ટૂ ટ્રાન્સફોર્મઃ સશક્ત અને સુરક્ષિત ભારત' છે. (એજન્સી) ■

# વિદેશી સંપત્તિની વિગત ન આપનારા ૨૫,૦૦૦ લોકો આઈટીના રડાર પર

નવી દિલ્હીઃ આવકવેરા વિભાગે જાહેર ન કરાયેલી વિદેશી સંપત્તિઓ વિરુદ્ધ કડક વલણ અપનાવતા નવી કાર્યવાહી શરૂ કરી છે. વિભાગે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ (કેલેન્ડર વર્ષ ૨૦૨૪)ના ડેટા વિશ્લેષણમાં ઘણા હાઈ રિસ્ક કેસની ઓળખ કરી છે જેમાં કરદાતાઓ પાસે વિદેશી સંપત્તિઓ હોવાના સંકેત મળે છે પરંતુ તેમણે ઈન્કમ ટેક્સ રિટર્ન (આઈટીઆર)માં જાહેર કરી નથી. સૂત્રોએ જણાવ્યું હતું કે આવકવેરા વિભાગ આશરે ૨૫,૦૦૦ વ્યક્તિઓને એસએમએસ/ઈમેઈલ મોકલવાનું શરૂ કરશે, જેઓ એસેસમેન્ટ યર ૨૦૨૫-૨૬ માટે ફાઇલ કરાયેલા આવકવેરા રિટર્નમાં વિદેશી સંપત્તિનો ખુલાસો ન કરવા માટે ઓળખવામાં આવેલા હાઈ રિસ્ક કેસોનો ભાગ છે. હાઈ રિસ્ક કેસની ઓળખ ઓટોમેટિક એક્સચેન્જ ઓફ ઇન્ફર્મેશન (એઈઓઆઈ) ફ્રેમવર્ક હેઠળ વિદેશી અધિકારક્ષેત્રોમાંથી મળેલી જાણકારીના આધારે કરવામાં આવી છે. એનયુડીજીઈ ઝૂંબેશના ભાગ રૂપે સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસ (સીબીડીટી) પ્રથમ તબક્કામાં ૨૫,૦૦૦ 'હાઈ રિસ્ક' કેસોને એસએમએસ/ઈમેઈલ મોકલીને તેમને ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધી રિવાઝ્ડ આઈટીઆર ફાઈલ કરવા માટે કહેવામાં આવશે જેથી સજાથી બચી શકાય.. બીજો તબક્કો ડિસેમ્બરના મધ્યથી શરૂ થશે જે એનયુડીજીઈ કેમ્પેઈનના અન્ય કેસને પણ કવર કરવા માટે વધારવામાં આવશે જેથી કમ્પ્લાયન્સ ઈકોસિસ્ટમને સુધારી શકાય. ■

# ભ્રષ્ટાચાર કેસને મામલે શેખ હસીનાને ૨૧ વર્ષની જેલની સજા

ઢાકાઃ ગવર્નમેન્ટ હાઉસિંગ પ્રોજેક્ટમાં જમીનની ફાળવણીમાં આચરવામાં આવેલી ગેરરીતિ સંબંધિત ભ્રષ્ટાચારના ત્રણ કેસને મામલે બાંગ્લાદેશ કોર્ટે પદભ્રષ્ટ વડા પ્રધાન શેખ હસીનાને ગુરુવારે ૨૧ વર્ષની જેલની સજા ફટકારી હતી.

ઢાકા કોર્ટ-ફાઈવના સ્પેશ્યલ જજ મોહંમદ અબ્દુલ્લા અલ મામુને ૭૮ વર્ષનાં ભૂતપૂર્વ વડાં પ્રધાન શેખ હસીનાને ભ્રષ્ટાચાર સંબંધિત (ત્રણ કેસ) પ્રત્યેક કેસમાં સાત વર્ષની એમ કુલ ૨૧ વર્ષની જેલની સજા ફટકારી હતી.

જજે શેખ હસીનાને પ્રત્યેક કેસ માટે એક લાખ ટાકા (બાંગ્લાદેશનું ચલણ)નો દંડ અને એ રકમ ભરવામાં નિષ્ફળ જાય તો વધુ ૧૮ મહિનાની જેલની સજા આપી હતી.

જજ મામુને શેખ હસીનાના પુત્ર સાજિબ વાજેદ અને પુત્રી સાઈમા વાજેદને હાઉસિંગ પ્રોજેક્ટ સંબંધિત તેમની વિરુદ્ધ દાખલ કરવામાં આવેલા કેસને મામલે પાંચ વર્ષની જેલની સજા ફટકારી હતી. બંનેને એક લાખ ટાકા (બાંગ્લાદેશનું ચલણ)નો દંડ અને એ રકમ ભરવામાં નિષ્ફળ જાય તો વધુ એક મહિનાની જેલની સજા આપી હતી. (એજન્સી) ■

# અમેરિકા-રશિયાના ત્રણ અવકાશયાત્રી આંતરરાષ્ટ્રીય અવકાશ મથક માટે રવાના

મોસ્કોઃ અમેરિકન-રશિયન ચાલક દળના ત્રણ સભ્યો ગુરૂવારના રોજ રશિયન સોયુઝ રોકેટમાં આંતરરાષ્ટ્રીય અવકાશ મથક માટે રવાના થયા હતા. નાસાના અવકાશયાત્રી ક્રિસ વિલિયમ્સ અને તેમના બે રશિયન ક્રૂમેટ્સ- સર્ગેઇ મિકાયેવ અને સર્ગેઇ કુડ-સ્વેરચકોવએ રશિયા દ્વારા કઝાકિસ્તાનમાં ભાડે લીધેલા બાયકોનુર પ્રક્ષેપણ કેન્દ્ર પરથી ઉડાન ભરી હતી. આ ત્રણેય અવકાશ મથક પર લગભગ આઠ મહિના વિતાવે તેવી આશા છે. નાસાએ જણાવ્યું કે વિલિયમ્સ એક ભૌતિકશાસ્ત્રી છે, મિકાયેવ મિલિટ્રી પાઇલટ છે અને આ બંનેની પ્રથમ અવકાશ ઉડાન છે.કુડ-સ્વેરચકોવની આ બીજી ઉડાન છે. સોયુઝ એમએસ-૨૮ અવકાશયાન લોન્ચ થયાના લગભગ ત્રણ કલાક પછી સ્ટેશન સાથે ડોક કરવાનું સુનિશ્ચિત થયું હતું. ■

## વિશ્વભરમાંથી

# પાકિસ્તાનનું શસ્ત્ર અને સરંજામનું મોટું શોપિંગ

નવી દિલ્હી : મે મહિનામાં ઓપરેશન સિંદૂર પછી, પાકિસ્તાન દ્વારા વિશ્વભરમાંથી શસ્ત્રોની ખરીદી ચિંતાનો વિષય છે, જ્યારે ચીન તેની વધતી જતી આક્રમકતા વચ્ચે પણ એક કાયમી પડકાર છે, એમ વાઇસ એડમિરલ કે. સ્વામિનાથને જણાવ્યું છે.

પશ્ચિમી નૌકાદળ કમાન્ડના વડા એવા વરિષ્ઠ અધિકારીએ નોંધ્યું હતું કે ચીની નૌકાદળ પહેલાથી જ વિશ્વનું સૌથી મોટું બની ગયું છે અને છેલ્લા દાયકામાં ભારતીય નૌકાદળના કદની કાફલો એણે ઉમેર્યો છે, અને તે પહેલા ક્યારેય ન હોય તેટલો વિસ્તરી રહ્યો છે.

તેઓ બુધવારે બ્રહ્મા રિસર્ચ ફાઉન્ડેશન દ્વારા અહીં આયોજિત સુરક્ષા પરિષદમાં બોલી રહ્યા હતા. વાઈસ એડમિરલ સ્વામિનાથને નોંધ્યું હતું કે પાંચમી અને છઠ્ઠી પેઢીના ફાઇટર વિમાનોના પ્રદર્શન સાથે, ચીની નૌકાદળના ત્રીજા વિમાનવાહક જહાજ ફુજિયાનનું કમિશનિંગ, ચીનના વૈશ્વિક વ્યૂહાત્મક વિસ્તાર અને સંકેતનો એક ભાગ છે.

ચીન, આપણા માટે પણ ચિંતાજનક રીતે, હિંદ મહાસાગર ક્ષેત્રમાં પાંચ-આઠ જહાજો જાળવી રાખવાનું ચાલુ રાખે છે, એમ તેમણે કહ્યું હતું. ■

## પહેલા પાનાનું ચાલુ

### અંતરિક્ષ ક્ષેત્રે

ઝીની ભરપૂર તારીફ મોદીએ કરી હતી.

સ્કાયરેટના પ્રથમ ઓર્બિટલ રોકેટ વિક્રમ-વન પરથી પડદો મોદીએ ઉઠાવ્યો હતો. વિક્રમ-વન ભ્રમણકક્ષામાં ઉપગ્રહ તરતા મૂકવાની ક્ષમતા ધરાવે છે. પોતાના સંબોધનમાં વડા પ્રધાને સરકારના 'ઐતિહાસિક' સ્પેસ સુધારાઓ પર પ્રકાશ પાડ્યો અને કહ્યું કે સ્પેસ સેક્ટરને પ્રાઈવેટ પ્લેયર્સ માટે ઓપન કરવાથી સ્કાયરૂટ અને અન્ય આવા ઈનોવેશન લઈને આવ્યા છે. તેમણે કહ્યું હતું કે આજે ભારતના સ્પેસ ઈકોસિસ્ટમમાં ખાનગી ક્ષેત્રમાં પ્રગતિ થઈ રહી છે. ૩૦૦થી વધુ સ્પેસ સ્ટાર્ટઅપ્સ આ ક્ષેત્રને નવી આશાઓ આપી રહ્યા છે. આજે દેશનું સ્પેસ સેક્ટર વૈશ્વિક રોકાણકારો માટે આકર્ષક બની રહ્યું હતું. ભારતની પ્રાઈવેટ સ્પેસ સેક્ટરની પ્રતિભા વિશ્વભરમાં પોતાની ઓળખ બનાવી રહી હતી.

મોદીએ કહ્યું હતું કે આ યાત્રા મર્યાદિત સંસાધનો સાથે શરૂ થઈ હશે, પરંતુ વિકાસે સાબિત કર્યું છે કે દૃઢ નિશ્ચય સપનાઓને સાકાર કરી શકે છે. આ બદલાતા સમયમાં સ્પેસ સેક્ટર ઝડપથી વિકસી રહ્યું છે, જેમાં કોમ્યુનિકેશન, હવામાન આગાહી, શહેરી આયોજન અને રાષ્ટ્રીય સુરક્ષા જેવા ક્ષેત્રોનો સમાવેશ થાય છે. ■

### સેન્સેક્સ

પૂર્વે ગત ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ સેન્સેક્સ અને નિફ્ટીએ સત્ર દરમિયાન અનુક્રમે ૮૫,૯૭૮.૨૫ની અને ૨૬,૨૭૭.૩૫ની નવી ટોચ દર્શાવી હતી.

જોકે, ઊંચી સપાટીએ પહોંચ્યા બાદ નફારૂપી વેચવાલીનું દબાણ વધતાં સત્રના અંતે સેન્સેક્સ અને નિફ્ટી અનુક્રમે ૦.૧૩ ટકા અથવા તો ૧૧૦.૮૭ પૉઈન્ટ અને ૦.૦૪ ટકા અથવા તો ૧૦.૨૫ પૉઈન્ટ જ વધીને બંધ રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે આ વર્ષમાં અત્યાર સુધીમાં સેન્સેક્સમાં ૯.૭૦ ટકા અથવા તો ૭૫૮૧.૩૭ પૉઈન્ટનો અને નિફ્ટીમાં ૧૦.૮૭ ટકા અથવા તો૨૫૭૦.૭૫ પૉઈન્ટનો ઉછાળો જોવા મળ્યો છે. સેન્સેક્સ ૧૧૦.૮૭ પૉઈન્ટ વધીને ૮૫,૭૨૦.૩૮ની સપાટીએ અને નિફ્ટી ૧૦.૨૫ પૉઈન્ટ વધીને ૨૬,૨૧૫.૫૫ના મથાળે બંધ રહ્યો હતો. ■

### દીપ્તિ શર્મા

કરી હતી અને મામલો ૩ કરોડ રૂપિયાને પાર ગયો હતો, પણ યુપીએ રાઇટ-ટૂ-મૅચ (આરટીએમ)ની સવલતથી તેને છેવટે ૩.૨૦ કરોડ રૂપિયામાં પાછી મેળવી લીધી હતી. ભારતની જ ઑલરાઉન્ડર શિખા પાન્ડેને યુપી વૉરિયર્ઝે ૪૦ લાખ રૂપિયાની મૂળ કિંમત સામે ૨.૪૦ કરોડ રૂપિયામાં હાંસલ કરી હતી. નવાઈની વાત એ છે કે તે ભારત વતી છેલ્લે ૨૦૨૩ની સાલમાં રમી હતી.

ભારતીય સ્પિનર શ્રી ચરની અને સાઉથ આફ્રિકાની વર્લ્ડ કપ સ્ટાર લૉરા વૉલ્વાર્ટને પણ ઊંચા ભાવે મેળવવામાં આવી હતી. શ્રી ચરનીને દિલ્હી કૅપિટલ્સે ૩૦ લાખ રૂપિયાની મૂળ કિંમત સામે ૧.૩૦ કરોડ રૂપિયામાં મેળવી હતી. વૉલ્વાર્ટને દિલ્હી કૅપિટલ્સે ૩૦ લાખ રૂપિયા સામે ૧.૧૦ કરોડ રૂપિયામાં અને મુંબઈ ઇન્ડિયન્સે ન્યૂ ઝીલૅન્ડની ઍમેલી કેરને ૫૦ લાખ રૂપિયાની બેઝ પ્રાઇસ સામે ૩.૦૦ કરોડ રૂપિયામાં તથા ગુજરાત જાયન્ટ્સે ન્યૂ ઝીલૅન્ડની સૉફી ડિવાઇનને ૨.૦૦ કરોડ રૂપિયામાં મેળવી હતી. યુપી વૉરિયર્ઝના ફ્રૅન્ચાઇઝીએ ઑસ્ટ્રેલિયાની મેગ લેનિંગને ૫૦ લાખ રૂપિયાની બેઝ પ્રાઇસ સામે ૧.૯૦ કરોડ રૂપિયામાં મેળવી હતી. ઑક્શનની છેલ્લી ખેલાડીના રૂપમાં આયુષી સોનીને ગુજરાત જાયન્ટ્સે ૩૦ રૂપિયામાં મેળવી હતી.

### આધાર કાર્ડ

જોઈએ? એસઆઇઆર પ્રક્રિયાની બંધારણીય માન્યતાને પડકારતી અરજીઓ પર સુનવણી કરતા ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચી કહ્યું, આધાર કાર્ડ નાગરિકતાનો સંપૂર્ણ પુરાવો નથી. તેથી જ અમે અગાઉ કહ્યું હતું કે આધાર કાર્ડ માન્ય દસ્તાવેજોની યાદીમાંના એક દસ્તાવેજ હશે. જો કોઈનું નામ કાઢી નાખવામાં આવે છે, તો તેને નામ કાઢી નાખવાની નોટિસ આપવી પડશે.

બેન્ચે કહ્યું કે આધાર એ લોકો સુધી સરકારી લાભ પહોંચાડવા માટે કાયદા કરવામાં આવેલી વ્યવસ્થા છે. જો કોઈ વ્યક્તિને રાશન માટે આધાર કાર્ડ આપવામાં આવ્યું હોય, તો શું તેને પણ મતદાર માની શકાય?

પશ્ચિમ બંગાળ અને કેરળ રાજ્યો તરફથી કોર્ટમાં હાજર થયેલા રહેલા વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે આધાર કાર્ડ હોવા છતાં મતદારોને એસઆઇઆરમાંથી બાકાત રાખવાનો મુદ્દો ઉઠાવ્યો. ■

# સોશ્યલ મીડિયાના કન્ટેન્ટ માટે કોઈની જવાબદારી છે કે નહીં?: સુપ્રીમ કોર્ટ

## સ્ટૅન્ડ-અપ કૉમેડિયન સમય રૈના ઍન્ડ કંપનીને દિવ્યાંગો માટે ભંડોળ એકઠું કરવા શો કરવાનો અદાલતનો હુકમ

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે ખામી ધરાવતી અથવા તો વિરલ જૈવિક બીમારી ધરાવતા દિવ્યાંગોની હાંસી ઉડાવતી બદનક્ષીભરી ટિપ્પણી કરનારા સામે કડક હાથે કામ ચલાવી શકાય એવો અનુસૂચિત જાતિ -જનજાતિ જેવો કડક કાયદો ઘડવાનું વિચારવા કેન્દ્ર સરકારને જણાવ્યું હતું. અદાલતે આવા કાયદાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. અનુસૂચિત જાતિ અને જનજાતિ (અત્યાચારો સામે રક્ષણ) ધારો-૧૯૮૯ આવી જાતિના સભ્યો સામે જ્ઞાતીય ટિપ્પણી, ભેદભાવના કૃત્ય, અપમાન અને હિંસાને બિનજામીનપાત્ર ગુનો બનાવે છે.

સોશ્યલ મીડિયા પ્લૅટફૉર્મ પરના કન્ટેન્ટ માટે કોઈની જવાબદારી છે કે નહીં એવા અદાલતના સવાલના જવાબમાં સરકારે કહ્યું હતું કે, સોશ્યલ મીડિયા પરના કન્ટેન્ટ માટે નિયમનકારી માળખું ઘડવાના અંતિમ તબક્કામાં છે માહિતી અને પ્રસારણ મંત્રાલય. લોકપ્રિય સ્ટૅન્ડ-અપ કોમેડિયન અને સોશ્યલ મીડિયા ઇન્ફ્લુએન્સર સમય રૈના 'ઇન્ડિયાઝ ગોટ લેટન્ટ'ને લઈને ચર્ચામાં આવ્યો હતો. જોકે, વલ્ગર ભાષા અને અભદ્ર ટિપ્પણીઓને કારણે તેને આ શો બંધ કરવો પડ્યો હતો. આ શો દરમિયાન સમય રૈનાએ આઇનલ મસ્ક્યુલર ઍટ્રોફી (એસએમએ)થી પીડિત નવજાત બાળકનો ઉલ્લેખ કર્યો હતો અને અસંવેદનશીલ ટિપ્પણી કરી હતી. જેને લઈને સુપ્રીમ કોર્ટમાં અરજી કરવામાં આવી હતી. આ અરજીની સુનાવણી કરતા સુપ્રીમ કોર્ટે મહત્ત્વનો આદેશ આપ્યો છે.

સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચીની બેન્ચે જખઅ ઇન્ડિયા ફાઉન્ડેશનની અરજી પર સુનાવણી કરતા સમય રૈના અને અન્ય ચાર કોમેડિયન - વિપુલ ગોયલ, બલરાજ પરમજીત સિંહ ઘાઈ, સોનાલી ઠક્કર, અને નિશાંત જગદીશ તન્વરને મહિનામાં ઓછામાં ઓછા બે વાર ફંડ ભેગું કરવા માટેના કાર્યક્રમો યોજવાનો આદેશ આપ્યો છે. આ ફંડનો ઉપયોગ દિવ્યાંગો અને સ્પાઇનલ મસ્ક્યુલર એટ્રોફી (જખઅ)થી પીડિત લોકોની સારવાર માટે કરવામાં આવશે.

જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલા બાગચીની બનેલી બેન્ચે કહ્યું હતું કે તમે અનુસૂચિત જાતિ-જનજાતિ જેવો કડક કાયદો શારીરિક રીતે અસમર્થ લોકો માટે કેમ ઘડતા નથી. અનુસૂચિત કાયદામાં એ જાતિના લોકોનું અપમાન કરાય તો સજાની જોગવાઈ છે. (એજન્સી) ■

## વાઈટ હાઉસ પાસે ફાયરિંગ

# અફઘાની શૂટરને અમેરિકાએ જ ટ્રેઈનિંગ આપી હતી

વૉશિંગ્ટનઃ અમેરિકામાં વાઈટ હાઉસની નજીક વેસ્ટ વર્જિનિયાના બે નેશનલ ગાર્ડ મેમ્બર પર ફાયરિંગ કરવામાં આવ્યું હતું અને તેમની હાલત ગંભીર છે. મેયરે આ હિંસક હુમલાને લક્ષ્ય નક્કી કરીને કરવામાં આવેલો હુમલો ગણાવ્યો હતો. એફબીઆઈના ડિરેક્ટર કાશ પટેલ અને વૉશિંગ્ટનના મેયર મુરિયલ બોવસરે પત્રકારોને માહિતી આપી હતી કે ગાર્ડ મેમ્બર ગંભીર હાલતમાં છે. મહિનાઓથી નેશનલ ગાર્ડની રાષ્ટ્રીય રાજધાનીમાં હાજરી વિવાદનો મુદ્દો બની ગયો છે. આ મામલો કોર્ટમાં પણ ગયો છે અને જાહેર રાજકીય ચર્ચામાં એવી બૂમરાણ મચી છે કે ટ્રમ્પ વહીવટીતંત્ર અંકુશબહાર ગુનાની સમસ્યાને ડામવા લશ્કરનો ઉપયોગ કરી રહ્યું છે. પ્રમુખ રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે આ હુમલાને આતંકવાદી હુમલો ગણાવ્યો હતો. ન્યૂઝ એજન્સી એએફપીએ અમેરિકન મીડિયાને ટાંકીને જણાવ્યું હતું કે વાઇટ હાઉસ નજીક બે નેશનલ ગાર્ડ સૈનિકો પર ગોળીબાર કરનાર શંકાસ્પદ વ્યક્તિ એક અફઘાન નાગરિક છે જેણે અગાઉ અફઘાનિસ્તાનમાં અમેરિકન દળો સાથે સેવા આપી હતી. હુમલાખોરની ઓળખ રહેમાનુલ્લાહ લકનવાલ તરીકે થઈ છે, ૨૦૨૧થી અફઘાનિસ્તાન પર શાસન કરી રહેલી તાલિબાન સરકારના સૂત્રોએ ખુલાસો કર્યો છે કે રહમાનુલ્લાહ લકનવાલ ભૂતપૂર્વ અફઘાન રિપબ્લિક (તાલિબાન શાસન પહેલાં) દરમિયાન યુનિટ ૦૧માં સૈનિક તરીકે સેવા આપતો હતો. (એજન્સી) ■

# કોમન વેલ્થ ગેમ્સની યજમાની અમદાવાદને મળતા રોજગારીની તકો વધવાની આશા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ કોમેન વેલ્થ ગેમ્સ-૨૦૩૦ની યજમાની કરી રહ્યું છે ત્યારે આયોજન કરવા માટે અંદાજિત રૂ. ૩૦,૦૦૦ કરોડથી રૂ.૩૫,૦૦૦ કરોડનો તોતિંગ ખર્ચ થવાનો અંદાજ છે. આ ખર્ચ લાંબા ગાળાનું રોકાણ હોવાથી ગુજરાતના અર્થતંત્ર પર સકારાત્મક અસર કરશે. નિષ્ણાતોના કહેવા અનુસાર લગભગ ૩ લાખ જેટલી રોજગારીની તકોનું સર્જન થશે, જેમાં લાંબાગાળાની અને અસંખ્ય ટૂંકાગાળાની રોજગારીનો સમાવેશ થાય છે. કોમનવેલ્થ ગેમ્સની યજમાનીને કારણે રિયલ એસ્ટેટ માર્કેટને મોટો બૂસ્ટર ડોઝ મળવાની પ્રબળ આશા છે. રિયલ એસ્ટેટના જાણકારોનું માનવું છે કે, ચાંદખેડા, મોટેરા, ઝુંડાલ, વૈષ્ણોદેવી સર્કલ અને સરગાસણ સહિતના વિસ્તારોમાં ૧૫% થી ૨૦% સુધીનો ભાવ વધારો જોવા મળી શકે છે.આ ઉપરાંત અમદાવાદની આસપાસના ૭૭ કિલોમીટરના વિસ્તારમાં ભાવો ઊંચા જઈ શકે છે અને યોગ્ય રોકાણકારોને ૩૫% થી વધુનું રિટર્ન પણ મળી શકે છે. આ વિકાસને ધ્યાનમાં રાખીને અફોર્ડેબલ હાઉસિંગ અને ઓપન લેન્ડમાં પણ મોટું ડેવલપમેન્ટ થશે, તેમ જાણકારો જણાવે છે. કોમનવેલ્થ ગેમ્સના આયોજનથી હોટલ, ટુરિઝમ અને એરલાઇન ક્ષેત્રને જબરદસ્ત વેગ મળશે. આંતરરાષ્ટ્રીય મહેમાનોને આવકારવા માટે અમદાવાદ અને ગાંધીનગરમાં આગામી પાંચ વર્ષમાં વર્તમાન ૫,૪૨૦ રૂમની ક્ષમતામાં ૩,૦૦૦ જેટલા નવા રૂમ ઉમેરવાનું આયોજન છે, જેમાં ૧,૫૦૦ રૂમ ફાઇવ-સ્ટાર કેટેગરીના હશે.

જ્યારે આંતરરાષ્ટ્રીય ઇવેન્ટને કારણે ગુજરાતનું પ્રવાસન વિશ્વ ફલક પર ચમકશે. હાલમાં જે ૨૦% થી ૩૦% આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ ગુજરાત આવે છે, તે સંખ્યા ૨૦૩૦ પછી વધીને ૫૦% સુધી પહોંચી શકે છે. સરકાર દ્વારા હોટલ ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે દિલ્હીની જેમ લક્ઝુરિયસ ટેક્સ અને અન્ય ટેક્સમાં માફી આપતી નવી ટુરિઝમ પોલિસી લાવવાની નિષ્ણાતો માગ કરી રહ્યા છે.

આ સાથે મેટ્રોના રૂટને લંબાવીને ગાંધીનગર સુધી પહોંચાડવામાં આવ્યો છે અને વધુ વિસ્તરણની તૈયારીઓ છે. રોડ વાઇડનિંગનું કામ પણ યુદ્ધના ધોરણે શરૂ થશે. કોમનવેલ્થના સમય સુધીમાં અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન અને ધોલેરાનું એરપોર્ટ શરૂ થઈ ગયું હોવાની પૂર્ણ શક્યતા છે, જેનાથી ટ્રાન્સપોર્ટેશનને વેગ મળશે.

# ગુજરાતના માર્ગોની ગુણવત્તા નહીં સુધરે તો કડક કાર્યવાહીઃ નીતિન ગડકરીનો કડક નિર્દેશ

### અમદાવાદ-મુંબઈ, રાજકોટ-જેતપુર સહિતના હાઈવેનું કામ ઝડપી કરવા સીએમની રજૂઆત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્રીય માર્ગ પરિવહન પ્રધાન નીતિન ગડકરી અને ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે નેશનલ હાઇવે ઓથોરિટીના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય રાષ્ટ્રીય ધોરીમાર્ગોના બાંધકામ અને રિસર્ફેસિંગમાં ઉચ્ચ ગુણવત્તા, સમયમર્યાદાનું પાલન અને નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો હતો.

નીતિન ગડકરીએ એનએચએઆઈના અધિકારીઓ અને ઇજારદારોને સ્પષ્ટ ચેતવણી આપી હતી કે, ગુણવત્તા સાથે કોઈ સમાધાન ચલાવી લેવામાં આવશે નહીં, અન્યથા કડક કાર્યવાહી માટે તૈયાર રહેવું પડશે. નિર્ધારિત સમયમર્યાદામાં તમામ કામો પૂર્ણ કરવા કડક નિર્દેશ અપાયો હતો. નાગરિકોની સુવિધા અને સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા માટે તંત્રને સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યો હતો. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે કેન્દ્રીય પ્રધાનને વિનંતી કરી કે ગુજરાતના નેશનલ હાઇવે પર રાજ્યનું ૩૫ ટકાથી વધુ ભારણ રહેતું હોવાથી તેમની યોગ્ય મરામત અને વિસ્તૃતિકરણના કામો એનએચએઆઈ દ્વારા કરવામાં આવે. મુખ્ય પ્રધાને ખાસ કરીને અમદાવાદ-મુંબઈ, રાજકોટ-ગોંડલ-જેતપુર અને અમદાવાદ-ઉદેપુર માર્ગોના પ્રગતિ હેઠળના કામો ઝડપથી પૂર્ણ કરવા રજૂઆત કરી હતી. કેન્દ્રીય માર્ગ પરિવહન પ્રધાને ગુજરાતમાં એનએચએઆઈ હેઠળના હાઇવે સહિતના અન્ય પ્રોજેક્ટ્સ માટે કેન્દ્ર સરકાર તરફથી રૂ. ૨૦ હજાર કરોડ મંજૂર કરવાની ખાતરી આપી હતી.

નેશનલ હાઈવે આથોરિટી ઓફ ઇન્ડિયા દ્વારા ગુજરાતમાં નેશનલ હાઇવે પ્રોજેક્ટ અંતર્ગત અત્યાર સુધી થયેલી કામગીરી અને આગામી સમયમાં એનએચએઆઈ અને મીનીસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવેઝ દ્વારા હાથ ધરાનારા વિવિધ પ્રોજેક્ટ્સ અંગે પણ આ બેઠકમાં પ્રેઝન્ટેશન કરવામાં આવ્યુ હતું.

ગુજરાતમાં આવેલા વિવિધ નેશનલ હાઈવેની વર્તમાન સ્થિતિ, રોડના કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવાના હતા, હાલમાં બાકીના કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે જેવા વિષયો પર ગહન ચર્ચા કરવામાં આવી હતી.

# બુલેટ ટ્રેનનાં સ્ટેશનોની આસપાસના વિસ્તારોના વિકાસ માટે ગુજરાત સરકારે ઓથોરિટી બનાવી

અમદાવાદઃ ભારતની પહેલી બુલેટ ટ્રેન અમદાવાદ-મુંબઈ વચ્ચે દોડશે, જેના માટેના કોરિડોરનું બાંધકામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. પેહલા તબક્કા હેઠળ સુરત અને વાપી વચ્ચે ૧૦૦ કિલોમીટરના રૂટ ઓગસ્ટ ૨૦૨૭ બુલેટ ટ્રેન સર્વિસ શરૂ કરવાનું આયોજન છે, એવામાં ગુજરાત સરકારે મહત્ત્વની જાહેરાત કરી છે, બુલેટ ટ્રેન કોરિડોરના સ્ટેશનોની આસપાસના વિસ્તારના વિકાસ માટે એક અલગ ઓથોરિટીની રચના કરવામાં આવી છે. મુંબઈ-અમદાવાદ હાઈ સ્પીડ રેલ કોરિડોર હેઠળ ગુજરાતમાં સાબરમતી, અમદાવાદ, નડિયાદ, વડોદરા, ભરૂચ, સુરત, બીલીમોરા અને વાપી એમ આઠ સ્ટેશનો બનાવવામાં આવી રહ્યા છે. આ સ્ટેશનોની આસપાસના વિસ્તારના વિકાસ માટે રાજ્ય સરકારે ગુજરાત હાઈ સ્પીડ રેલ સ્ટેશન એરિયા પ્લાનિંગ ઓથોરિટીની રચના કરી છે. રાજ્ય સરકારના અધિકારીઓના જણાવ્યા મુજબ ગુજરાત હાઈ સ્પીડ રેલ સ્ટેશન એરિયા પ્લાનિંગ ઓથોરિટી તમામ આઠ સ્ટેશનોની આસપાસની જમીનના ઉપયોગ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે યોજના બનાવશે. જેથી સ્ટેશન સુધી પહોંચવા મુસાફરોને સરળતા રહે અને સ્ટેશનની આસપાસ જ જરૂરી સુવિધાઓ મળી રહે.

# પંચમહાલના વાઘજીપુરમાં રોડ પરનાં ૨૦૦ ગેરકાયદે દબાણો પર બુલડોઝર ફર્યું

અમદાવાદઃ પંચમહાલના વાઘજીપુરમાં ૨૦૦ ગેરકાયદે દબાણો પર બુલડોઝર કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. શહેરા તાલુકાના વાઘજીપુર ગામે માર્ગ અને મકાન વિભાગ દ્વારા રોડની જમીન પર કરાયેલા ગેરકાયદે દબાણો સામે આજે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. એમજીવીસીએલ અને રેવન્યુ વિભાગની ટીમને સાથે રાખીને માર્ગની બંને બાજુએ કરાયેલાં કાચાં-પાકાં દબાણોને દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. માર્ગ અને મકાન વિભાગ દ્વારા અગાઉ આશરે ૨૦૦ જેટલા દબાણકર્તાઓને નોટિસ આપવામાં આવી હતી. નોટિસ મળ્યા બાદ કેટલાક દબાણકર્તાઓએ સ્વૈચ્છિક રીતે પોતાના દબાણો દૂર કર્યા હતા, પરંતુ બાકીનાં દબાણો દૂર કરવા માટે તંત્રએ સખત કાર્યવાહી કરી હતી. દબાણકર્તાઓ દ્વારા રોડ પર કરાયેલા મકાન, દુકાન તેમજ લારી-ગલ્લા જેવા તમામ કાચાં-પાકાં દબાણોને જેસીબી મશીનની મદદથી તોડી પાડવામાં આવ્યા હતા. દબાણ દૂર કરવાની કામગીરી દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ૨ પીઆઈ અને ૨ પીએસઆઈ સહિતનો મોટો પોલીસ કાફલો સ્થળ પર તૈનાત કરી દેવામાં આવ્યો હતો.

# ગિફ્ટ સિટીમાં ક્યાંય એસી નહીં હોય, ચિલ્ડ વોટરથી ઠંડક માટે બનશે ખાસ ટનલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીનગરમાં બનેલા ગિફ્ટ સિટીની ઘણી અવનવી ખાસિયતો બહાર આવી રહી છે.

જ્યાં વિશ્વની મોટી મોટી કોર્પોરેટ ઓફિસો બની રહી છે ત્યા કૃત્રિમ નહીં, પરંતુ કુદરતી રીતે ઠંડક અનુભવાશે.

એક અહેવાલ મુજબ ગિફ્ટ સિટીમાં ક્યાંય એસી નહીં હોય, પરંતુ એસી જેવી ઠંડક મળી રહે તે માટે ચિલ્ડ વોટરથી ઠંડક માટે ખાસ ટનલ બનાવવામાં આવી છે.

ગિફ્ટ સિટીના સેન્ટરમાં તેનું સિટી કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર (સી૪) આવેલું છે. ત્રીજા માળે લેટેસ્ટ ટેકનોલોજી-સંચાલિત કંટ્રોલ રૂમ છે, જે ત્રણ વિશાળ ડિસ્પ્લે વોલથી સજ્જ છે દરેક વોલમાં બહુવિધ લાઇવ ડેટા સ્ક્રીન છે. રોડની અવરજવર અને ટ્રાફિકના પ્રવાહથી લઈને બિલ્ડિંગના લિફ્ટ્સ, ફાયર સેન્સર, પાણી પુરવઠો, ગંદા પાણીનો નિકાલ, સેન્ટ્રલ કૂલિંગ સિસ્ટમ, યુટિલિટી ટનલ, સ્ટ્રીટલાઇટ્સ અને પાવર સિસ્ટમ્સ સુધી, દરેક મહત્ત્વપૂર્ણ શહેરી કાર્ય ઓપરેટરોના આંગળીના ટેરવે થાય છે.

આ સમગ્ર શહેરને આ કેન્દ્રમાંથી, દિવસના ૨૪ કલાક, નિરીક્ષણ કરી શકાય છે, મોનિટર કરી શકાય છે અને દૂરથી સંચાલિત પણ કરી શકાય છે. ગિફ્ટ સિટીમાં એર કન્ડીશનિંગ યુનિટ્સ પર પ્રતિબંધ છે. તેના બદલે, કેન્દ્રીકૃત ડિસ્ટ્રિક્ટ કૂલિંગ સિસ્ટમ (ડીસીએસ) કૂલિંગ એઝ એ સર્વિસ આપવામાં આવી રહી છે, જે ઇમારતોને પાંચ ડિગ્રી સેલ્સિયસ પર ઠંડું પાણી પૂરું પાડે છે.

આ પદ્ધતિ બાહ્ય એસી યુનિટ્સ અથવા ચિલર પ્લાન્ટ્સની જરૂરિયાતને દૂર કરે છે, અને પરંપરાગત એસી કરતાં આશરે ૩૦% વધુ કાર્યક્ષમ હોવાનો અંદાજ છે. વપરાશકર્તાઓને કૂલિંગ માટે માસિક બિલ મળે છે અને તેઓ ડીસીએસને અરજી કરી તેમની ટનેજ જરૂરિયાતને સમાયોજિત કરી શકે છે.

# ગુજરાત વિશ્વકોશ ૪૦ વર્ષની સફરની ઉજવણી 'વિશ્વસંસ્કૃતિ પર્વ' મહોત્સવ દ્વારા કરશે

અમદાવાદઃ ગુજરાતી ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિના સંવર્ધન માટે છેલ્લા ૪૦ વર્ષથી કાર્યરત ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ પોતાની ચાર દાયકાની સફરની ઉજવણી 'વિશ્વસંસ્કૃતિ પર્વ' મહોત્સવ દ્વારા કરવા જઈ રહ્યું છે. આ સંસ્થાને વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ 'ગુજરાતની સાંસ્કૃતિક દોરી' કહીને બિરદાવી હતી. વિશ્વકોશના વડા અને પદ્મશ્રી કુમારપાળ દેસાઈએ જણાવ્યું હતું કે, આ મહોત્સવનું આયોજન ૩૦મી નવેમ્બરથી ૬ ડિસેમ્બર દરમિયાન કરવામાં આવશે, જેમાં ભાષા, સાહિત્ય, સંસ્કૃતિ અને કલાને લગતા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. આ 'વિશ્વસંસ્કૃતિ પર્વ' મહોત્સવમાં હિન્દી-મરાઠી ફિલ્મના અભિનેતા અમોલ પાલેકર, વરિષ્ઠ સાહિત્યકાર અશોક વાજપેયી, પટકથાલેખક અભિજાત જોશી સહિતના જાણીતા કલાકાર અને સાહિત્યકારો વિશેષ ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે લોકભારતી યુનિવર્સિટીના ચાન્સેલર અરૂણ દવેને 'શ્રી ચીનુભાઈ આર. શાહ જીવનશિલ્પી એવોર્ડ' એનાયત કરવામાં આવશે.કુમારપાળ દેસાઈએ જણાવ્યું હતું કે, વિશ્વકોશ દ્વારા ૧૮૦થી વધુ વિષયો પરનું ૨૪,૦૦૦થી વધુ લખાણો ધરાવતું જ્ઞાન આજે ઓનલાઈન ઉપલબ્ધ છે.

# ગુજરાતમાં વાઘની વાપસીઃ રતનમહાલમાં કાયમી વસવાટની એનટીસીએને સત્તાવાર જાણ કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત રાજ્યના વન્યજીવ સંરક્ષણ ક્ષેત્રે એક અતિ મહત્ત્વનો અને ઐતિહાસિક વિકાસ નોંધાયો છે. ગુજરાતના વન વિભાગે નેશનલ ટાઇગર કન્ઝર્વેશન ઓથોરિટીને સત્તાવાર રીતે જાણ કરી છે કે મધ્ય પ્રદેશમાંથી રતનમહાલ અભયારણ્યમાં પ્રવેશેલા એક વાઘે છેલ્લા નવ મહિનાથી આ વિસ્તારમાં કાયમી વસવાટ સ્થાપિત કર્યો છે. બે દાયકા પહેલાં રાજ્યમાંથી વાઘની પ્રજાતિને સત્તાવાર રીતે લુપ્ત જાહેર કરવામાં આવી હતી, ત્યારે આ ઘટનાથી ગુજરાતમાં વાઘની વાપસીની આશાને પુનર્જીવિત કરી છે. આ સાથે જ, ગુજરાત હવે સિંહ અને દીપડાની સાથે વાઘને પણ આશ્રય આપતું ભારતનું એક માત્ર રાજ્ય બન્યું છે, જ્યાં ત્રણેય મુખ્ય મોટી બિલાડીઓની પ્રજાતિઓ હાજર છે. વન વિભાગે એનટીસીએને લખેલા પત્રમાં વાઘના સફળ અનુકૂલનની વિગતો આપી છે. અધિકારીઓએ વાઘ દ્વારા બે સફળ શિકારની પુષ્ટિ કરી છે અને તેના આહારની જરૂરિયાત પૂરી કરવા માટે ચીતલ અને સાંભર જેવા શિકારની પ્રજાતિઓ દાખલ કરવા સહિતના લાંબા ગાળાના સંરક્ષણ માટેના પગલાં અમલમાં મૂક્યા છે. ગુજરાત સરકારે એનટીસીએને રતનમહાલને ટાઇગર રિઝર્વ તરીકે જાહેર કરવા માટે વિનંતી કરી છે. આ જાહેરાત વાઘ અને તેના નિવાસસ્થાનના રક્ષણ માટે વ્યાપક કાનૂની અને વહીવટી માળખું પ્રદાન કરશે. વધુમાં, લાંબા ગાળાની સંરક્ષણ યોજનાઓના ભાગરૂપે, અધિકારીઓએ અભયારણ્યમાં સંવર્ધન જોડીની સ્થાપના કરવા માટે માદા વાઘને પણ લાવવાનો ઉદેશ્ય જાહેર કર્યો છે. જોકે, અધિકારીઓએ સ્પષ્ટતા કરી છે કે રતનમહાલને ટાઇગર અભયારણ્ય તરીકે જાહેર કરવામાં સમય લાગશે, કારણ કે તેના માટે ઓછામાં ઓછા આઠ વાઘની સ્થિર વસ્તી જરૂરી છે.

# ગુજરાતમાં ઠંડી-ગરમી બંને સાથેઃ નલિયામાં ૧૧.૬, રાજકોટમાં ૩૨.૯

અમદાવાદઃ ગુજરાતમાં છેલ્લા દિવસોમાં ઠંડીની અસર પ્રમાણમાં ઘટતી જતી નોંધાઈ હતી, રાજ્યમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન હવામાનમાં મિશ્ર વાતાવરણ જોવા મળ્યું હતું. દિવસના મહત્તમ તાપમાનમાં ગરમીનો અનુભવાઇ રહી છે, જ્યારે વહેલી સવાર અને રાત્રિના ન્યૂનતમ તાપમાનમાં ઠંડી નોંધાઈ હતી. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના મુખ્ય શહેરોના તાપમાનના આંકડા જોઈએ તો, અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૦.૯ ડિગ્રી સેલ્સિયસ અને ન્યૂનતમ તાપમાન ૨૦.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. વડોદરામાં મહત્તમ ૩૨.૮ ડિગ્રી સેલ્સિયસ અને ન્યૂનતમ ૨૦.૮ ડિગ્રી સેલ્સિયસ, જ્યારે સુરતમાં મહત્તમ ૩૨.૨ ડિગ્રી સેલ્સિયસ અને ન્યૂનતમ ૨૧.૦ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. ઠંડીના મોરચે, કચ્છ અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો. નલિયા રાજ્યનું સૌથી ઠંડું સ્થળ રહ્યું હતું, જ્યાં ન્યૂનતમ તાપમાન ૧૧.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આ ઉપરાંત, ગાંધીનગરમાં ૧૪.૫ ડિગ્રી સેલ્સિયસ, અમરેલી અને પોરબંદરમાં ૧૬.૦ ડિગ્રી સેલ્સિયસ, અને જામનગરમાં ૧૬.૩ ડિગ્રી સેલ્સિયસ જેટલું નીચું તાપમાન રહ્યું હતું.

# સુરતમાં ગેરકાયદે વસવાટની આડમાં ડ્રગ્સનું વેચાણ થતું હોવાનો ધારાસભ્યનો આરોપઃ કાર્યવાહીની માગ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના વરાછા વિસ્તારના ધારાસભ્ય કિશોર કાનાણીએ સુરત મહાનગરપાલિકાના કમિશનરને લખેલો પત્ર ચર્ચાનું કેન્દ્ર બન્યો હતો, જેમાં તેમણે શહેરના મુખ્ય વિસ્તારો અને ઓવરબ્રિજની નીચે થયેલા ગેરકાયદે દબાણ અને ત્યાં ચાલતી અસામાજિક પ્રવૃત્તિઓ અંગે તાત્કાલિક કાર્યવાહી કરવાની માગણી કરી હતી.

ધારાસભ્યએ પત્રમાં જણાવ્યું હતું કે, સૂર્યપુર ગરનાળાથી સરથાણા જકાતનાકા સુધીના ઓવરબ્રિજ નીચે તેમ જ વલ્લભાચાર્ય રોડ પરના ડિવાઈડરની વચ્ચે મોટા પાયે લોકોએ ગેરકાયદે વસવાટ કર્યો છે. આ વિસ્તારોમાં જેસીબી, ટ્રક, અને ટેમ્પા જેવાં મોટાં વાહનોનું પાર્કિંગ પણ થાય છે. તેમણે કહ્યું હતું કે આ દબાણની આડમાં અફીણ, ગાંજો અને ડ્રગ્સ જેવા ગેરકાયદેસર નશીલા પદાર્થોનું મોટા પ્રમાણમાં વેચાણ અને સેવન થાય છે, જેને કારણે વિસ્તારમાં પારાવાર ગંદકી પણ ફેલાય છે. આ ગંભીર સમસ્યા અંગે અગાઉ પણ અનેકવાર લોકો અને સામાજિક સંસ્થાઓ દ્વારા રજૂઆતો કરવામાં આવી છે, તેમ છતાં આ બાબતે કોઈ ગંભીરતાપૂર્વક કામગીરી કરીને પ્રશ્નનો કાયમી ધોરણે હલ કરવામાં આવતો નથી, જે એક ચિંતાનો વિષય છે.

તેમણે સુરત મનપા અને પોલીસ વિભાગ દ્વારા સંયુક્ત રીતે સંકલન કરીને આ ગેરકાયદે દબાણ અને ગેરકાયદેસર ધંધાના પ્રશ્નનો કાયમી ધોરણે કેટલા દિવસમાં ઉકેલ લાવવામાં આવશે તે અંગે લેખિતમાં જવાબ માગ્યો હતો.

# સંસ્કૃત ભાષાને વ્યાપક બનાવવા ગીતા જયંતીએ ૩૪ જિલ્લાઓમાં વિશેષ કાર્યક્રમોનું આયોજન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં પ્રાચીન ભાષા સંસ્કૃતના વ્યાપક પ્રચાર-પ્રસાર અને પ્રોત્સાહન માટે ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા એક મહત્ત્વપૂર્ણ પહેલ 'યોજના પંચકમ'ની શરૂઆત કરવામાં આવી છે.આ યોજના પંચકમ અંતર્ગત, આગામી ૧ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ ગીતા જયંતિના દિવસે રાજ્યની જિલ્લા કક્ષાએ ૩૪ સ્થળોએ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. આ કાર્યક્રમોમાં શ્રીમદ્ ભગવદ ગીતા યોજના અને શત સુભાષિત કંઠપાઠ યોજનાના પ્રતિભાગીઓને સન્માનિત કરવામાં આવશે અને તેમને પ્રમાણપત્રોનું વિતરણ કરાશે. આ ઉપરાંત, આ કાર્યક્રમોમાં શ્રીમદ્ ભગવદ ગીતાના અધ્યાય ૧૨ અને ૧૫નું સામૂહિક પારાયણ, લોકો માટે સંસ્કૃત પ્રદર્શની અને ભગવદ ગીતા પર વ્યાખ્યાન સહિતના વિવિધ કાર્યક્રમો યોજાશે.આગામી સમયમાં રાજ્ય કક્ષાના કાર્યક્રમ માટે યુનિવર્સિટી કક્ષાએ 'સંપૂર્ણ ગીતા કંઠપાઠ યોજના'ની સમીક્ષા પણ હાથ ધરવામાં આવશે.

# છોટાઉદેપુરમાં માતાએ આઠ માસની દીકરીને મોતને ઘાટ ઉતારી પોતે આપઘાત કરી લીધો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકાના પીપળસટ ગામે એક અત્યંત કરુણ અને હૃદયદ્રાવક ઘટના સામે આવી હતી, જેમાં એક મહિલાએ પોતાની આઠ માસની માસૂમ દીકરીને મોતને ઘાટ ઉતાર્યા બાદ પોતે પણ આત્મહત્યા કરી લીધી હતી. આ કરુણ બનાવ બુધવારના રોજ સવારે બન્યો હોવાનું જાણવા મળ્યું હતું. આ બનાવને પગલે સમગ્ર ગામમાં શોક અને સનસનાટી ફેલાઈ જવા પામી હતી.

મળતી વિગતો અનુસાર, પીપળસટ ગામની સંગીતા બહેન નામની મહિલાએ બુધવારે સવારે પોતાના પતિ ગિરીશભાઈને દૂધ અને બિસ્કિટ લેવા માટે બજારમાં મોકલ્યા હતા. પતિ ઘરની બહાર ગયા તે દરમિયાન મહિલાએ પોતાની આઠ માસની દીકરીને પાણીની હોજમાં ડૂબાડીને કે અન્ય કોઈ રીતે મોતને ઘાટ ઉતારી દીધી હતી. બાળકીનું મોત નિપજાવ્યા બાદ મહિલાએ ગમગીનીમાં ઘરની નજીક આવેલા લીમડાના ઝાડની ડાળી પર દોરડા વડે ગળેફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.

# બાવળા-બગોદરા હાઈવે પર અકસ્માતમાં ચારનાં જીવ ગયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ નજીક આવેલા બાવળા-બગોદરા હાઈ વે પર રામનગર નજીક પિક અપ વેન અને ટ્રક વચ્ચેના અકસ્માતમાં ચાર જણનાં મોત નિપજ્યાં હતાં જ્યારે બેને ઈજા થઈ હતી. ગુરુવારે સવારે કેટરિંગ સર્વિસની એક પિકઅપ વેન રોડ પર ઊભેલી ટ્રકમાં ઘુસી જતા આ અકસ્માત સર્જાયો હતો. ચાર મૃતકમાં રાજસ્થાન ડુંગરપુરના રહેવાસી અજય કટારા, પ્રકાશ કટારા, શૈલેષભાઈ અને નરોડા અમદાવાદના રહેવાસી જ્યોત્સનાબેન રાઠોડનો સમાવેશ થાય છે.

નરોડાથી કેટરિંગ સ્ટાફ લઈ પિક અપ વેન બગોદરા નજીક લગ્નપ્રસંગે જઇ રહી હતી ત્યારે બાવળા નજીક આ ઘટના ઘટી હતી, જેમાં બે જણનાં ઘટનાસ્થળે મોત નિપજ્યાં હતાં અને બે ગંભીર રીતે ઘાયલ થતાં તેને હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં બે જણના મોત નિપજ્યા હતા. બાવળા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# વડોદરાના જાહેર બગીચાઓમાં રજિસ્ટ્રેશનનના નિયમથી નાગરિકો નારાજઃ કોંગ્રેસે વિરોધ નોંધાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરામાં જાહેર બગીચાઓમાં આવતા તમામ મુલાકાતીઓને પોતાની માહિતી આપી, રજિસ્ટ્રેશન કરાવ્યા બાદ પ્રવેશ આપવાની મહાનગરપાલિકાના નિયમને નાગરિકોએ વખોડી કાઢ્યો છે. બુધવારથી અહીંના ચાર જાણીતા બગીચા કમાટીબાગ, હરણી બાગ, ગોત્રી બાગ અને લાલબાગમાં આ રજિસ્ટ્રેશનનો નિયમ લાગુ પાડવામાં આવ્યો હતો.

અમુક અમસામાજિક તત્ત્વો દ્વારા કમાટીબાગમાં રંજાડવાના કિસ્સા બહાર આવ્યા બાદ મનપાએ આ નવો નિયમ લાગુ પાડ્યો હતો, પરંતુ નાગરિકોએ નારાજગી વ્યક્ત કરી હતી.

અધિકારીઓના જણાવ્યા અનુસાર આમ કરવાથી મુલાકાતીઓની સુરક્ષા વધશે. પાલિકાના આ નિર્ણયને બહુ ઓછા મુલાકાતીઓએ આવકાર્યો છે જ્યારે મોટાભાગનો વર્ગ નારાજ છે. ઘણા લોકોએ એવી ફરિયાદ કરી છે કે માત્ર નામ અને નંબર લખવાથી સુરક્ષા કઈ રીતે વધી જશે તો અમુકનું એમ પણ કહેવાનું છે કે અમારા મોબઈલ નંબરનો ગેરઉપયોગ નહીં થાય તેની જવાબદારી કોણ લેશે.

મુલાકાતીઓ મુલાકાતીઓની માત્ર માહિતી લેવામાં આવે છે, પરંતુ તેમની આઈડેન્ટીટી કાર્ડ વગેરેનું કોઈ ચેકિંગ કરવામાં આવતું નથી, તેમ પણ લોકો કહી રહ્યા છે.

અહીં રોજ કસરત અથવા દોડવા માટે આવતા મુલાકાતીઓ સવાર સવારમાં દસ મિનિટ લાઈનમાં ઊભી રજિસ્ટ્રેશન કરવામાં બગડી જવાથી નારાજ છે. જાહેર બગીચાઓમાં પેટ્રોલિંગ થવું જોઈએ, સીસીટીવી કેમેરા ગોઠવવા જોઈએ, આ રીતે નાગરિકોને પરેશાન કરી શકાય નહીં, તેમ તેઓ જણાવી રહ્યા છે.

દરમિયાન કોંગ્રેસનાં નેતા અમી રાવત સહિતનું ડેલિગેશન પાલિકાની કચેરીમાં વિરોધ નોંધાવવા ગયું હતુ. તેમણે આ નિર્ણયને મુર્ખામીભર્યો ગણાવ્યો હતો. તેમના કહેવા અનુસાર શહેરમાં ગુનાખોરી વધતી જાય છે, તેને ડામવાને બદલે મોર્નિંગ વોક કરવા આવતા નાગરિકોથી માંડી સિનિયર સિટિઝન્સ અને પ્રવાસીઓને રંજાડવામાં આવી રહ્યા છે.

જોકે પાલિકાના સૂત્રોએ આ નિર્ણયને યોગ્ય ગણાવ્યો હતો અને બગીચામાં આવતા લોકોની સલામતી માટે લેવામાં આવ્યો હોવાનું જણાવ્યું હતું.

# ચિંતન શિબિર માટે ભૂપેન્દ્ર પટેલ અને આખું પ્રધાનમંડળ વંદે ભારત ટ્રેનમાં ધરમપુર પહોંચ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વલસાડ જિલ્લાના ધરમપુર નજીક શ્રીમદ રાજચંદ્ર આશ્રમ ખાતે આયોજિત ત્રિદિવસીય ચિંતન શિબિર માટે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય પ્રધાનમંડળના સભ્યો તેમ જ ઉચ્ચ અધિકારીઓએ વહેલી સવારે અમદાવાદ રેલવે સ્ટેશન ખાતેથી વંદે ભારત સુપરફાસ્ટ ટ્રેનમાં સામૂહિક પ્રવાસરૂપે પ્રસ્થાન કર્યું હતું. ગુજરાત સરકારે વર્ષ ૨૦૦૩થી ચિંતન શિબિરની શરૂઆત કરી હતી. રાજ્ય સરકારે આ પરંપરાને આગળ ધપાવતા પ્રશાસનિક સમયાનુરૂપ ટેકનોલોજી અને પારદર્શકતા સાથે સંવેદનશીલતાની નવી દિશા આપવા આ વર્ષે 'સામૂહિક ચિંતનથી સામૂહિક વિકાસ તરફ'ની થીમ સાથે ચિંતન શિબિરની ૧૨મી કડીનું આયોજન કર્યું હતું. આ શિબિરમાં સહભાગી થવા મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ સહિત પ્રધાન મંડળના સભ્યો તેમ જ મુખ્ય સચિવ મનોજ કુમાર દાસ સહિત રાજ્ય સરકારના વરિષ્ઠ સચિવો તથા અન્ય ઉચ્ચ અધિકારીઓ-સૌ કોઈ પોતાના સરકારી વાહનને બદલે ભારતીય રેલ સેવાની 'વંદે ભારત' સુપરફાસ્ટ ટ્રેનમાં વલસાડ પહોંચ્યા હતા. ત્યાંથી રોડ માર્ગે ધરમપુર પહોંચ્યા હતા. આ ૧૨મી ચિંતન શિબિરમાં મુખ્ય પ્રધાન સહિત પ્રધાનો અને ૨૪૧ ઉચ્ચ સનદી અધિકારીઓ જોડાયા હતા.

# ઉદ્ધવ-રાજ ફરી મળ્યા

મુંબઈ: શિવસેના (યુબીટી) ના વડા ઉદ્ધવ ઠાકરે ગુરુવારે મુંબઈમાં મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે) ના પ્રમુખ રાજ ઠાકરેને મળ્યા હતા અને બંને નેતાઓએ આગામી મ્યુનિસિપલ કોર્પોરેશન ચૂંટણી માટે બેઠકોની વહેંચણી અંગે ચર્ચા કરી હોવાનું માનવામાં આવે છે.

ઉદ્ધવે મધ્ય મુંબઈના દાદરમાં રાજના નિવાસસ્થાન 'શિવતીર્થ'ની મુલાકાત લીધી હતી. તેમના પક્ષો વચ્ચે સમાધાન અને સંભવિત જોડાણના સંકેતો વચ્ચે હાલ રાજકીય રીતે અલગ થયેલા પિતરાઈ ભાઈઓ વચ્ચે ઘણી મુલાકાતો થઈ છે.

શિવસેના (યુબીટી) અને એમએનએસ એ હજુ સુધી ઔપચારિક રીતે ગઠબંધનની જાહેરાત કરી નથી. પરંતુ ઠાકરે ભાઈઓએ સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ, ખાસ કરીને જ્યાં બંને પક્ષોનો પ્રભાવ એવી મહત્વપૂર્ણ બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી) અને મુંબઈ મેટ્રોપોલિટન રિજન, પુણે અને નાસિકમાં અન્ય નાગરિક સંસ્થાઓ માટે નજીકના સમયમાં જોડાણના સંકેતો આપ્યા છે.

## સંસ્થા સમાચાર

### વડોદરામાં પૂ. ધીરગુરુદેવ અનુગ્રહિત ઉપાશ્રય નિર્માણમાં ટુવાવાલાનું ૧ કરોડનું દાન

30 નવે, રવિવારે ઇન્દ્રપૂરી સંઘમાં નૂતન ઉપાશ્રય શિલારોપણ વિધિ



શ્રી ઇન્દ્રપૂરી સ્થાનકવાસી જૈન સંઘ-વડોદરાના ઉપક્રમે શતાધિક ઉપાશ્રય નિર્માણ પ્રણેતા પૂ. શ્રી ધીરગુરુદેવના શાલીન સાંનિધ્યે તા. ૩૦-૧૧-૨૫ને રવિવારે સવારે ૯.૩૦ કલાકે શ્રી ઉમેદભાઇ ફીફાદરાના પ્રમુખ સ્થાને જશવંતલાલ ગિરધરલાલ શાહ ટુવાવાલા નૂતની ઉપાશ્રયની શિલારોપણ વિધિ ઝાલક ભવન, આજવા રોડ ખાતે યોજાયેલ છે. સંઘ પ્રમુખ ડો. નીરજ પરીખના જણાવ્યાનુસાર ચંપાબેન ટુવાવાલા ઉપાશ્રય નાનો પડતો હોવાથી ૪૦૦ વાર જગ્યામાં ઉપાશ્રય, આયંબિલ ભવન, વિવિધલક્ષી હોલ, વૈયાવચ્ચ ભવનનુ નિર્માણ કરાશે. જેમાં મુખ્ય નામકરણમાં ટુવાવાલા પરિવારે ૧ કરોડ અનુદાન અર્પણ કરેલ. પૂ. ધીરગુરુદેવ સુમેરૂ નવકાર તીર્થ-કરજણથી વિહાર કરી તા. ૨૭ના શાસ્ત્રીપોળ, તા. ૨૮ના અલકાપુરી, તા. ૨૯ના ઇન્દ્રપુરી ઉપાશ્રય પધારશે. જ્યાં ૯.૩૦ કલાકે આત્માની અનુભૂતિ વિષયે પ્રવચન તેમ જ શ્રી સૌરાષ્ટ્ર દશા શ્રીમાળી જૈન ભોજનાલય મુંબઇ પ્રેરિત જાલંધર બંધયોગ વિધિ દંતયજ્ઞ યોજાશે.

### વડનગરમાં શશીકાંત જી. બદાણી બોયસ હોસ્ટેલનું નિર્માણ



વડનગરમાં શ્રીમતી માલિની કિશોર સંઘવી આયુર્વેદિક ઇન્સ્ટિટયૂટના નિર્માણ બાદ વસંત-પ્રભા હૉસ્પિટલ અને શશીકાંત જી. બદાણી-બોયસ હોસ્ટેલનું નિર્માણ થવા પામેલ છે.

માનનીય વડા પ્રધાન નરેન્દ્ર ભાઇ મોદીના વતનમાં જૈન સખાવતોએ મોદીજીની રાષ્ટ્રસેવાને બિરદાવી સંકુલ નિર્માણમાં સહભાગી બનવાની તક ઝડપી ૧.૫૧ કરોડનું દાન બદાણીએ અર્પણ કરેલ છે.

# આઈએએસ અધિકારીના સ્વાંગમાં પંચતારક હૉટેલમાં છ મહિના મુકામઃ મહિલાની ધરપકડ

છત્રપતિ સંભાજીનગરઃ આઇએએસ અધિકારીના સ્વાંગમાં અહીંની પંચતારક હોટલમાં છ મહિનાથી મુકામ કરનારી મહિલાની પોલીસે ધરપકડ કરી હતી. મહિલાના મોબાઇલમાંથી અફઘાન એમ્બેસી અને પાકિસ્તાન સહિત કેટલાક ઇન્ટરનેશનલ નંબરો મળી આવ્યા હતા. એ સિવાય મહિલાના બૅંક ખાતામાં લાખો રૂપિયાના વ્યવહારનો પણ ખુલાસો થયો છે.

મહિલાના અફઘાન તેમ જ પાકિસ્તાન કનેકશન સામે આવ્યા બાદ સુરક્ષા એજન્સીઓ તેની પૂછપરછ કરી રહી છે.

પોલીસે ધરપકડ કરેલી મહિલાની ઓળખ કલ્પના ત્ર્યંબકરાવ ભાગવત (૪૫) તરીકે થઇ હતી. તેના બૅંક ખાતામાં ઘણા બધા સ્રોતમાંથી ૩૨ લાખ રૂપિયા ડિપોઝિટ કરાયા હોવાનું જાણવા મળ્યું છે. આથી પોલીસે મહિલાના ખાતામાં રૂપિયા જમા કરાવનારા દેશના અલગ અલગ ભાગના ૧૩ જણને નોટિસ જારી કરી છે. ધરપકડ બાદ મહિલાને કોર્ટમાં હાજર કરવામાં આવતાં તેને પોલીસ કસ્ટડી ફટકારવામાં આવી હતી.

છત્રપતિ સંભાજીનગરના જાલના રોડ પર આવેલી પંચતારક હોટેલમાં મુકામ દરમિયાન મહિલાએ જયપુર, ઉદયપુર અને દિલ્હીની મુલાકાત પણ લીધી હતી. તેની આ ટ્રિપ અંગે પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે.

રવિવારે વીઆઇપી અવરજવરને ધ્યાનમાં રાખી જાલના રોડ પર હોટેલમાં તપાસ દરમિયાન પોલીસે કલ્પના ભાગવતની ધરપકડ કરી હતી. કલ્પનાએ પોતાની ઓળખ આઇએએસ અધિકારી તરીકે આપી હતી અને તે બોગસ દસ્તાવેજો પર છેલ્લા છ મહિનાથી પંચતારક હોટેલમાં મુકામ કરતી હતી. હોટેલની રૂમમાં તલાશી લેવામાં આવતાં 'અપોઇન્ટમેન્ટ ઇન ધ આઇએએસ ઓન ધ બેસિસ ઓફ સિવિલ સર્વિસીસ એક્ઝામિનેશન ૨૦૧૭' શીર્ષક હેઠળ પાંચ કાગળ મળી આવ્યાં હતાં, જેના પર તેનું નામ છે. એ સિવાય શંકાસ્પદ ફોટોકોપી અને ઇલેક્ટ્રોનિક ડેટા પર તેની પાસેથી જપ્ત કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું.

કલ્પના ભાગવતની તપાસ દરમિયાન તેના મોબાઇલમાં અફઘાન એમ્બેસી અને પાકિસ્તાન સહિત કેટલાક ઇન્ટરનેશનલ નંબરો મળી આવતાં પોલીસ ચોંકી ઊઠી છે. કલ્પનાએ અશરફ કિલ નામના વિદેશીને ત્રણ લાખ રૂપિયા મોકલ્યા હોવાનું જાણવા મળ્યું હતું.

મહિલા કોઇ કામ કરતી નહોતી, તેમ છતાં તેના બૅંક અકાઉન્ટમાં વિવિધ સ્રોતમાંથી ૩૨.૬૮ લાખ રૂપિયા જમા કરાયા હતા. આથી તેનું કારણ જાણવા માટે દેશના અલગ અલગ ભાગના ૧૩ જણને નોટિસ મોકલવામાં આવી છે. મહિલા અમુક વિદેશીઓ સાથે વ્હૉટ્સઍપ પર ચેટિંગ પણ કરતી હતી. તેની અને કૉલ રેકોર્ડની વિગતો મેળવવામાં આવી રહી છે.

મહિલાની ઓળખાણ કેટલાક વર્ષ અગાઉ ડ્રાયફ્રૂટ્સના અફઘાનિસ્તાનના વેપારી સાથે થઇ હતી. તેમની મુલાકાત એક સ્કૂલના મેદાનમાં થઇ હતી. એ સમયે મહિલાએ જણાવ્યું હતું કે તે લૉબિસ્ટ અને લાયઝનિંગનું કામ કરે છે. ડ્રાયફ્રૂટનો વેપારી છેલ્લાં સાત વર્ષથી ભારતમાં રહે છે અને મળવા માટે મહિલા દિલ્હી પણ જતી હતી. મહિલા સામે સિડકો પોલીસ સ્ટેશનમાં છેતરપિંડી, ફોર્જરી તથા અન્ય સુસંગત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

# શિંદે જૂથમાં જોડાવા અપાયા ૫૦ કરોડ!

### ભાજપના નેતાના વિધાનથી ખળભળાટ

મુંબઈઃ મહારાષ્ટ્રમાં શાસક સાથી પક્ષોમાં વધતી જતી અશાંતિનું વધુ એક ઉદાહરણ સામે આવ્યું છે. ભાજપના એક વિધાનસભ્યએ ગુરુવારે સાથી શિવસેનાના એક ધારાસભ્ય પર આરોપ લગાવ્યો કે તેમણે ૨૦૨૨ માં જ્યારે પાર્ટીનું વિભાજન થયું ત્યારે ઉદ્ધવ ઠાકરે જૂથ માંથી એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળના જૂથમાં આવવા માટે પૈસા લીધા હતા. હિંગોલી વિધાનસભા બેઠકનું પ્રતિનિધિત્વ કરતા ભાજપના વિધાનસભ્ય તાનાજી મુટકુલેએ આરોપ લગાવ્યો કે હિંગોલી જિલ્લાની કલામનુરી બેઠક પરથી શિવસેનાના ધારાસભ્ય સંતોષ બાંગરે ૨૦૨૨માં પક્ષ બદલવા માટે ૫૦ કરોડ રૂપિયા સ્વીકાર્યા હતા. અનેક પ્રયાસો છતાં, આ આરોપ અંગે ટિપ્પણી માટે બાંગરનો સંપર્ક થઈ શક્યો નથી.

પત્રકારો સાથે વાત કરતા મુટકુલેએ કહ્યું કે બાંગરે અગાઉ લોકોને ઠાકરે સાથે રહેવા વિનંતી કરતા હતા, પરંતુ રાતોરાત તેમણે પોતાનું વલણ બદલી નાખ્યું હતું. મહાયુતિના સાથી પક્ષના ધારાસભ્ય સામે આરોપો કેમ લગાવી રહ્યા છે તે પ્રશ્નના જવાબમાં મુટકુલેએ કહ્યું કે બાંગર તેમના સાથી નથી અને ક્યારેય નહીં હોય કારણ કે તેઓ અલગ વિચારધારા ધરાવે છે.

જૂન ૨૦૨૨ માં, એકનાથ શિંદેએ લગભગ ૪૦ ધારાસભ્યો સાથે ઉદ્ધવ ઠાકરે સામે બળવો કર્યો હતો. રાજકીય કટોકટી દરમિયાન, ૫૦ ખોકે, એકદમ ઓકે (૫૦ કરોડ રૂપિયા, બધું બરાબર )ના નારા લાગ્યા હતા, જે સૂચવે છે કે દરેક ધારાસભ્યને પક્ષ બદલવા માટે ૫૦ કરોડ રૂપિયા મળ્યા હતા.

ગયા અઠવાડિયે રાજ્યમાં સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ પહેલા ભાજપ દ્વારા સેનાના નેતાઓ અને કાર્યકરોને પોતાના પક્ષે લેવાનો વિરોધ કરવા માટે મુંબઈમાં મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસની અધ્યક્ષતામાં યોજાયેલી સાપ્તાહિક કેબિનેટ બેઠકમાં શિવસેનાના મોટાભાગના પ્રધાનોએ ભાગ લીધો નહોતો. (પીટીઆઈ)

### ભાજપના કાર્યકરના ઘરેથી રોકડ જપ્ત?

# શિંદે સેનાના નેતાના સ્ટિંગ ઓપરેશનથી બાવનકુળે ભડક્યા

મુંબઇ : સિંધુદુર્ગમાં ભાજપના કાર્યકરના ઘરે કથિત સ્ટિંગ ઓપરેશન કરીને મતદાતાને વિતરણ કરવા માટે કથિત રીતે રોકડ રકમ જપ્ત કરવામાં આવી હોવાનો શિંદે સેનાના નેતા નીલેશ રાણેએ દાવો કર્યા બાદ ફરી એકવાર શિંદે જૂથ અને ભાજપ નેતાઓ વચ્ચેની કડવાશ જાહેરમાં આવી છે.

આ બાબતે મહારાષ્ટ્રના મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ નિલેશ રાણેની ઝાટકણી કાઢી હતી અને કાર્યકરના ઘરમાં બેડરૂમ સુધી ઘૂસવાના અને તેમના દાવા મુજબ સ્ટિંગ ઓપરેશન કરવાના અભિગમ પર પ્રશ્ન ઉઠાવ્યો. બાવનકુળેએ એમ પણ ઉમેર્યું હતું કે જો કોઈ ગેરરીતિ જણાશે તો તેઓ કડક કાનૂની કાર્યવાહીને સમર્થન આપે છે. રાણેએ બુધવારે આરોપ લગાવ્યો હતો કે ૨ ડિસેમ્બરના રોજ યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા સિંધુદુર્ગ જિલ્લાના માલવણ ખાતે ભાજપના કાર્યકરના ઘરે મતદારોને વિતરણ કરવા માટે રોકડની થેલીઓ મળી આવી હતી. નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળના પક્ષના સભ્ય નિલેશ રાણેએ સ્ટિંગ ઓપરેશન કરવાનો દાવો કર્યો હતો. આ આરોપોને ભાજપે ટૂંક સમયમાં નકારી કાઢ્યા હતા, પરંતુ તેનાથી રાજ્ય સરકારમાં બે સાથી પક્ષો વચ્ચેનો તણાવ ફરીથી જાહેરમાં આવ્યો હતો. ગુરુવારે મીડિયા સાથે વાત કરતા બાવનકુળેએ કહ્યું, શું કોઈના ઘરમાં સીધો પ્રવેશ કરવો, તે વ્યક્તિના બેડરૂમમાં જવું અને પછી દાવો કરવો કે તે સ્ટિંગ ઓપરેશનનો ભાગ છે તે યોગ્ય છે? વધુમાં, ભાજપના નેતાએ કહ્યું કે તેઓ સમજી શક્યા નથી કે નિલેશ રાણે આ રીતે કેમ વર્ત્યા. તેમણે આ વર્તનને અયોગ્ય ગણાવ્યું. રાણેના આરોપોનો ઉલ્લેખ કરતા બાવનકુળેએ કહ્યું કે આ મામલાની સંપૂર્ણ તપાસ થવી જોઈએ. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે ચૂંટણી પંચ અને સ્થાનિક પોલીસ જરૂરી તપાસ કરશે અને જો કોઈ ખોટું કામ જણાશે, તો યોગ્ય કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

# નાણાકીય વિવાદમાં પાલિકાના અધિકારીના ઇશારે મારપીટ કરાઈ હોવાનો ગુજરાતી વેપારીનો આક્ષેપ

મુંબઈઃ મુંબઈમાં રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ સંબંધમાં આર્થિક વિવાદને લઇ મહાપાલિકાના અધિકારીના ઇશારે મારપીટ કરવામાં આવી હોવાની ફરિયાદ ૫૩ વર્ષના ગુજરાતી વેપારીએ પોલીસને કરી છે. આ કથિત ઘટના ૪ ઑક્ટોબરે બની હતી, પરંતુ ફરિયાદ આ મહિનાની શરૂઆતમાં કરવામાં આવી છે. આ પ્રકરણે તપાસ ચાલી રહી હોવાથી હજી સુધી એફઆઇઆર દાખલ કરવામાં આવ્યો નથી, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. ફરિયાદી નિશિત પટેલ લંડનમાં જન્મેલો બ્રિટિશ નાગરિક છે અને ઓવરસીઝ સિટિઝનશિપ ઓફ ઇન્ડિયા (ઓસીઆઇ) કાર્ડ ધરાવે છે. તે મહાપાલિકાના અધિકારીને ૨૦૧૯થી ઓળખતો હતો. એ અધિકારી બાંદ્રા વિસ્તારમાં એક હાઉસિંગ પ્રોજેક્ટ સાથે સંકળાયેલો હતો. આ પ્રોજેક્ટમાં રોકાણ કરવા તેણે અનેક આઇએએસ, આઇપીએસ અધિકારીઓ, અન્ય સરકારી અધિકારીઓ, નિવૃત્ત જજ અને અમુક બોલીવૂડની હસ્તીઓને પણ માનાવ્યા હતા. તેણે જો એડવાન્સ પેમેન્ટ કરે તો સસ્તો દર મળશે તેમ જ મિલકતનું મૂલ્ય ઝડપથી બમણું થશે, એવું વચન આપ્યું હતું, એવો દાવો પટેલે કર્યો હતો.

પટેલ ખરીદદારો પાસેથી રૂપિયા એકઠા કરતો હતો અને મહાપાલિકાના અધિકારીઓને સોંપતો હતો. જોકે પ્રોજેક્ટમાં વિશ્વાસ ગુમાવ્યા બાદ ઘણા બધા રોકાણકારોએ રૂપિયા રિફંડ કરવા દબાણ શરૂ કર્યું હતું. જોકે પાલિકાના અધિકારીએ પટેલ પર દોષ ઢોળવાનો પ્રયાસ કર્યો હતો.

૪ ઑક્ટોબરે અધિકારી, એક મહિલા પોલીસ કોન્સ્ટેબલ અને હોટેલિયરે મીટિંગ માટે મને બોલાવ્યો હતો. એ મીટિંગ દરમિયાન બે બાઉન્સરો દ્વારા મારી મારપીટ કરવામાં આવી હતી, એવો આરોપ પટેલે કર્યો હતો. પટેલે આરોપ કર્યો છે કે મારી સામે રિવોલ્વર તાકીને ૬૦ કરોડ રૂપિયાની માગણી કરવામાં આવી હતી અને જો પૈસા ન ચૂકવે તો મારા પરિવારની મારપીટ કરવાની ધમકી અપાઇ હતી. મારપીટનો વીડિયો અન્યોને મોકલાયો હતો, એવું પટેલે જણાવ્યું હતું.

## હિન્દુ મરણ

**ગોભવા મોઢ વણિક**

જામનગર નિવાસી હાલ મુલુંડ સ્વ. ધીરેન્દ્રભાઈ લક્ષ્મીદાસ મહેતાના ધર્મપત્ની ગં. સ્વ. પુષ્પાબેન (ઉં.વ. ૯૬) તે અંજનાબેન, જયંતભાઈ, દીપકભાઈ, ચેતનભાઈના માતુશ્રી. સ્વ. યોગેનભાઈ શાહ, જાગૃતીબેન, સોનલબેન, ભારતીબેનના સાસુ. સ્વ. જયંતીભાઈ શેઠ તથા તારાલક્ષ્મીબેનના પુત્રી. સ્વ. શાંતિભાઈ, સ્વ. ચંદુભાઈ, સ્વ. રૂક્ષ્મણીબેનના બેન. સ્વ. નવનીતલાલભાઈ, સ્વ. ચંદ્રકાંતભાઈ, સ્વ. પ્રમિલાબેનના ભાભી તા. ૨૬-૧૧-૨૫, બુધવારના શ્રીજીચરણ પામેલ છે. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા સોરઠિયા વણિક**

ધોરાજી નિવાસી હાલ કાંદિવલી કસ્તુરબેન શામળદાસ સાંગાણીના પુત્ર પ્રવિણભાઈ (ઉં.વ. ૭૦) તે મીનાબેનના પતિ. દર્શીત, મિહિરના પિતાશ્રી. સ્વ. ધીરજબેન ચુનીલાલ ધોળકીયાના જમાઈ. સ્વ. રમેશભાઈ, સ્વ. મનસુખભાઈ, નટુભાઈ, ઉષાબેન નીલેશભાઈ ધ્રુવના ભાઈ તા. ૨૬-૧૧-૨૫, બુધવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

તળાજા નિવાસી હાલ નવી મુંબઈ સ્વ. રમણલાલ શાંતિલાલ દોશીના ધર્મપત્ની જયશ્રીબેન (કુસુમબેન) (ઉં.વ. ૮૬) તે દક્ષાબેન મનીષભાઈ જોબાલીયા, હસમુખભાઈ, પરેશભાઈ, પારૂલબેન પંકજભાઈ દાણીના માતુશ્રી. અ. સૌ. ચેતનાબેન, અ. સૌ. પ્રીતિબેનના સાસુ. સ્વ. જયંતીલાલ, સ્વ. હિંમતલાલ, સ્વ. ગુણવંતરાય, સ્વ. કપિલાબેન, સ્વ. હંસાબેનના બેન. મીતાલી પ્રિયાંક તલાટી, નિશાંત, હર્ષિલ, તેજસ, હાર્દિક, ખુશ્બુ રથીન પારેખના દાદી-નાની તા. ૨૬-૧૧-૨૫ના બુધવારે શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**નવગામ ભાટીયા**

અ. સૌ. સુમતિ પ્રવીણ છિછિયા (ઉં.વ.૭૪) તે તા. ૨૬-૧૧-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. ગુલાબબહેન ગિરધરદાસ છિછિયાના પુત્રવધૂ. પ્રવીણભાઇ છિછિયાના ધર્મપત્ની. સુભાષભાઇના ભાભી. જયેશ, અમિતના માતુશ્રી. સ્વ. છોટાલાલ પાલેજાની દીકરી. નિશા, કાજલના સાસુ. પ્રાર્થનાસભા તા. ૨૯-૧૧-૨૫ના ૪.૩૦થી ૫. ૩૦. ઠે. શ્રી સ્વયંભુ શિવ મંદિર, મોતીલાલ નગર નં-૨, ગોરેગાંવ (વેસ્ટ), નીયર લીંક રોડ-મુંબઇ.

**મોડાસા એકડા દશા ખડાયતા સમાજ**

ગામ લિહોડા હાલ કાંદીવલી ચંદ્રકાંત શંકરલાલ શાહ (ઉં. વ. ૮૦) તા. ૨૭-૧૧-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. જયશ્રીબેનના પતિ. સ્નેહલભાઇ, પાયલબહેન અને અદીતી (સ્વીટી)ના પિતાશ્રી. કૃતિબેન, નિરજકુમાર અને અંકિતકુમારના સસરા. વ્રજ, યુવરાજ, ટીયા અને સમરના દાદા. પ્રાર્થનાસભા તા. ૨૯-૧૧-૨૫ના શનિવારે ૪થી ૬. પિયરપક્ષનું બેસણું સાથે રાખેલ છે. ઠે. મહાવીરનગર, પાવનધામ, ૧લે માળે, કાંદિવલી (વેસ્ટ).

**અનાવિલ બ્રાહ્મણ**

ગામ ખરસાડ હાલ અંધેરી સ્મિતાબેન કૌશિકકુમાર દેસાઇ (ઉં. વ. ૭૦) તા. ૨૭-૧૧-૨૫ રોજ સ્વર્ગવાસ પામેલ છે. તે કૌશિકકુમાર છગનલાલ દેસાઇના પત્ની. સ્વ. પાયલ, ખ્યાતી અને ખુશ્બુના માતુશ્રી. લૌકિક રિવાજ બંધ છે.

**કચ્છી ભાટીયા**

જીતેન્દ્ર (જીતુભાઇ) (ઉં. વ. ૭૭) તે જીજ્ઞા-કુંજબાળાના પતિ. સ્વ. ગંગાબેન લાલજી રામદાસ આશરના સુપુત્ર. વીણાબહેન વાલજી લખપતવાળા (ગાજરીયા) ના જમાઇ. તે અ. સૌ. ખ્યાતિ અમિત સંપટ અને અ. સૌ. ધૃતિ ભૂપેશ ટોપરાણીના પિતા. ઇશિકાના નાના. તે સ્વ. આણંદજીભાઇ, સ્વ.પરમાનંદભાઇ, સ્વ. નારાયણદાસભાઇ, સ્વ. ધનરાજભાઇ, ચંદ્રસિંહભાઇ સ્વ.જમનીબેન નેગાંધી, સ્વ. ઇન્દુબેન સંપટ, સ્વ. હસુમતીબેન જસાણીના ભાઇ. તા. ૨૫-૧૧-૨૫ મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા તા. ૨૯-૧૧-૨૫ શનિવારના ૪થી ૫.૩૦. ઠે. સ્વામિનારાયણ મંદિર ૯૦ ફીટ રોડ, ઘાટકોપર (ઇસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે, ચક્ષુદાન કરેલ છે.

**હાલાઇ લોહાણા**

કરાચીવાળા મૂળ ગામ જોડીયા હાલ ઘાટકોપર સ્વ. રતીલાલ ડોસાભાઇ મીરાણી (છોટુભાઇ) અને સ્વ. પાર્વતીબેન રતિલાલ મીરાણીના સુપુત્ર હરીશ રતિલાલ મીરાણી (ઉં.વ.૭૦) તે રીનાના પતિ. તે શરદ મીરાણી, રાજા મીરાણી, સૌ. નયના ઠક્કરના નાના ભાઇ. તૃપ્તી, ગાયત્રી, જીમી અને લીસાના કાકા. સ્વ. ઇશ્વરલાલ રૂગનાથ બારાઇ ને સ્વ. ઇંદીરાબેનના જમાઇ. તા. ૨૭-૧૧-૨૫ના ગુરુવારના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પ્રશ્નોરા નાગર**

મુંબઈ-સ્થિત સ્વ. ઉર્વશીબેન વૈદ્ય (ઉં. વ. ૯૦) તે સ્વ. મનોજભાઈ બાબુભાઈ વૈદ્યના પત્ની. તે કેતનભાઇ, બિમલભાઈ સૌ તૃપ્તિબેન દલાલ અને તૃષાબેન મારુના માતુશ્રી. પ્રીતિબેન અને સૌ. રેશ્માબેન અને નિયંતભાઈ, અતુલભાઇના સાસુજી. સ્વ. રજનીકાંતભાઈ, ખુશ્મનભાઈ સ્વ. શશાંકભાઈ સ્વ. શરદબેન ઇન્દુકુમાર પંડ્યા અને સ્વ. ભાનુબેન દિલીપભાઈ ભટ્ટના ભાભી. સ્વ. દિનકરરાય હરિલાલ મુલાણીના પુત્રી. વીણાબેન અનિલભાઈ ભટ્ટ અને નરેશભાઈ દિનકરરાય મુલાણીના બહેન. બુધવાર તા. ૨૬.૧૧.૨૦૨૫ના રોજ મુંબઈ મુકામે વૈકુંઠવાસ કર્યો છે.

**વિસા સોરઠીયા વણિક**

ગામ સુત્રાપાડા હાલ કાંદિવલી, ગં.સ્વ. ભાનુમતીબેન (ઉં. વ. ૮૨) તે સ્વ. લક્ષ્મીચંદ લાલજી શાહના ધર્મપત્ની. ભરત, દક્ષા, જાગૃતિના માતુશ્રી. ઉષા તથા રવિના સાસુ. રચિતા, રિયાના દાદી- નાની. સ્વ. તલુભાઈ, સ્વ. નભુબેન, સ્વ. હરજીવનભાઈ, સ્વ. કેશુભાઈના ભાભી. સ્વ. ગંગાબેન અને સ્વ. લક્ષ્મીચંદ લીલાધર શાહના સુપુત્રી. તા. ૨૨/૧૧/૨૫ના શનિવારે શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૯/૧૧/૨૫ના શનિવાર ૩.૩૦ થી ૫.૩૦. સ્થળઃ બી /૨૦૩, મધુવિહાર સોસાયટી કમ્પાઉન્ડ, પટેલ નગર, એમ.જી. ક્રોસ રોડ નંબર- ૪, કાંદિવલી વેસ્ટ.

**કપોળ**

ભડિયાદ નિવાસી હાલ બોરીવલી, ગં. સ્વ. કોકિલાબેન પરમાનંદ જાદવજી લક્કડના પુત્ર પરેશ (ઉં. વ. ૫૮) બિંદુના પતિ. તે જયના પિતા. જયેશ, નૂતન અને અને શૈલેષ-રાજુલના મોટાભાઈ. સાસરાપક્ષે સુરેન્દ્રનગર નિવાસી હાલ બોરીવલી ગં. સ્વ. પ્રફુલ્લાબેન વૃજલાલ ગદાણીના જમાઈ. સ્વ. વિજયાલક્ષ્મી જાદવજી લક્ષ્મીચંદ લક્કડના પૌત્ર. તા. ૨૬/૧૧/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા તેમજ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ ભાટિયા**

ગામ વૈજાપુર હાલ મુંબઈ, સ્વ. મુરારજી લાલજી આશરના ધર્મપત્ની ગં.સ્વ. મનીષાબેન (ઉં. વ. ૮૧) તા. ૨૬/૧૧/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. લાલજીભાઈ અને સ્વ. કમળાબેનના પુત્રવધૂ. સ્વ. બાબુરાવ ભાટિયા અને સ્વ. કમળાબેનના દીકરી. અ. સૌ. હિમાલી કૃષ્ણ આશરના માતુશ્રી. સ્વ. વનીતાબેન, દિનેશભાઇ, રાજેન્દ્રભાઇ, કાનજીભાઈના મોટાભાભી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી ભાટીયા**

ચુનાભઠ્ઠી, મુંબઈ નિવાસી, પ્રદીપ તેજપાલ પાલીચા તા. ૨૬-૧૧-૨૫ના પૂના મુકામે અવસાન પામેલ છે. ધર્મપત્ની લીના પી. પાલીચા, પુત્રી-જમાઈ- પુજા પાલીચા તથા જીવન, લૌકિક વ્યવહાર બંધ છે.

**છ ગામ પાટીદાર સમાજ મુંબઈ**

ગામ વસો ગુજરાત હાલ મુંબઈ, સ્વ. મોતીભાઈ બાબરભાઈ પટેલના સુપુત્ર જશવંતભાઈ મોતીભાઈ પટેલ, (ઉં. વ. ૭૧) શનિવાર તા. ૨૨ /૧૧/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે પ્રતિમાબેનના પતિ. શ્યામલ અને જયદીપના પિતા. સાસરાપક્ષે સ્વ. અંબાલાલભાઈ શંકરભાઈ પટેલના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દેસાઈ દરજી સમાજ- મુંબઈ**

ગામ જેસર નિવાસી હાલ જોગેશ્વરી, સ્વ. પ્રતાપભાઈ બચુભાઈ વાઢેળ (ઉં.વ.૬૭) તા. ૨૨-૧૧-૨૫ના શનિવારે નિધન થયેલ છે. તે શારદાબેનના પતિ. કેતનભાઈ અને પુનમબેનના પિતા. હરેશભાઈ મનસુખભાઈ ચુડાસમા, સોનાલીબેન કેતનભાઈ વાઢેળના સસરા. સ્વ. અમૃતભાઈ, સ્વ. હરજીવનભાઈ અને સ્વ. અરવિંદભાઈના નાનાભાઈ. વનમાળીભાઈ ભગવાનભાઈ પીઠડીયાના બનેવી. તેમની પ્રાર્થનાસભા તા. ૨૮-૧૧-૨૫ને શુક્રવાર ૪.૦૦ થી ૬.૦૦. સ્થળ - શ્રી. દેસાઈ સઈ સુતાર જ્ઞાતીની વાડી અશોક ચક્રવતી રોડ નં-૪, સ્વયંભુ ગણેશમંદિરની સામે, કાંદિવલી પૂર્વ.

**વિસા સોરઠિયા વણિક**

કણઝડીવાળા હાલ મુંબઈ / દુબઇ, સ્વ. મથુરાદાસ મોતીચંદના પુત્ર મધુકાન્તભાઈ શાહ (ઉં. વ. ૭૮) તે વાસંતીબેનના પતિ. પ્રશાંત-માનસીના પપ્પા. સ્વ. માણેકલાલ મથુરાદાસના નાનાભાઈ. લોએજવાળા સ્વ. મથુરાદાસ શેષકરણના જમાઈ. ધ્યાનના દાદા. તા. ૨૩-૧૧-૨૫, રવિવારના શ્રીજીચરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા તા. ૨૮-૧૧-૨૫ને શુક્રવારના ૫ થી ૭. સ્થળઃ વૃંદાવન ગાર્ડન હોલ, તાજ કમ્પાઉન્ડ, ત્રિકમદાસ રોડ, સિનેમેક્સ (સોના ટોકિઝ)ની બાજુમાં, કાંદિવલી પશ્ચિમ.

## જૈન મરણ

**ઝાલાવાડી સ્થાનકવાસી જૈન**

હળવદ નિવાસી હાલ ઘાટકોપર સ્વ. નગીનદાસ મૂળજી કોઠારીના પુત્ર હર્ષદભાઈ નગીનદાસ કોઠારી (ઉં.વ. ૭૨) તા. ૨૬-૧૧-૨૫, બુધવારના અરિહંતશરણ પામેલ છે. તે નીલાબેનના પતિ. ભૂપેન્દ્રભાઈના ભાઈ. સ્વ. મુગટલાલ ઠાકરશી વોરાના જમાઈ. સમીર, સ્વીટીના પિતાશ્રી. હેમા કોઠારી, સંતોષ મોડસિંગના સસરા. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

પાલિતાણા નિવાસી હાલ મુલુંડ સ્વ. કિશોરચંદ્ર જાદવજી મહેતાના ધર્મપત્ની હંસાબહેન (ઉં. વ. ૮૩) મંગળવાર તા. ૨૫-૧૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સવિતાબેન પ્રતાપરાય મહેતાના દેરાણી. સરોજબેન જયસુખલાલ મહેતાના જેઠાણી. ધર્મેન્દ્ર, નિલેશ, રાકેશ, જીજ્ઞા મલ્કેશકુમાર દોશીના માતુશ્રી. પ્રતાપરાય જયસુખલાલ, કળાબેન ભોગીલાલ દોશી તથા પુષ્પાબેન ચીમનલાલ શાહના ભાભી. પિયર પક્ષે સાવરકુંડલાવાળા માણેકચંદ ગુલાબચંદ સંઘવીના પુત્રી. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**સ્થાનકવાસી જૈન**

ધારી નિવાસી હાલ કાંદિવલી સ્વ. મંજુલાબેન માણેકલાલ કલ્યાણજી શેઠના સુપુત્ર સ્વ. સુરેશભાઇ (ઉં. વ. ૭૨) તા. ૨૭-૧૧-૨૫ ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. તે લીનાબેનના પતિ. પ્રેમલ, કિંજલ દેવાંગ દોશી, તેજલ કલ્પેશ કોઠારીના પિતાશ્રી. રાજેશભાઇ, જયેશભાઇ, હિના દિવ્યેશ દલાલના ભાઇ. તે કલ્પનાબેન અને હર્ષાબેનના જેઠ. શ્વસુર પક્ષ સ્વ. ઇન્દુબેન મુગટલાલ દોશીના જમાઇ. રીયા, પાર્શ્વ અને વૃતીના નાનાજી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ખારોઇના સમીર સાવલા (ઉં. વ. ૪૮) ૨૫-૧૧-૨૫ના અવસાન પામેલ છે. પાનુબેન અમૃતલાલ કુંવરજી સાવલાના સુપુત્ર. રચનાના પતિ. દિવ્ય, કશ્વીના પિતાશ્રી. ઉષા, લીલા, નિર્મળા, ભાવના, હેતલ, ઈશ્વર, રાહુલના ભાઇ. મનફરાના અ. સૌ. રમીલાબેન મનસુખ પુંજા છેડાના જમાઇ. પ્રા. સમય સવારે ૧૦.૩૦ થી ૧૨.૦૦. કાંતિ વિસરીયા હોલ, બેડેકર હોસ્પીટલની સામે, ગાંવદેવી, થાણા (વે).

કાંડાગરાના સતીષ શામજી રામજી છેડા (ઉં. વ. ૭૩) તા. ૨૪-૧૧-૨૫ના અવસાન પામ્યા છે. જખ્ખીબેન/દેવકાંબેન શામજી રામજીના સુપુત્ર. સ્વ. સરલાના પતિ. દીના, જીગર, પ્રિયાંકના પિતા. લક્ષ્મીચંદ, હરીલાલ, કાંતીલાલ, ધનવંતી, મંજુલાના ભાઈ. કપાયાના પાનબાઈ ખીમજી વેરશીના જમાઈ. પ્રા. શ્રી વ. સ્થા. જૈ. સંઘ સંચાલિત કરસન લઘુ નીસર હોલ, દાદર (વે.) ટા. ૪ થી ૫.૩૦. ઠે. જીગર છેડા, પ્લોટ નં. ડી/૧૨૦, માધુરી બિલ્ડીંગ, ફ્લેટ નં. ૧૦૧, ચેમ્બુર જૈન દેરાસરની પાછળ, ચેમ્બુર, મુંબઈ-૪૦૦૦૭૧.

માપરના અ. સૌ. સરલા સુંદરજી ગોસર (ઉં. વ. ૭૫) તા. ૨૫.૧૧.૨૫ના અવસાન પામેલ છે. મણીબેન (દેવકાબેન) મોરારજીભાઈના પુત્રવધૂ. સુંદરજીભાઈના પત્ની. રિતેષ, ખ્યાતીના માતુશ્રી. બારોઈના મઠાબાઈ ઉમરશી મોતાના સુપુત્રી. શામજી (બાબુભાઈ), કલ્યાણજી, સૂર્યકાંત (બાબાશેઠ), પુનડીના દમયંતીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. સુંદરજી ગોસરઃ ૨૦૧, મહાવીર, ૭૧- એ, જૈન દેરાસર માર્ગ, સાંતાક્રુઝ-વે.

બગડાના બા.બ્ર. જયંતીલાલ વેલજી છેડા (ઉં. વ. ૭૮) તા. ૨૫-૧૧-૨૫ના અરિહંત શરણ પામેલ છે. મુલબાઇ વેલજી ચનાના સુપુત્ર. સ્વ. દામજી, સ્વ. નાગજી, સ્વ. લક્ષ્મીચંદ, ખુશાલ, સ્વ. રતનબેન, સાકરબેન, પ્રભાબેનના ભાઇ. દેવન દેરાજના દોહિત્ર. પ્રાર્થના રાખેલ નથી. નિ. પિયુષ નાગજી છેડા, ડી-૨૦, જીવન બહાર સોસાયટી, ઉજો રોડ, ચેમ્બુર (પૂર્વ), મુંબઈ-૭૧.

ગઢસીસાના પુરબાઈ મુરજી વિસરીયા (ઉં. વ. ૮૨) ૨૫-૧૧-૨૫ના અવસાન પામેલ છે. કંકુબાઈ ખીમજી દેવજીના પુત્રવધૂ. મુરજીના ધર્મપત્ની. ગુણવંતી, કાંતી, હિતેશ, સુરેશના માતુશ્રી. દેવપુર વેજબાઈ ગોસર પાસુના પુત્રી. ખેરાજ, આણંદજી, પ્રેમજી, મુલચંદ, ભાણબાઈ કુંવરજી, હ. મંજલ લીલબાઈ સુંદરજીના બેન. પ્રા. શ્રી વ. સ્થા. જૈ. સંઘ સંચા. કરસન લઘુ નીસર હોલ, દાદર (વે.) ટા. ૨ થી ૩.૩૦. ચક્ષુદાન તથા ત્વચાદાન કરેલ છે. ઠે. કાંતી વિસરીયા, એ/૫, ગુરૂમિલન, તિલક નગર, ડોંબીવલી (ઈ).

વડાલા (જલગામ)ના કલ્યાણજી હીરજી ગાલા (ઉં. વ. ૮૮) તા. ૨૬-૧૧-૨૫ના જલગામ મધ્યે અવસાન પામેલ છે. મકાબાઇ/મઠાબાઇ હીરજી રામજી ગાલાના પુત્ર. સ્વ. લીલાવંતીના પતિ. પ્રીતી, સંજય, પ્રજ્ઞા, જીગ્નાના પિતાશ્રી. હંસરાજ, આણંદજી, લક્ષ્મીચંદ, ગુંદાલાના લક્ષ્મીબેન દેવજી, વડાલાના શાંતાબેન મોરારજીના ભાઇ. પત્રી ધરમશી તેજશીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. સંજય ગાલા, ૧૦ પ્રિયદર્શની એપાર્ટમેન્ટ, નહેરૂ ચોક, જલગામ-૪૨૫૦૦૧.

સુવઇના વિંઝઇબેન સાવલા (ઉં. વ. ૯૦) તા. ૨૬-૧૧-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. રમાબેન પોપટલાલ સાવલાના પુત્રવધૂ. સ્વ. પાંચાલાલના પત્ની. મણીલાલ, હસમુખ, નવીન, મંજુલા, મીનાના માતુશ્રી. રવ ના સ્વ. મોંઘીબેન ભાણજી જગશી ગાલાના સુપુત્રી. સ્વ. નરપાર, સ્વ. રૂપા, ગં.સ્વ. શાંતાબેનના બેન. પ્રાર્થનાઃ તા. ૨૮-૧૧-૨૫, શુક્રવાર, બપોરે ૩ થી ૪.૩૦. કાલિદાસ ઓપન ગ્રાઉન્ડ, પી.કે. રોડ, મુલુંડ (વે)

કાંડાગરાના ઉમરશી (બાબુભાઇ) ભવાનજી ગાલા (ઉં. વ. ૯૧) તા. ૨૬-૧૧-૨૫ના અવસાન પામ્યા છે. મેઘબાઇ ભવાનજી દેવશી ગાલાના સુપુત્ર. જવેરબેનના પતિ. પ્રદીપ, નુતન, ડો. પરેશ ગાલાના પિતાશ્રી. નાના ભાડીયાના મમીબાઇ પોપટલાલ, ટુંડાના લક્ષ્મીબેન દામજીના ભાઇ. નાની ખાખરના મેઘબાઇ રતનશી રાજપાળના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. ડો. પરેશ ગાલા, ૧૧૦૨, શ્રી નિધી, ભાઉદાજી રોડ, માટુંગા, મુંબઇ-૪૦૦૦૧૯. તા.ક. ઘરે આવવાની તસ્દી લેવી નહીં.

ભુજપુરના લક્ષ્મીબેન શામજી ભેદા (ઉં. વ. ૯૪) તા. ૨૬-૧૧-૨૫ના અવસાન પામ્યા છે. માતુશ્રી મોંઘીબેન ઉમરશી લખમશીના પુત્રવધૂ. સં.પ.પૂ. ગુણભદ્રવિજય મ.સા., પૂ.સા. મોક્ષલતાશ્રીના સુપુત્રી. પૂ. બંધુ ત્રિપુટી મ.સા. (તિથલ), પૂ.સા. મલયકીર્તીશ્રી, પૂ.સા. રમ્યકીર્તીશ્રીના બેન. હસમુખ, નરેશ, મુકેશ, ચંદન, કુસુમના માતુશ્રી. પ્રાર્થના રાખેલ નથી. ઠે. ધીરેન ભેદા, ૬/૨૧, શીતલ દર્શન, જી.વી. સ્કીમ નં. ૪, મુલુંડ (ઇ.), મું. ૮૧.

મેરાઉના માતુશ્રી હીરાબેન ગડા (ઉં. વ. ૯૭)તા. ૨૬-૧૧-૨૦૨૫ ના અવસાન પામેલ છે. સ્વ નાનજી શીવજીના પત્ની. માતુશ્રી સ્વ લાછબાઈ શીવજી ના પુત્રવધૂ. ડોણના મેઘબાઈ કેશવજી ચાંપશી સાવલાના પુત્રી. સ્વ. બેબી (ગીતા), મણીલાલ, વસંતલાલ, કિશોરના માતુશ્રી. ડોણના શામજી કેશવજી, ખેતબાઈ વીરજી, પુરબાઈ ડુંગરશી, મણીબેન કેશવજીના બેન. પ્રાર્થના સભા રાખેલ નથી. નિ. કિશોર ગડા, ૬૦૫ આશીર્વાદ, ખેતવાડી ૧૦મી ગલી, મુંબઈ ૪૦૦૦૦૪.

**વિસા નીમા કપડગંજ જૈન**

કપડગંજ નીવાસી હાલ મલાડ, સ્વ. જગદીશભાઈ કસ્તુરલાલ શાહ (ઉં. વ. ૮૭) તે સ્વ. ભદ્રાબેનના પુત્ર. સ્વ. દિવ્યાબેનના પતિ. સ્વ. પ્રવિણાબેન, ભારતીબેન, તિલકબેન, સ્વ. મહેશભાઈ, સ્વ. મયુરીબેનના ભાઈ. જિજ્ઞેશભાઇ - કીર્તિદા, મનીષભાઈ, પીનાબેન જયકુમારના પિતા. વેણીચંદભાઈ પરીખના જમાઈ. તા. ૨૫/૧૧/૨૫ મંગળવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. સ્થળઃ ૨૦૫ - બી, ગંગા બિલ્ડીંગ, રાણીસતી માર્ગ, માલાડ ઈસ્ટ.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ગજાભાઈની વાવડીવાળા હાલ મુલુંડ, સ્વ. પ્રભાબેન જેંતીલાલ શાહના પુત્ર હર્ષદભાઈ (ઉં. વ. ૬૯) તે રીટાબેનના પતિ. વૈભવ, જેસલના પિતાશ્રી. કેવલના સસરા. પરમ તથા નાયરાના નાના. સ્વ. શાંતિભાઈ, સ્વ. પ્રકાશભાઈ તથા રાજુભાઈ, સ્વ. કનુબેન પ્રકાશકુમાર હંસાબેન વિજયકુમાર, મીનાબેન કિશોરભાઈના ભાઇ, સ્વ. શાંતિલાલ લક્ષ્મીચંદ રામાણી આકોલાવાળા ભુપતભાઈ પ્રદીપભાઈના જમાઈ. તા. ૨૭.૧૧.૨૫ને ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. તેમની પિતૃ વંદના શનિવાર તા.૨૯.૧૧.૨૫ના ૧૦.૦૦ થી ૧૨.૦૦. ધ પેલેસ બેન્કવેટ, વીકાસ સેન્ટર, એન.એસ. રોડ, મુલુંડ, વેસ્ટ.

**ઝાલાવાડી વિશા શ્રી. સ્થા. જૈન**

બોટાદ નિવાસી હાલ નાલાસોપારા, સ્વ. શાંતિલાલ શિવલાલ શેઠના પુત્ર કન્હૈયાલાલ શાંતિલાલ શેઠ (ઉં.વ.૭૯) વનિતાબેનના પતિ. હેમા (પિંકી)ના પિતા. સ્વ. વિનુભાઈ, સ્વ. ચંદુભાઈ, તરુણભાઈ (ત્રંબક) શેઠ, સ્વ. મંજુલાબેન, સ્વ. રસીલાબેન, સ્વ. સમતાબેનના ભાઈ. સંજયભાઈના સસરા. સ્વ. રમાબેન કાંતિલાલ નાનચંદ દેસાઈના જમાઈ. ૨૩-૧૧-૨૫ના વસઈ અરિહંતશરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## પારસી મરણ

અરનાવાઝ હોમી સુરતી તે મરહુમ હોમી પાલનજી સુરતીના વિધવા. તે મરહુમો નાજામાય તથા દારા સુનાવાલાના દીકરી. તે આરમયતી ને રોહીન્ટનના મમ્મી. તે મરહુમો દોલત, બેહરામ ને રોશનના બહેન. તે જેનીફર કે. કરનાક, અનાહિતા કુમાર, સબર આર. ભગત સાયરસ ડી. સુરતી, યઝદી એ. સુરતીના નીસ, નેવ્યુ. તે મરહુમો સબર તથા પાલનજી સુરતીના વહુ. (ઉં.વ. ૮૯) રે. ઠે.ફ્લેટ નં-૪. ભોંયતળિયે, ૨૨ કામા બિલ્ડિંગ, મર્ઝબાન કોલોની, ગીલ્ડર લેન, મુંબઇ-૪૦૦૦૦૮. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૮-૧૧-૨૫ને બપોરે ૩.૪૫ વાગે તારદેવ મધે બાટલીવાળા અગિયારીમાં.


પૉલ અરદેશર છાપખાનાવાલા (ઉં. વ. ૯૧) તા. ૨૭-૧૧-૨૫ના ગુજરી ગયા છે. તે મરહુમ અરદેશર જમશેદજી છાપખાનાવાલા તથા મરહુમ તેહમીના અરદેશર છાપખાનાવાલાના દીકરા. તે મની બરજોર કાપડિયા, મરહુમ હોશંગ છાપખાનાવાલા, મરહુમ ફ્રેની છાપખાનાવાલાના ભાઈ,તે રોશની ચિંતન સાગ્રીયા, મેહરનોશ છાપખાનાવાલા, કુરુશ કાપડિયા, પોરસ કાપડિયાના અંકલ. ઉઠમણું: ૨૯-૧૧-૨૫ના ઠેઃ વિલા નં. ૧૭, રાહેજા એક્ઝોટિકા, મઢ આઈલેંન્ડ, મલાડ (વે.), મું-૯૫.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# મેટિની

## કવર સ્ટોરી
હેમા શાસ્ત્રી

### ‘ઝંઝીર’ અને ‘શોલે’માં અમિતજીની કારકિર્દીને વળાંક આપવામાં નિમિત્ત બનેલા ધર્મેન્દ્ર બિગ બીના દોહિત્ર અગસ્ત્યને પણ ‘ઈક્કીસ’માં ફળશે?



# ગ્રીક ગોડને જોયાં નથી, પણ કોઈ અફસોસ નથી... કારણ કે ધરમજીને સાક્ષાત્ જોયાં છે!

‘એક્ટિંગ - એ શહેનશાહ’ એવા દિલીપ કુમારે એક વખત કહ્યું હતું કે ‘હે ભગવાન, તે મને ધર્મેન્દ્ર જેટલો હેન્ડસમ કેમ ન બનાવ્યો?!’

આટલું વાંચ્યા પછી ધરમ પ્રાજીના મોહક વ્યક્તિત્વ વિષે વધુ કંઈ કહેવા - લખવાની જરૂર ખરી?

ધરમજીએ જેમની ‘ઝંઝીર’ની વાર્તા ખરીદી એમાં ઍંગ્રી યંગ મેનનો રોલ કરવાના હતા એ સલીમ - જાવેદ જોડીના જાવેદ અખ્તરે ધરમજીની કરિયર કથામાં કહ્યું છે કે ‘સાહિત્યિક કે અન્ય લખાણમાં સ્ત્રીઓના સૌંદર્યની તારીફ કરતી વખતે વિશેષણો ખૂટી પડે, પણ હેન્ડસમ પુરુષના વર્ણન માટે શબ્દો શોધવા નીકળવું પડે. કોઈ ખૂબસૂરત - રૂપાળા માટે ‘ગ્રીક ગોડ’ વિશેષણ વપરાતું આવ્યું છે. ગ્રીક ગોડ જેવા એટલે કેવા એનો જવાબ ન આપી શકાય કારણ કે મારા સહિત લગભગ કોઈએ ગ્રીક ગોડ જોયા નથી, પણ મને એનો કોઈ અફસોસ નથી, કારણ કે મેં ધર્મેન્દ્રને જોયા છે.’

ધર્મેન્દ્ર એટલે હેન્ડસમ હીરો ઉપરાંત હી મેન, એક કસાયેલા સ્નાયુબદ્ધ શરીરના આ સ્વામી જે રીતે હિન્દી ફિલ્મના ફાઈટ સીનમાં ચાર - પાંચને ધૂળ ચાટતા કરી દે તો એમાં જોનારને અતિશયોક્તિ ન લાગે.

‘ગુડ્ડી’ ફિલ્મમાં સમિત ભાંજા (બંગાળી એક્ટર) ફાઈટ સીન કરીને આવેલા પ્રાણને કહે છે કે ‘આપ તો ફિલ્મો મેં સભી હીરો સે માર ખા લેતે હૈં.’ એના જવાબમાં પ્રાણનો ડાયલોગ છે :

‘બરખુરદાર, ધર્મેન્દર તો ઐસા કદાવર હીરો હૈ કે જિસસે માર ખાને મેં મઝા આતા હૈ. લેકિન મુજે ઐસે ઐસે હીરોને મારા હૈ કે જિનકો ફૂંક મારું તો ઉડ જાએ.’

અલબત્ત, ધરમજી એટલે હેન્ડસમ - હી મેન હીરો પર વાત પૂરી નથી થઈ જતી. આ બંને વિશેષણ ઉપરાંત એક બેહતરીન એક્ટર અને એક સરળ - સાલસ અને પ્રેમાળ સ્વભાવના એક ઉમદા ઈન્સાન એ એમની પ્રમુખ ઓળખ છે.

એક્ટર ધર્મેન્દ્રને સમજવા માટે કોઈ એક નહીં, બલ્કે એકબીજાથી સાવ વિભિન્ન ફિલ્મોના ધરમજીને જોવા - જાણવા અને સમજવા જોઈએ. ‘સત્યકામ’, ‘બંદિની’, ‘અનુપમા’, ‘ગુડ્ડી’, ‘ચુપકે ચુપકે’ ફિલ્મોમાં તમને ધરમજીના અભિનયની કમાલ રેન્જ જોવા મળે છે.

૧૯૪૮માં દિલીપ કુમારની ‘શહીદ’ ફિલ્મ જોયા પછી રૂપેરી પડદા પર ચમકવાનું ધરમજીનું સપનું ૧૯૬૦માં ‘દિલ ભી તેરા હમ ભી તેરે’માં સાકાર થયું. ૧૯૬૫ની ‘ફૂલ ઔર પત્થર’થી પ્રથમ પંક્તિના હીરો બની ગયેલા ધરમજી માટે ૧૯૭૦નો દાયકો ગજબનાક સફળતાનો રહ્યો. ૧૯૭૦ના દાયકાની વાત નીકળે ત્યારે રાજેશ ખન્ના અને અમિતાભ બચ્ચનનાં ગીત વધુ ગવાય. અલબત્ત, એનું કારણ એવું છે કે ૧૯૬૯થી ૧૯૭૨ દરમિયાન રાજેશ ખન્નાનો જ વાવટો સર્વત્ર લહેરાતો હતો અને ૧૯૭૩માં ‘ઝંઝીર’થી અમિતાભ બચ્ચનનો સિતારો ઝગારા મારવા લાગ્યો, પણ એક મિનિટ.. સિત્તેરના દાયકા (૧૯૭૦-૭૯)નું ઝીણવટથી નિરીક્ષણ કરતા ખ્યાલ આવે છે કે એ દસ વર્ષમાં સૌથી વધુ સફળતા તો ધરમજીના નામે છે.

૧૯૭૦-૭૯ દરમિયાન ધરમજી, રાજેશ ખન્ના અને અમિતાભ બચ્ચનની ૬૦થી વધુ ફિલ્મ પ્રદર્શિત થઈ હતી. બોક્સ ઓફિસ સફળતાનો હિસાબ કરતા જાણવા મળે છે કે ધરમજીની ૮૦ ટકાથી વધુ ફિલ્મો સફળ રહી હતી. અમિતજી બીજા અને રાજેશ ખન્ના ત્રીજા નંબરે હતા.

વાત અહીં પૂરી નથી થતી. સિત્તેરના દાયકામાં અમિતાભ બચ્ચન અને રાજેશ ખન્ના કરતાં ધરમજીની ભૂમિકાઓમાં વધુ વૈવિધ્ય જોવા મળ્યું.

રોમેન્ટિક, કોમેડી, એક્શન એમ વિવિધ પાત્રોમાં આસાનીથી ઢળી જઈ અવ્વલ અભિનેતા ગણાયેલા ધરમજીની ‘ઈક્કીસ’ નામની ફિલ્મ આવતા મહિને રિલીઝ થઈ રહી છે. એ વાત તો જગજાહેર છે કે ‘ઝંઝીર’ ફિલ્મની વાર્તા ધરમજીએ સલીમ ખાન પાસેથી ખરીદી હતી અને પોતે મેઈન રોલ કરવાના હતા. જોકે, પારિવારિક કારણસર ધરમજીને ‘ઝંઝીર’ છોડવી પડી અને અમિતાભ બચ્ચન એન્ગ્રી યંગ મેન બની હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં છવાઈ ગયા. અમિતજીને દોડવા માટે ઢાળ મળ્યો એમાં ધરમજી પરોક્ષ રીતે જવાબદાર હતા તો ‘શોલે’માં એમના સૂચનથી જ જયના રોલમાં અમિતાભ બચ્ચનને સાઈન કરવામાં આવ્યા હતા.

વાત એમ હતી કે જયના રોલ માટે પહેલા શત્રુઘ્ન સિન્હાનું નામ નક્કી કરવામાં આવ્યું હતું. કોઈ કારણસર મિસ્ટર સિન્હા ખસી ગયા. આ પરિસ્થિતિમાં ધરમજીએ અમિતાભ બચ્ચનના નામની ભલામણ કરી. ફિલ્મ રિલીઝ થયા પછી ‘શોલે’ના જયની વાહ વાહ થઈ. ધરમજીના કહેવાથી મળેલી ફિલ્મ અમિતજીને ફળી. જોગાનુજોગ એવો છે કે ‘શોલે’ (૧૯૭૫)ના ૫૦ વર્ષ પછી ૨૦૨૫માં રિલીઝ થઈ રહેલી ‘ઈક્કીસ’માં અમિતાભ બચ્ચનનો દોહિત્ર (દીકરી શ્વેતા નંદાનો પુત્ર) અગસ્ત્ય નંદા મુખ્ય ભૂમિકા કરી રહ્યો છે. કહેવા માટે ૨૦૨૩માં આવેલી ઝોયા અખ્તરની ‘ધ આર્ચીઝ’ અગસ્ત્યની ડેબ્યુ ફિલ્મ છે, પણ ફિલ્મ ફ્લોપ હતી અને એના દર્શકોની સંખ્યા પણ જૂજ હતી એટલે ‘ઈક્કીસ’ અગસ્ત્યની વ્યવસ્થિત ડેબ્યુ ફિલ્મ ગણવી જોઈએ. આ ફિલ્મમાં ધરમજીનો રોલ અગસ્ત્યના પિતાનો છે. શું ૫૦ વર્ષ પહેલા જેમ અમિતજી માટે ધરમજી નસીબવંતા પુરવાર થયા હતા એ જ રીતે અગસ્ત્ય નંદા માટે પણ લકી સાબિત થશે કે કેમ એવી ચર્ચા થઈ રહી છે. ■

### તાળું - ચાવી ને દરવાજો...

ધરમજી અને અમિતાભની ફિલ્મોના એક વિશિષ્ટ દ્રશ્યની વાત જાણીએ, જે સીન અમિતજીનો ટ્રેડમાર્ક બની ગયો.

૧૯૭૩માં આવેલી ‘કહાની કિસ્મત કી’ ફિલ્મના એક સીનમાં ધરમજી ગુંડા જગ્ગા (શેટ્ટી)ને શોધતા શોધતા એના અડ્ડા પર પહોંચે છે. જેલમાંથી છૂટી ગયેલા ધરમજીને જોઈ ગભરાઈ ગયેલો જગ્ગા હાંફળોફાંફળો થઈ નાસી છૂટવાની પેરવી કરે છે, પણ ધરમજી જે દરવાજેથી દાખલ થયા હોય છે એને પોતાના હાથે તાળું મારી ચાવી પોતાના ખિસ્સામાં મૂકી ડાયલોગ બોલે છે કે ‘જગ્ગા, ઈસ દરવાજે સે વોહી બહાર જાએગા જો ઝિંદા બચેગા.’

એ પછી ધરમજી અને પહેલવાન શેટ્ટી વચ્ચે જોરદાર ‘ઢિસુમ ... ઢિસુમ’ થાય છે અને આખરે વિલન ચિત્ત...

હવે તાળા - ચાવીના રેફરન્સ પરથી અમિતાભ બચ્ચનની ‘દીવાર’ યાદ કરો. એમાં પણ વિલનના અડ્ડા પર અમિતજી પણ બારણાને તાળું વાસીને કહે



છે : ‘ઈસે (ચાવીને) અપની જેબ મેં રખ લે, પીટર.... અબ યે તાલે કી ચાબી તેરી જેબ સે નિકાલકર હી ખોલુંગા.’

આ સિક્વન્સમાં પણ હીરો અને વિલનની ગેન્ગ વચ્ચે મારામારી થાય છે અને હીરોનો વિજય થાય છે.

## ક્લેપ એન્ડ કટ..!
સિદ્ધાર્થ છાયા

### ‘રામ’ રણબીરની ઈમેજ પર ધબ્બો?



રણબીર કપૂર ‘રામાયણ’માં ભગવાન રામનો રોલ ભજવી રહ્યો છે. અત્યાર સુધી એવો પ્રચાર થયો છે કે ભગવાન રામની ભૂમિકા ભજવવા માટે રણબીરે નોનવેજ ફૂડ ત્યાગી દીધું છે, પરંતુ હવે ‘ડાઈનિંગ વિથ કપૂર્સ’ નામના હાલમાં પ્રસારિત થયેલા એક શોને કારણે આ પ્રચાર પર પ્રશ્નાર્થ લાગી ગયો છે.

આ શોના હોસ્ટ અરમાન જૈન કપૂર ફેમિલીમાં નીતુ કપૂર, કરીના કપૂર, કરિશ્મા કપૂર, રીમા જૈન અને સૈફ અલી ખાન બધાંને નોનવેજ ફૂડ પીરસી રહ્યો હોય એવું દર્શાવ્યું છે.

હવે આ બધાં જ ‘કપૂર્સ’ સાથે રણબીર પણ બેઠો હતો. આ દ્રશ્યે સોશ્યલ મીડિયામાં તોફાન મચાવી દીધું છે. લોકો એમ કહી રહ્યાં છે કે રણબીરે ભગવાન રામની ભૂમિકા ભજવવા માટે નોનવેજ છોડી દીધું હોવાનો દાવો હવે ખોટો છે એમ સાબિત થઇ ચૂક્યું છે.

તો કેટલાકે આવું પીઆર રણબીરનો દંભ હોવાનું પણ જણાવ્યું છે. આ લોકોનું એવું કહેવું છે કે જો રણબીર નોનવેજ ખાવાનું છોડી જ ન શકતો હોય તો પછી આવો દંભ કરવાની શી જરૂર છે? જોકે, એ શોમાં હોસ્ટ રણબીરની ડીશમાં એ નોનવેજ આઈટમ પીરસી રહ્યો હોય એવું દેખાતું નથી. બીજું, રણબીરની ડીશના લોંગ શોટ્સ જ છે, જેથી એ કળી શકાતું નથી કે એણે નોનવેજ ખાધું છે કે નહીં. એટલે અત્યારે તો રણબીરને ‘શંકાનો લાભ આપીને’ છૂટો કરી દેવો જોઈએ...તમે શું કહો છો?

### ‘ધુરંધર’ને છુપાવવામાં આવશે

રણબીરની વાત જાણી તો ચાલો , હવે દીપિકા પતિ રણવીરની વાત કરીએ. રણવીર સિંહની ‘ધુરંધર’ ૫ ડિસેમ્બરે રિલીઝ થશે. એ પહેલાં ટીઝર અને પછી ટ્રેલરે રીતસર આ ફિલ્મ જોવાની ઇન્તેજારી વધારી દીધી છે. હવે આ ઇન્તેજારીમાં પંક્ચર ન પડે એટલા માટે ફિલ્મનાં મેકર્સે એક નિર્ણય લીધો છે. આ નિર્ણય એ છે કે ફિલ્મના પ્રમોશનમાં રણવીર સિંહ દેખાશે જ નહીં (અથવા તો બહુ ઓછો દેખાશે). આ નિર્ણય પાછળ બે સોલીડ કારણ પણ છે. પહેલું કારણ એ છે કે રણવીર સિંહ પોતે આ રણનીતિ સાથે સંમત થયો છે. રણવીર એમ માને છે કે ૨૦૨૨માં આવેલી ‘સર્કસ’ના પ્રચારમાં એ ઓવર એક્સપોઝ થઇ ગયો હતો એમાં ફિલ્મ બોક્સ ઓફિસ પર ઊંધેકાંધ પછડાઈ હતી. બીજું કારણ છે ‘અધૂરું તોય મધુરું’નો સિદ્ધાંત. એટલે કે જે રીતે ‘સૈયારા’ અને હાલમાં આવેલી ફિલ્મ ‘એક દીવાને કી દીવાનીયત’ ખૂબ ઓછા પ્રચાર કરવા છતાં મોટી સફળતા મેળવવી એ છે...

જો મુખ્ય પાત્ર જ પ્રચારમાં ઓછો દેખાય તો દર્શકોમાં એ પાત્ર વિષેની ઉત્કંઠા વધી જાય. આમ કરવાથી વધુને વધુ લોકો આ ‘ધુરંધર’ને જોવા મલ્ટિપ્લેક્સ છલકાવી દે. અગાઉ ‘વોર ૨’ માટે તેના બે કલાકારોને એક સાથે પ્રચાર ન કરવા દેવાની રણનીતિ તો નિષ્ફળ ગઈ હતી, હવે જોઈએ ‘ધુરંધર’નું શું થાય છે!

### અણધાર્યો પ્રગટ્યો છે ‘કમાઉ દીકરો’

જાણીતી કોરિયોગ્રાફર કમ ફિલ્મ ડાયરેક્ટર ફરાહ ખાને હમણાં એક સનસનાટીભર્યો ખુલાસો કર્યો છે કે એની ત્રણ ફિલ્મ : ‘મૈ હું ના’, ‘ઓમ શાંતિ ઓમ’, અને ‘હેપ્પી ન્યૂ યર’ ભેગી થઈને જેટલી કમાણી નથી કરી એનાથી વધુ એની યુટ્યુબ ચેનલ કમાણી કરી રહી છે! ફરાહ ખાને મોજ મસ્તીમાં એના રસોઈયા દિલીપ સાથે રીલ્સ બનાવવાનું શરૂ કર્યું હતું. આ રીલ્સને ન ધારેલી લોકપ્રિયતા મળતાં ફરાહે એક યુટ્યુબ ચેનલ શરૂ કરી. અહીં પણ આ બંનેની વાતો જબરી વાયરલ થઇ રહી છે અને અત્યારે આ ચેનલના ૨૫ લાખથી પણ વધુ સબસ્ક્રાઈબર્સ થઇ ગયા છે. ‘યુટ્યૂબનું અર્થતંત્ર’ જ એવું છે કે જે વધુ સબસ્ક્રાઈબર્સ ધરાવતાં હોય તેને વધુ વ્યુઝ આપે જેમાં જાહેરાતોની સંખ્યા પણ વધુ હોય એટલે સ્વાભાવિકપણે કમાણી વધુ થાય જ.



ફરાહ ખાન કૂક સાથે

એક પોડકાસ્ટમાં ફરાહે પોતે અત્યારે યુટ્યૂબમાંથી ‘અઢળક કમાણી’ કરી રહી હોવાનું સ્વીકાર્યું છે. એના કહેવા પ્રમાણે, તેની રોજીંદી અને વાર્ષિક આર્થિક જરૂરિયાતોની પૂર્તિ ઉપરાંત તેનાં ત્રણેય બાળકોની ફી પણ આ જ કમાણીમાંથી તે ભરે છે. ફરાહ સાથે એનો કૂક દિલીપ પણ સ્ટાર બની ગયો છે તો એનું દેવું પણ ચૂકવાઈ ગયું છે અને અત્યારે એ પણ યુટ્યૂબની કમાણીથી પોતાનું ઘર પણ બનાવી રહ્યો છે. આવા કમાઉ દીકરા બધાને મળે અને ફળે! ■


### કટ એન્ડ ઓકે...

*‘જો તમને કોઈ ભળતા નંબર પરથી મારું નામ લઈને વોટ્સ એપ મેસેજ કે કોલ આવે તો તુરંત બ્લોક કરજો... કારણ કે એ હું નથી!’*
*એક્ટ્રેસ રકુલ પ્રીત સિંહ*




અરવિંદ વેકરિયા

# દુનિયાની કોઈ પણ મુશ્કેલી તમારી હિંમત કરતાં મોટી નથી હોતી



કોમેડીનો જાણકાર અને ઈમોશનલ સીન્સ સારી રીતે મંચન કરી શકે એવાં કલાકારની શોધમાં અને રાહમાં મેં મારી હિંમત, મારું પેશન ટકાવી જ રાખેલું. કહે છે કે દુનિયાની કોઈ પણ મુશ્કેલી તમારી હિંમત કરતાં મોટી નથી હોતી. મારે વધારે રાહ જોવી ન પડી એનો આનંદ...કારણ કે ક્યારેક જ મળી જતી એક અજાણી વ્યક્તિએ મને એવા કલાકારને મોકલવાની અને યોગ્ય લાગે તો કામ આપવાની વાત કરી હતી અને વિશ્વાસે તો વહાણ પણ તરી જાય.!

બીજે દિવસે અમે બધાં સાંજે રિહર્સલ માટે ભેગા થયાં. આવેલ સ્ક્રિપ્ટનું પ્રાથમિક રીડિંગ શરૂ કર્યું. દિનેશ કોઠારી આવેલ, એનાં અનુવાદિત નાટક અંગે કોઈ પ્રશ્ન થાય તો જવાબ આપવા.

મારી તાલાવેલી પેલી વ્યક્તિએ કહેલ એ કલાકારની રાહ જોવા માટે વધતી જતી હતી. અમે રીડિંગ ચાલુ રાખ્યું. સમયનું ચકરડું ફરતું હતું અને મારી નજર ઘડિયાળનાં ડાયલ ઉપર ફરતી હતી. તુષારભાઈ સમજી ગયા કે હું કેમ અસ્વસ્થ છું. મને કહે ‘ આવશે આવવું હશે ત્યારે અને તો. આપણે ક્યાં નાટક આજે ને આજે ઓપન કરવાનું છે, સમય ઘણો છે આપણી પાસે! બધું ઉપરવાળા ઉપર છોડી દો.’

એમની વાત સાચી હતી. ઈશ્વર એટલે આપણા આત્માનાં સારથી જ ને? મેં ફરી મારું ધ્યાન વાંચન પર કેન્દ્રિત કરી અને મગજને એ કલાકારના વિચારમાંથી મુક્ત કરવાનો શક્ય પ્રયત્ન કર્યો. એ કલાકારની તો રાહમાં હતો જ સાથે જયંત વ્યાસે બે દિવસનું પોદળામાં સાંઠીકડું ખોસેલું એની પણ ચિંતા હતી. જો બે દિવસ પછી જયુકાકાની ‘ના’ આવી તો ફરી મારે ‘કલાકાર-ફેરી’ શરૂ કરવી પડશે અને કાં મારે કૂદકો મારવો પડશે જે હું ઈચ્છતો નહોતો. મારી બા (મમ્મી) મને કહેતાં :

‘ચિંતા નહિ કરવાની. એ તો પડશે એવાં દેવાશે’ આ વાત મારા મસ્તિષ્કમાં ચોટાડી દેવાનો પ્રયત્ન કરતો રહ્યો.

લગભગ રાતના આઠ વાગ્યાં હશે અને એક શરીરે થોડો રુષ્ટપુષ્ટ યુવક મારા નામની પૂછપરછ કરતો પ્રવેશ્યો. ‘મને ફલાણી વ્યક્તિએ એમને મળવાનું કહ્યું છે.’ મેં ઊભા થઈ એની સાથે હાથ મેળવ્યો. અમિતા રાજડા સામે જોઇને લાગ્યું કે પતિ-પત્ની તરીકે જોડી જામે એવી હતી.

‘બહુ મોડું થયું આવવામાં, અમે તો છ વાગ્યાથી તારી રાહ જોઈએ છીએ’ મેં કહ્યું. એનો જવાબ સાંભળી હું જરા ઠંડો પડી ગયો. એણે મને કહ્યું કે ‘મારો શો ભાઈદાસ-પાર્લામાં બપોરે સોલ્ડ આઉટ હતો. છૂટીને સીધો અહીં આવ્યો.’ મેં ‘...અચ્છા...અચ્છા...’ તો કહ્યું પણ મનમાં કઈ ‘અચ્છું’ નહોતું. મેં પૂછ્યું ‘તું બીજા નાટકમાં કામ કરે છે?’

મને કહે, ‘હા,અરવિંદ જોશીનું નાટક,‘એની સુગંધનો દરિયો’. ફરી મેં મૌન સેવ્યું. પૂછ્યું : ‘તો એ નાટક તું છોડી દેવાનો છે?’ એણે કહ્યું,

‘હા.. એ નાટકમાં થોડું પ્રોડકશન-વર્ક સાથે નાની એન્ટ્રી કરું છું. મારે સારો રોલ કરવો છે. અરવિંદભાઈને નાટક લેતા પહેલાં જ કહેલું કે મને જો સારો રોલ મળશે તો હું એ નાટક કરીશ. એમની એક શરત હતી કે તું તારાં જેવો બીજો કલાકાર તૈયાર કરીને મને આપજે પછી તું છુટ્ટો. આ અમારું કમિટમેન્ટ છે. હું અહીં આવ્યો છું પણ તમને કમિટ નથી કરતો. હા, રોલ ગમશે તો સાથે કામ કરીશું નહીતો એક મુલાકાત ગણી ભવિષ્યમાં મળીએ ત્યારે હાય-હેલ્લો કરતાં રહીશું.’

હું અત્યારે પણ આટલાં આત્મવિશ્વાસ સાથે બોલી નથી શકતો, જ્યારે આ યુવકમાં તો જાણે આત્મવિશ્વાસ ઠાંસીઠાંસીને ભર્યો હોય એમ ફૂટતી ધાણીની જેમ બોલી ગયો. ગજબનું વ્યક્તિત્વ થયું. રંગમંચ પરનાં પગથિયેથી ઊતરતા વાગતી તાળીઓ એ તમારાં અભિનયની ક્ષમતા પર આધારિત હોઈ શકે પણ એનાં પગથિયા પર ચઢતી વખતે વાગતી તાળીઓ તમારા વ્યક્તિત્વને આધારિત હોઈ શકે.

મેં એને સીન વાંચવા આપતાં પહેલાં એનાં રોલ માટેની વાત કરી. દિનેશ કોઠારીએ પણ લેખક તરીકે ટાપસી પુરાવી. થોડો વિચાર કરીને એ કહે ‘રોલ નોકરનો હોય કે શેઠનો...નાટકની વાર્તા અને મારો રોલ મને ગમ્યાં. હું મારાં તરફથી આ નાટક કરવા તૈયાર છું.’


આટલી વાત પછી ફરી અમે નોકર-નોકરાણીનો સીન વાંચ્યો. એનું ટાઈમિંગ અને અવાજનો થ્રો સાથે વાંચતી વખતે ચહેરા પર ફરતાં રહેતા એના હાવભાવ મને ગમ્યાં.

મારા તરફથી મેં એને ગ્રીન સિગ્નલ આપી દીધું. મહેનતાણું (કવર) પણ નક્કી કરી લીધું. મેં કહ્યું ‘રિહર્સલ રોજ ૬ થી ૯/૯.૩૦ સુધી કરીશું તો ફાવશેને?’ એ બાબત એને વાંધો નહોતો. પછી મેં મૂળ વાત પૂછી,‘અરવિંદ જોશીનું નાટક છોડી તું મારી સાથે કામ કરીશ તો, બંને અરવિંદ વચ્ચે મનદુ:ખ ન થવું જોઈએ...અરવિંદભાઈ તો અભિનયનાં બાદશાહ અને બહોળા અનુભવના માલિક, જ્યારે આ ‘અરવિંદ’ તો હજી ઊગીને ઊભો થાય છે’

એ મને કહે : ‘જુઓ, હું એમને કાલે વાત કરી લઈશ, પછી તમે અરવિંદભાઈને ફોન કરજો. અરવિંદ જોશી કમિટમેન્ટનાં માણસ છે. તમને એવું કઈ લાગે તો મને જણાવી દેજો. કાલે બપોર સુધીમાં હું ફોન કરી તમને જણાવી દઈશ.’ મેં પૂછ્યું : ‘ક્યા રહે છે?’

યાદ છે ત્યાં સુધી પાર્લા કહેલું. એમનાં પપ્પા ડોક્ટર, જેમની પ્રેક્ટિસ જોગેશ્વરીમાં ચાલતી હતી. ‘અરવિંદભાઈ સાથે વાત કરી કાલથી જ હું રિહર્સલમાં આવી જઈશ. હા, વચ્ચે શો આવે તો મને છોડજો. મારી જગ્યાએ બીજો કલાકાર મેં નક્કી કરી જ રાખ્યો છે... એને દિવસ દરમિયાન તૈયાર કરી દઈશ. એ પછી કોઈ પ્રોબ્લેમ તમને નહિ થાય. પૂરેપૂરો તમને સમર્પણ.’ કહી મલક્યો.

પેલી અજાણી વ્યક્તિએ સાચું દિશા નિર્દેશન કર્યું. બાકી સાચી દિશા અને સાચા સમયનું જ્ઞાન ન હોય તો આપણને ઊગતો સૂરજ પણ આથમતો લાગે. પણ મારા નાટક માટે જાણે કલાકારના રૂપે સૂરજ ઊગ્યો. એ કલાકાર એટલે....... ■




*પિતા: બેટા, આજે સ્કૂલમાં લેશન કર્યા વગર જ જજે*
*દીકરો: ... પણ પપ્પા, લેસન કર્યા વગર જઈશ તો તમને ફોન કરવા તમારો નંબર માગશે.*
*પિતા: એટલે જ કહું છું. હું સામેથી આપું તો સારું ન લાગે.*

સ્ટાર-યાર-કલાકાર
સંજય છેલ

# પાજી-ધરમપાજીઃ સદાબહાર-દિલદાર દેશની માટીના અદાકાર


ધરમજીને પહેલીવાર સદેહે નહીં, પણ સ-સ્વરે મળ્યો ૨૦૦૧-૨માં.

ધરમજીની પુત્રી એશા દેઓલ-જીતુપુત્ર તુષાર કપૂર સાથે હું ‘ક્યા દિલને કહા’ ફિલ્મ બનાવી રહ્યો હતો, જેનું શૂટિંગ હૈદરાબાદમાં મોડી રાત સુધી લંબાતું.

એકવાર ધરમજીએ મને ફોન પર ગંભીર અવાજે કહ્યું :

‘પુત્તર, બચ્ચી કો લેટ તક શૂટિંગ કરવાતા હૈ? થક નહીં જાયેગી? પેક અપ કરો!’

ત્યારે ધરમજીનો ‘ખૂન પી જાઉંગા’વાળો ડાયલોગ મનમાં ગુંજ્યો એટલે તરત એશાને હોટેલ પરત મોકલી. આવું સતત ૨-૩ રાત ચાલ્યું પછી એકવાર એશાએ કહ્યું, ‘સિર્ફ પહેલે દિન ધરમજીને ફોન કિયા થા, બાકી સારે ફોન ધરમજી કે ભાઈ અજીતસિંઘ દેઓલને કિયે થે. ઉનકી આવાઝ સેમ-ટુ-સેમ હૈ. ધરમજી સબસે ઐસી મઝાક સબસે કરતે હૈ. પ્રોડ્યુસર સે પૈસે નિકલવાને ભી!’



આવા હતા પાજી-ધરમપાજી!

મારી પહેલી સદેહે મુલાકાત, ધરમજીના લોનાવાલાના ફાર્મ હાઉસમાં ૨૦૦૪માં થઈ. ત્યારે સની સ્ટારર હું ‘જો બોલે સો નિહાલ’ લખતો હતો. હું બગીચામાં સનીની રાહ જોતો હતો ત્યાં માથે ફાળિયું પહેરેલ, ગંજીધારી, ખભે ગમછાવાળો તડકામાં કાળો પડેલ મજૂર જેવો માણસ આવ્યો.

મેં એને પૂછ્યું, ‘સની કહાં હૈ?’

એણે મને ભડકીને કહ્યું :

‘સની કો છડ્ડુ....મેં ધરમ તૈનું નહીં દિખતા?!’

આખા શરીર પર માટી, કાદવ-આવા કપડામાં ધરમજીને કેમ કલ્પી શકાય? એ અરસામાં ધરમજી ફાર્મહાઉસમાં ખેતી કરતાં. પછી થોડીવારે બહાર ઢોલ-શરણાઈના અવાજ આવ્યા, જાણે ઘરમાં કોઈ શુભપ્રસંગ હોય. બહાર જોયું તો નાનકડું નવું ટ્રેક્ટર ખરીદવામાં આવેલું. ટ્રેકટરની આસપાસ ધરમજી ખુદ અને એમના સગાંવહાલાં ભર બપોરે ભાંગડા કરતા હતા...!

૫૫ વરસ સુધી ૨૩૦ ફિલ્મ કરનારો આટલો મોટો સ્ટાર આટલો ભોળો, સરળ ને માટીથી જોડાયેલો હતો. આવું મેં પહેલી ને છેલ્લીવાર જ જોયું છે. કોઈ આડંબર, સ્ટારડમ- કોઈ નખરાં નહીં. એક પંજાબી કિસાન, જે છેલ્લે માટીમાં મળી ગયો ત્યાં સુધી માટીનો જ માણસ બનીને રહ્યો.

આમેય ધરમજી ઘણી બધી રીતે ખરેખર અલગ માટીના માણસ હતા. ધરમજી શરૂઆતના સંઘર્ષના દિવસોમાં બાંદ્રાના ‘મરિના ગેસ્ટ હાઉસ’માં રહેતા. ત્યાંની મનમૌજી માલકણ ક્યારેક કલાકારોને કાઢી મૂકતી ને પછી પાછા બોલાવીને રાતે જમાડતી. ધરમજી- મનોજ કુમાર જેવાં બેકાર કલાકારોનું એ માવતર. એ સ્ત્રી જીવી ત્યાં સુધી ધરમજી એને પૈસા મોકલતા- એને સાચવતા.

ધરમજીના સ્ટારડમ-અફેર્સ- સફળતા પર ઘણાં લખી ચૂક્યા છે- લખે છે પણ મને રસ છે ધરમજી નામના નખશીખ માણસમાં. ખામી ને ખૂબીવાળા ખૂબસૂરત ઈન્સાનમાં, જેમને ૧૯૫૮માં ‘ટાઇમ’ મેગેઝિને ‘સૌથી હેન્ડસમ ચહેરા’ તરીકે બિરદાવેલો. ધરમજી એવા દિલદાર કે સ્ટાર બન્યા બાદ પોતાના બંગલામાં મસમોટો સંયુક્ત પરિવાર બોલાવી લીધેલો. એમના ગામથી શું, પંજાબથી યે કોઈ નોકરી-ધંધા કે એક્ટર બનવા આવે તો ધરમજીને ત્યાં જ ધામા!

જુહૂમાં યશ ચોપરાની બાજુમાં જ ધરમજીનો બંગલો. યશજી સાથે એમના સંબંધો થોડા ખાટા-મીઠાં, પણ યશજીની ફેમિલીમાં કોઈ લગ્નપ્રસંગ હતો ત્યારે યશજીને મદદ કરવા ધરમજીએ બે બંગલા વચ્ચેની આખી દીવાલ જ તોડવીને કહ્યું,

‘યે લો સાફ઼ા ઘર.. ત્વાડા ઘર!’

ધરમજી ભલે એક્શન હીરો હતા, પણ દિલના કોમળ કવિ હૃદય. હૃષિકેશ મુખર્જી સાથે ‘સત્યકામ’ જેવી, મારામારી- મસાલા વિનાની ફિલ્મ નિર્માણ કરેલી ને નુકસાન વેઠેલું. કહેવાય છે કે ‘સત્યકામ’ની પબ્લિસિટી એટલી બધી કરેલી કે ગ્રાંટરોડ અને ચર્નીરોડ બે સ્ટેશનની વચ્ચે બેઉ બાજુ ‘સત્યકામ’નાં જ પોસ્ટર્સ ...

એ દિવસોમાં ફિલ્મલાઇનમાં મજાક થતીઃ

‘મુંબઈ મેં નયા સ્ટેશન આયા હૈ. ગ્રાંટરોડ કે બાદ ‘સત્યકામ’ ઔર ઉસકે બાદ ચર્નીરોડ!’

‘સત્યકામ’ પછી પણ ‘દિલ્લગી’ (૧૯૭૮) જેવી રોમેંટિક કોમેડી (બંગાળી નોવેલ ‘કાલિદાસ ઓ કેમેસ્ટ્રી) પરથી બનાવેલી ને ૧૯૮૧માં ‘સની’ જેવી ગંભીર ફિલ્મ બનાવેલી. દિલદાર ધરમજી ગરીબ પ્રોડ્યુસરોનાં પૈસા છોડી દેતા. દેવેન વર્મા જેવા મિત્ર-નિર્માતાના શૂટિંગમાં રાત રાત જાગીને કામ કરતાં, જ્યારે કે એ એમનો મહેફિલનો સમય હોય! એકવાર ગોવામાં શૂટિંગના છેલ્લા દિવસે સૂર્યોદયનું શૂટિંગ હતું. ધરમજીનાં કપડાં ભૂલાઈ ગયેલા. આસિસ્ટંટ ડિરેક્ટરે ધરમજીને વિનંતી કરી કે કાલે ફરી આવવું પડશે ને બજેટ છે નહીં. ધરમજી તરત રસ્તા પર દોડ્યા, કોઇ ટ્રક ડ્રાઇવરને રોકયો. પંજાબીમાં એને પટાવીને એનો મેલો કૂર્તો પહેરીને શૂટિંગ કરવા આવ્યા, જેથી સવારની ‘સન-લાઇટ’ જાય નહીં.

‘ટ્રક ડ્રાઇવર’થી યાદ આવ્યું કે એ જ ધરમજી બગડે તો કોઈના નહીં. ‘શોલે’ ને ‘રામ-બલરામ’ પછી ક્યારેય અમિતાભ સાથે કામ ન કરવાની કસમ ખાધેલી. એકવાર હૈદરાબાદમાં અમિતજીની ફિલ્મ ‘આખરી રસ્તા’નું શૂટિંગ ચાલતું, એમાં ટ્રક ડ્રાઇવરનો મહેમાન કલાકાર જેવો એક સીન હતો. અમિતજીના નિર્માતાએ હૈદ્રાબાદમાં જ શૂટિંગ કરી રહેલા ધરમજીને વિનંતી કરી. ૨-૪ પેગ પીને રાજાપાઠમાં આવેલા ધરમજી તરત માની ગયા ને સીન શૂટ કર્યો. ફિલ્મ પૂરી થઇ ત્યારે નિર્માતા ‘ડબિંગ’ માટે ધરમજી પાસે ગયા. ધરમજીએ નિર્માતાને ઓળખવાથી જ ઇનકાર કર્યો ને કહ્યું, ‘વો તો લંબુકી ફિલ્મ હૈ. મૈં ક્યું ઉસકી ડબિંગ કરું?’ નિર્માતાએ બહુ સમજાવ્યું પણ ધરમજીને એ શૂટિંગ યાદ જ નહીં. ખુદ અમિતાભે વિનંતી કરી પણ એય વ્યર્થ!

વાત ફિલ્મનિર્માતા સંઘ પાસે ગઈ. સૌએ ધરમજીને વીડિયો પર એ સીન દેખાડ્યો, તોયે ધરમજી કહેઃ ‘સાલે કમાલ કે ફ્રોડ લોગ હૈ! જિસકી શૂટિંગ હી નહીં કી ઉસમેં મુઝે ‘ટ્રિક ફોટોગ્રાફી’ સે ડાલ દિયા, મૈં કોર્ટ જાઉંગા...’

આખરે કોઈ મિમિક્રી કલાકાર પાસે એ સીનનું ડબિંગ કરીને ફિલ્મ રીલિઝ કરવી પડી, પણ ધરમપાજી ના જ માન્યા!

ધરમજીની રાજેશ ખન્ના સાથે ઓન ને ઓફ, દોસ્તી-દુશ્મની ચાલે. કાકાજીને એ ‘ટકલો’ કહેતા ને ખન્ના એમને પહેલવાન. ધરમજી હૃષીદાને રીસાઇને કહેતા કે ‘હાં, હાં, ખન્ના તો બડા ‘કલાકાર’ હૈ ના? હમ તો ફાઇટર ઠહેરે!’ (‘ગુડ્ડી’ ફિલ્મમાં ધરમજીએ ખન્ના પર ટોણો પણ મારેલો) કારણ એટલું જ કે હૃષીદાએ ‘આનંદ’ ફિલ્મનો રોલ પહેલાં ધરમજીને સંભળાવેલો પછી રાજેશ ખન્ના સાથે ફિલ્મ એનાઉન્સ કરી. એ રાત્રે ધરમજીએ નશામાં આખી રાત હૃષીદાને ‘આનંદ’ માટે ધમકાવેલા ને સવારે માફી માગેલી.

ધરમજી નવા નવા હતા ત્યારે એક્ટિંગમાં કાચા ઠરે તો બિમલ રોય જેવાં નિર્દેશક સામે બાળકની જેમ રડી પડતા ને ‘મૈં ગાંવ ચલા જાઉંગા’ની ધમકી આપતા. કહેવાય છે પંજાબના પોતાના ગામમાં ધરમજી એકવાર શૂટિંગમાં તળાવની પાળ પર બેઠેલા. પછી આખું ગામ એ ‘પાળ’ને જોવા રોજ સાંજે ભેગું થાય કે ‘અહીં આપણો ધરમ બેઠેલો, બોલો!’ કદાચ એ ગામ જ ધરમજી જેવું લાગણીશીલ કે ભોળું હશે?

‘દોસ્તી’ ફિલ્મ રિલીઝ પહેલાં ના ગમી તો નિર્દેશક દુલાલા ગુહાને ગાળો આપી ધમકાવેલા. પછી એ જ ફિલ્મ હિટ થઇ તો સવારસવારમાં દુલાલ ગુહાના ઘરે જઇને પગે પડીને માફી માગેલા એવા સરળ, ધરમજી!

બીજી તરફ, ૧૯૭૦-૮૦ ની ગોસિપ પત્રકાર દેવયાની ચૌબલે ધરમજી-હેમાજી વિશે કશુંક એલફેલ લખેલું પછી ધરમજી જ્યારે દેવયાનીને જુએ ત્યારે સ્કૂલના બાળકની જેમ મારવા દોડતા!


ધરમજી એટલે બોલિવૂડમાં પહેલીવાર શર્ટ ઉતારનાર હીમેન... ‘ચુપકે-ચુપકે’ કે ‘પ્રતિજ્ઞા’ જેવી ફિલ્મોમાં બેનમૂન કોમેડી કરનાર દિલદાર સદાબહાર સ્ટાર ને દેશની માટીનો કલાકાર.

...અને હા, ધરમજી કહેતાઃ ‘મેરે જાને કે બાદ જુહૂ કે કૂત્તે મુઝે ઝરૂર યાદ કરેંગે કિ ‘કૂત્તે- કમીને તેરા ખૂન પી જાઉંગા’ અબ કોઇ નહી કહેગા...’

સાચે જ...! ■

મનોરંજનનું મેઘધનુષ
ઉમેશ ત્રિવેદી

## બોલિવૂડમાં ખાન ત્રિપુટી ને અક્ષય કુમારને ટક્કર આપતો ‘લવરબોય’ની ઈમેજવાળો કલાકાર



# કાર્તિક આર્યન

માતા-પિતા અને બહેન એમ ત્રણેય ડોકટર છે. પિતા અને બહેન બન્ને બાળ રોગના નિષ્ણાત અને માતા સ્ત્રી રોગ નિષ્ણાત, આવા કુટુંબમાં જન્મેલા કાર્તિક તિવારીનો જન્મ ૨૨ નવેમ્બર, ૧૯૯૦ના મધ્ય પ્રદેશ ગ્વાલિયરમાં થયો છે. હાલમાં જ તેણે પોતાનો ૩૫મો જન્મદિવસ ધામધૂમથી ઉજવ્યો છે. કાર્તિક તિવારીને આજે લોકો એક સફળ કલાકાર કાર્તિક આર્યન તરીકે ઓળખે છે.

નવી મુંબઈની ડી. વાય. પાટિલ કોલેજ ઑફ એન્જિનિયરિંગમાંથી તેણે એન્જિનિયરની ડિગ્રી મેળવી છે,પણ કોલેજમાં હતો ત્યારથી જ કાર્તિક આર્યન ફિલ્મોમાં આવવા માગતો હતો. કોલેજમાં લેકચર - કલાસ છોડીને તે ઓડિશન આપવા માટે ટ્રેનમાં બે કલાકની મુસાફરી કરીને નવી મુંબઈથી આવતો હતો. કોલેજમાં હતો ત્યારથી જ તેણે મોડેલિંગની શરૂઆત કરી દીધી હતી. ત્રણ વર્ષ સુધી સતત ઓડિશન આપ્યા છતાં તેને એક પણ ફિલ્મ મળી નહોતી એટલે તેણે અભિનયનો કોર્સ કરવાનું નક્કી કર્યું.

પહેલી ફિલ્મ સાઈન કર્યા પછી જ ઘરમાં માતા-પિતાને પોતે અભિનેતા બનવા માગે છે એની જાણ કરવાનો નિર્ણય કર્યો હતો. કોલેજના ત્રીજા વર્ષમાં હતો ત્યારે લવરંજનની ફિલ્મ ‘પ્યાર કા, પંચનામા’ તેણે સાઈન કરી હતી. તે સમયે તે બીજાં ૧૨ કલાકાર સાથે એક એપાર્ટમેન્ટમાં રહેતો હતો અને આ ‘રૂમમેટ’ માટે ખાવાનું બનાવી નાણા કમાતો હતો. પહેલી જ ફિલ્મમાં તેને સફળતાનો સ્વાદ ચાખવા મળ્યો હતો.

કાર્તિક આર્યન ભણવાનું છોડીને કલાકાર તરીકે આગળ વધવા માગતો હતો, પણ માતાના કહેવાથી તેણે એન્જિનિયરિંગની ડિગ્રી મેળવી અને પાછો અભિનય કરવા લાગ્યો હતો. ‘પ્યાર કા પંચનામા’ ૨૦૧૧માં આવી હતી. આજે ૧૪ વર્ષની કારકિર્દી પછી કાર્તિક આર્યન અત્યારે બોલિવૂડમાં પોતાનું એક સ્થાન જમાવી ચૂકયો છે.

૨૦૧૩માં તેણે લવરંજન સાથે ફરી એક ફિલ્મ કરી ‘આકાશવાણી’ તેમાંય તેની હિરોઈન નુસરત ભરૂચા જ હતી. ત્યાર પછી ૨૦૧૪માં સુભાષ ઘાઈની ફિલ્મ ‘કાંચીઃ ધ અનબ્રેકેબલ’માં નાનકડી ભૂમિકા સ્વીકારી હતી. આ ફિલ્મ કરવાનું કારણ નિર્માતા-દિગ્દર્શક સુભાષ ઘાઈ હતા. કાર્તિકને મોટું બેનર મળતું હતું, પણ આ ફિલ્મમાં ય તેને નિષ્ફળતા જ મળી. ત્યાર બાદ ૨૦૧૫માં તેણે ફરી લવરંજન અને નુસરત ભરૂચા સાથે ‘પ્યાર કા પંચનામા-ટુ’ કરી, જે બોક્સ ઓફિસ પર સફળ થઈ.

૨૦૧૬ અને ૨૦૧૭માં તેને ફરી નિષ્ફળતા મળી. તનુજા ચંદ્રાની ફિલ્મ ‘સિલવટ’ અને ‘ગેસ્ટ ઈન લંડન’ આ બંને ફિલ્મ ફલોપ. જોકે ૨૦૧૮ પછી કાર્તિક આર્યનને પાછળ જોવાની ફુરસદ નથી મળી. ‘સોનુ કે ટીટુ કી સ્વીટી’, ૨૦૧૯માં ‘લુકા છુપી’, ૨૦૧૯માં ‘પતિ, પત્ની ઔર વોહ,’ ૨૦૨૦માં ‘લવ આજકલ’, ૨૦૨૧માં ‘ભુલ ભુલૈયા-ટુ’, પછી ‘ભુલભુલૈયા-થ્રી’, ‘સત્ય પ્રેમ કી કહાની’ જેવી હીટ ફિલ્મો તેનાં ફાળે આવી.

આ દરમિયાન માત્ર ૧૫ દિવસના શૂટિંગમાં તેણે પૂરી કરેલી ફિલ્મ ‘ધમાકા’ સીધી ઓટીટી પર રિલીઝ થઈ. ઓટીટી પર જ તેની ‘ફ્રેડી’ પણ રજૂ થઈ. આ બંને ફિલ્મમાં તેનાં અભિનયના ખૂબ જ વખાણ થયા. ૨૦૨૪માં તેની મુરલીકાંત પેટકરના જીવન પર બનેલી ફિલ્મ ‘ચંદુ ચેમ્પિયન’ રિલીઝ થઈ. બોકસ ઓફિસ પર તેને જોઈએ એવી સફળતા ન મળી, ૨૦૨૩માં તેની ‘શહજાદા’ પણ ફલોપ થઈ, એ પછી રણબીર કપૂરની ‘તૂ જુઠી મૈં મક્કાર’માં ચાન્સ મળ્યો, પણ ઠીક ઠીક સફળ થયેલી એ ફિલ્મમાં કાર્તિક ખુદ ખોવાઈ ગયો... હવે તેની ‘તૂ મેરી મૈં તેરા - મૈં તેરા તૂ મેરી’, અનુરાગ બાસુની એક ફિલ્મ અને ‘નાગઝીલ્લા’ નામની ફિલ્મ રિલીઝ થવાની છે.

કાર્તિક આર્યનની ગણના અત્યારે આમ તો બોલિવૂડના સફળ કલાકાર તરીકે થાય છે તેમાં ‘ભુલભુલૈયા-ટુ’ અને થ્રીનો ખૂબ જ મોટો ફાળો છે. અત્યારે તો એ અક્ષય કુમાર અને ખાન ત્રિપુટીને બરાબરની ટક્કર આપી રહ્યો છે. ■

OTTનું હોટસ્પોટ

## ૨૯ નવેમ્બર થી પાંચ ડિસેમ્બર સુધી શું જોશો?

‘નેટફિલકસ’ પર અત્યારે યશ ચોપરાની અદ્‌ભુત ફિલ્મોનો ફેસ્ટિવલ ચાલી રહ્યો છે. આગામી શુક્રવાર પાંચ ડિસેમ્બરે રણવીર સિંહની ફિલ્મો એક સાથે જોવાની તક મળવાની છે. પાંચ ડિસેમ્બરે રણવીર સિંહની ‘યશરાજ’ બેનરની પહેલી ફિલ્મ ‘બેન્ડ બાજા બારાત’ જોવા મળશે ત્યાર પછી આખા દિવસમાં બેફિક્રે, ગુંડે, કિલદિલ અને લેડીઝ વર્સિસ રિક્કી બહલ જેવી ફિલ્મો જોઈ શકાશે.

* ઝી ફાઈવઃ આ ઓટીટી ચેનલ પર આ એટલે કે ૨૮ નવેમ્બરે અલગ - અલગ વિષય ધરાવતી કેટલીક અદ્‌ભુત ફિલ્મો જોવા મળશે. તેમાં ‘રક્તબીજ-ટુ’, ક્રાઈમ થ્રીલર ‘રેગાઈ’, સાયન્સ ફિકશન હોરર ફિલ્મ ‘પ્રિમીટીવ વોર’ જોવા મળશે.

* એમેઝોન પ્રાઈમઃ એમેઝોન પ્રાઈમ પર અત્યારે સસ્પેન્સ ફિલ્મો ધૂમ મચાવી રહી છે. તેમાં જહોન અબ્રાહમની ‘નો સ્મોકિંગ’, આમિર ખાન, જિયા ખાનની ‘ગજની’ અને અલગ જ ભાત પાડતી ફિલ્મ ‘તલવાર’નો સમાવેશ થાય છે. ઈરફાન ખાન - કોંકણા સેન શર્મા અભિનિત આ ફિલ્મ એક ક્રાઈમ - થ્રીલર ફિલ્મ છે, જે ૨૦૦૮માં નોઈડામાં થયેલા ‘ડબલ મર્ડર’ને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી છે. મેઘના ગુલઝાર દિગ્દર્શિત આ ફિલ્મ વિદેશી ફિલ્મ ફેસ્ટિવલમાં ખૂબ જ વખણાઈ હતી. ■


## ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

### ક્વિઝ (અ)

આ ફિલ્મોમાં કયા જાણીતા અદાકારે મહેમાન કલાકારની ભૂમિકા ભજવી છે? એ ફિલ્મોના દિગદર્શક કોણ એ જાણો છો?

૧) ઘર કા ચિરાગ
૨) કુંવારા બાપ
૩) છોટી સી બાત
૪) નસીબ
૫) ઓમ શાંતિ ઓમ
૬) ચરનદાસ
૭) ચલા મુરારી હીરો બનને ..




### ક્વિઝ (બ)

‘ઠંડી’ શબ્દ સાથે શરૂ થતાં આ ગીતો કઈ ફિલ્મના છે?

૧) ઠંડી ઠંડી હવા મેં દિલ લલચાય હાય જવાની દીવાની પંખ બીના યે...
૨) ઠંડી હવા ને ગોરી કા ઘૂંઘટ ઉઠા દિયા હે કાલી ઘટાઓને સાજન કો...
૩) ઠંડી હવા યે ચાંદની સુહાની એય મેરે દિલ સૂના કોઈ કહાની...
૪) ઠંડી હવા કાલી ઘટા આ હી ગયી ઝૂમ કે પ્યાર લિયે ડોલે હસે નાચે જીયા...
૫) ઠંડી હવાયે લેહરા કે આયે રૂત હૈ જવાન તુમકો યહાં કૈસે બુલાયેં ઠંડી...
૬) ઠંડી મેં પસીના ચલે ના ભૂખ ના પ્યાસ લગે યાર યહી પ્યાર તો નહીં...
૭) ઠંડી ઠંડી ચલે રે હવા ઓહ સજના જીયરા મેરા લહરાયે ઉડ ઉડ જાયે...

જવાબ માટે જુઓ ‘ફન વર્લ્ડ’

હેન્રી શાસ્ત્રી

## ફ્લેશ બેક

# બમ્ બમ્ બોલે, મસ્તી મેં ડોલે

### બોલપટના ૯૪ વર્ષના ઈતિહાસમાં બાળ ગીતોની હાજરી પાંખી છે એ વાત આશ્ચર્યજનક તો છે સાથે એ ખેદજનક સુધ્ધાં છે

એક એવું બાળપણ હતું. જેમાં જોડકણાં, હાલરડાં સહિત અનેક બાળગીતોની ફોજ હતી અને એની મોજ અનેરી હતી. 'મેં એક બિલાડી પાળી છે રંગે બહુ રૂપાળી છે' કે પછી 'ચાંદો સૂરજ રમતા'તા' અને 'અડકો દડકો દહીં દડૂકો' તેમ જ 'ચણ ચણ બગલી ચણાની દાળ'.... આખું વેકેશન નીકળી જાય.

ગુજરાતી ભાષામાં એક એકથી ચડિયાતાં બાળ ગીતોનો ખજાનો છે, જે આજે અંગ્રેજીના પ્રભુત્વવાળા સમયમાં તિજોરીમાં બંધ છે અને એની ચાવી ખોવાઈ ગઈ છે અથવા ક્યાંક મુકાઈ ગઈ છે. હિન્દી ચિત્રપટ સંગીત પાસે પણ સમૃદ્ધ તો નહીં, પણ એક આનંદથી માણી શકાય એવો નાનો,પણ યાદગાર ઈતિહાસ છે. બાળ ગીતોની જે કેટલીક લાક્ષણિકતા છે એમાંની ઊડીને આંખે વળગે એવી વાત એ છે કે મોટા ભાગના ચિલ્ડ્રન સોંગ્સ સ્ત્રી ગાયકે જ ગાયા છે. અવાજની કોમળતા એનું કારણ હોવું જોઈએ.

તાજેતરમાં જ બાળદિન ગયો. આજે આપણે વિવિધ ગીતકાર - સંગીતકારોએ રચેલાં બાળગીતોનો આનંદ લઈએ અને બાળસહજ નિર્દોષતા અને માધુર્ય માણીએ.

* * * * * * * *

**નન્હે મુન્ને બચ્ચે તેરી મુઠ્ઠી મેં ક્યા હૈ**
**ફિલ્મઃ બૂટ પોલિશ - ગાયકઃ રફી અને આશા**
**ગીતકારઃ શૈલેન્દ્ર - સંગીતકારઃ શંકર જયકિશન**

નિઃસહાય બાળકો અને એમને ઘેરતી સમસ્યાને કેન્દ્રમાં રાખી બનેલી આ ફિલ્મનું નિર્માણ રાજ કપૂરએ કર્યું હતું અને ફિલ્મના દિગ્દર્શક હતા પ્રકાશ અરોરા, જેમણે 'આગ', 'આવારા' અને 'બરસાત'માં રાજ કપૂરના સહાયક દિગ્દર્શક તરીકે ફરજ બજાવી હતી. બાળક આવતીકાલનું ભવિષ્ય છે એ ભાવના શૈલેન્દ્રના શબ્દોમાં ખૂબસૂરત રીતે વ્યક્ત થઈ છે. ગીતમાં ઉજ્જવળ ભાવિ 'ભોલી ભાલી મતવાલી આંખોં મેં ક્યા હૈ, આનેવાલી દુનિયા કા સપના સજા હૈ', ખુમારી 'ભીખ મેં જો મોતી મિલે તો ભી હમ ના લેંગે, મુશ્કિલોં સે લડતે ભિડતે જીને મેં મજા હૈ' અને આવતી કાલની દુનિયા વિશેની કલ્પના 'આનેવાલી દુનિયા મેં સબ કે સર પે તાજ હોગા, બદલેગા ઝમાના યે સિતારોં પે લિખા હૈ' બહુ જ સ્પર્શી જાય એ રીતે વ્યક્ત થાય છે. આવતી કાલનું આંજણ આંખને તેજસ્વી બનાવી સુંદર દ્રષ્ટિ બક્ષે છે. ગીતનું પિક્ચરાઇઝેશન માસ્ટર રતન કુમાર અને બેબી નાઝ તેમ જ જોન ચાચા (ડેવિડ) પર ફિલ્માવાયું છે. મોટેરાઓએ જોવી જોઈએ એવી આ ચિલ્ડ્રન ફિલ્મમાં સંગીતકાર શંકર જયકિશન પણ સ્વરાંકનમાં બાળ સહજતા લાવી શક્યા છે.

* * * * * * * *

**દાદી અમ્મા દાદી અમ્મા માન જાઓ**
**ઘરાના - આશા ભોસલે, કમલ બારોટ**
**શકીલ બદાયૂંની - રવિ**

સાસુમા તરીકે ક્રોધ, નારાજી, કકળાટ, લુચ્ચાઈ અને બીજા જે પણ અવગુણ હોય એના મિશ્રણનું ઉત્તુંગ શિખર એટલે લલિતા પવાર. જેમિની સ્ટુડિયોની સામાજિક ફિલ્મ 'ઘરાના'માં પણ લલિતા પવાર પરિવારના જુલમગાર વડીલ તરીકે હાજર છે. ડેઈઝી ઈરાની અને અન્ય બાળ કલાકાર પર ફિલ્માવાયેલા આ મસ્ત મજાના ગીતમાં બંને બાળક નારાજ દાદીમાને મનાવવા, ફોસલાવવા બનતી બધી કોશિશ કરે છે. ચીડવે છે, એમની સાથે મજાક કરે છે અને ચિત્ર-વિચિત્ર હાવભાવથી તેમને હસાવવાના પ્રયત્નો પણ કરે છે. આવી બાળ હરકતોથી ગમ્મે એવા નારાજ દાદીમા હસી પડે ને માની જાય.



મુઠ્ઠી મેં હૈ તકદીર હમારીઃ બૂટ પોલિશ



મન વિજય કરેઃ ગુડ્ડી


જરા હસ કે દિખાઓઃ ઘરાના

ગીતના શબ્દો પણ બાળકના મોઢામાંથી જ સર્યા હોય એવા લાગે છે. 'છોડો જી યે ગુસ્સા જરા હસ કે દિખાઓ' કે પછી 'કહો તો હમ તુમ્હારી ચંપી કર દે' અને 'અચ્છી સી કહાની કોઈ હમ કો સુનાઓ' પંક્તિઓ એના ઉદાહરણ છે. બાળપણ આ ગીતમાં છલકાય છે અને મોજ પણ કરાવે છે.

* * * * * * * *

**હમકો મન કી શક્તિ દેના**
**ગુડ્ડી - વાણી જયરામ**
**ગુલઝાર - વસંત દેસાઈ**

ફિલ્મનું ગીત અને એ પણ બાળકોને ધ્યાનમાં રાખીને લખવામાં આવેલું ગીત દેશભરમાં પ્રાર્થના ગીત બની ગૂંજી ઉઠ્યું હતું. આ એક એવી પ્રાર્થના છે, જેમાં પ્રભુના કોઈ મૂર્ત સ્વરૂપની વાત નથી કરવામાં આવી. અછડતો ઉલ્લેખ સુધ્ધાં નહીં. ઉલ્ટાનું આત્મવિશ્વાસ કેળવવાની (ખુદ પે હૌસલા રહે) અને ચિંતન (દૂસરો કી જય કે પેહલે ખુદ કો જય કરે) પર ભાર આપવામાં આવ્યો છે. આવી કમાલ ગુલઝાર જ કરી શકે. હિન્દી ફિલ્મ સંગીત માટે અજાણ્યા એવા વસંત દેસાઈએ ગીતની ધૂન એવી સરળ પણ ભાવવાહી રાખી છે કે લોકજીભે ચડી જતા વાર નહોતી લાગી. પ્રાર્થના ગીત હોવાથી ચંપી કે એવા અન્ય કોઈ ચીલાચાલુ શબ્દનો ઉપયોગ વર્જ્ય છે. ફિલ્મના ડિરેક્ટર હતા ઋષિકેશ મુખરજી અને એમની ગજબનાક સેન્સ ઓફ હ્યુમર આ ગીતના ચિત્રમાં ડોકિયાં કરે છે. શાળા શરૂ થવા પહેલા બધા બાળકોએ ભેગા મળી પ્રાર્થના ગાવી કે બીજી કોઈ સહિયારી પ્રવૃત્તિ નિયમબદ્ધ રીતે કરવી બાળકોને કંટાળાજનક લાગતું હોય છે. ગુડ્ડી (જયા ભાદુરી) પ્રાર્થના વખતે મોડી પડે છે ત્યારે એના ચહેરા પરના હાવભાવ અને અન્ય બાળકોનો મીઠો અણગમો પ્રાર્થનામાં થોડી હળવાશ ઉમેરે છે. ગુલઝારની કમાલ તો જુઓ, ગુડ્ડી ફિલ્મ એક્ટર ધર્મેન્દ્ર પર ફિદા હોય છે અને પ્રાર્થના ગીતમાં એક લાઈન આવે છે કે 'સાથ દે તો ધરમ કા, ચલે તો ધરમ પર'. હા, હા, હા.

* * * * * * * *

**નન્હા મુન્ના રાહી હૂં, દેશ કા સિપાહી હૂં**
**સન ઓફ ઈન્ડિયા - શાંતિ માથુર**
**શકીલ બદાયૂંની - નૌશાદ**

બાળ દિન નિમિત્તે ટીવી - રેડિયો પર અમુક ગીતની અચૂક હાજરી હોય. મેહબૂબ ખાનની 'સન ઓફ ઈન્ડિયા' ૧૯૬૨માં આવી હતી અને ત્યારે હજી આઝાદીની હવાની મહેક લોકો માણી રહ્યા હતા. ફિલ્મના આ ગીતને અફાટ લોકપ્રિયતા મળી હતી. આજે પણ અનેક રસિકોના સ્મરણમાં સચવાયું હશે. સુપરડુપર હિટ 'મધર ઈન્ડિયા' પછી મેહબૂબ ખાનની 'સન ઓફ ઈન્ડિયા' સુપર ફલોપ થઈ હતી. આ ગીત સાજીદ ખાન (ફરહા ખાનનો ભાઈ સાજીદ નહીં) પર ફિલ્માવાયું હતું , જે મેહબૂબ ખાન - સરદાર અખ્તરે દત્તક લીધો હતો. 'મધર ઈન્ડિયા'માં સાજીદે કિશોર વયના બિરજુનો રોલ કર્યો હતો. ગાયિકા છે શાંતિ માથુર, જે ગાયકશ્રી મુકેશજીના કઝીન હતાં. ગીતના રેકોર્ડિંગ વખતે શાંતિની ઉંમર આઠેક વર્ષ હતી. આ જ ફિલ્મમાં એના અન્ય બે ગીત પણ છે 'આજ કી તાજા ખબર' અને 'ઈન્સાન થા પેહલે બંદર'. શાસ્ત્રીય રાગ આધારિત ગીતોની ધૂન બનાવવામાં માસ્ટરી ધરાવતા નૌશાદજીએ બાળ ગીતમાં પણ કમાલ કરી છે.

* * * * * * * *

**નાની તેરી મોરની કો મોર લે ગએ**
**માસૂમ - રાનુ મુખરજી**
**શૈલેન્દ્ર - હેમંત કુમાર**

૧૯૬૦માં આવેલી આ ફિલ્મના સંગીતકાર તરીકે નામ છે રોબિન બેનરજીનું. જોકે, 'નાની તેરી મોરની કો મોર લે ગએ' ગીતનું સ્વરાંકન હેમંત કુમારે કર્યું છે. ગીત ગાયું છે હેમંત કુમારની દીકરી રાનુ મુખરજીએ. ગીતના રેકોર્ડિંગ વખતે રાનુની ઉંમર પાંચેક વર્ષની હતી. ફિલ્મો માટે રાનુનું આ પહેલું ગીત હતું. હેમંત કુમારએ ગીતનું સ્વરાંકન અને રાનુનો લહેકો પૂર્ણપણે બાળગીત લાગે એવો જ રાખ્યો છે. બાળ ગીત માટે જરૂરી રમતિયાળપણું અને નિર્દોષ ભાવ એ બંને બાબતો આ ગીતમાં ભારોભાર છલકાય છે. ૭૦ વર્ષ પહેલા આવેલી 'જાગૃતિ'માં પણ હેમંત કુમારનું સ્વરાંકન હતું અને એમાં મોહમ્મદ રફીના સ્વરમાં 'હમ લાયે હૈં તૂફાન સે કશ્તી નિકાલ કે, ઈસ દેશ કો રખના મેરે બચ્ચો સંભાલ કે' પણ લોકપ્રિય થયું હતું. ■

ફિલ્મનામા
નરેશ શાહ

# 'ફોન અગર સ્માર્ટ હો ગયા તો મૈં બેવકૂફ હો જાઉંગા...'

### ઘણું દઈને ઘણું બધું છીનવી લેનારી વસ્તુની વાત કરે છે 'થોડે દૂર, થોડા પાસ'




માનવ સ્વભાવની સૌથી મોટી વિટંબણા એ છે કે, અમુક વાત -વસ્તુથી એ વાકેફ હોવા છતાં એ સહજપણે આદતી બની જાય છે. ધીમે ધીમે તેનું માઈન્ડ સેટ જ એવું બની જાય છે કે, જે ખરાબ કે ખોટું કે નુકસાનકારક છે એ તેને અનિવાર્ય યા આવશ્યક લાગવા માંડે છે. ઉદાહરણ તરીકે તમે મોબાઈલ અથવા સ્માર્ટ ફોનને ટાંકી શકો છો . આવાં સ્માર્ટ ફોન નામના અનિવાર્ય બની ગયેલાં પ્રદૂષણની વાત 'ઝી ફાઈવ' પર સ્ટ્રીમ થયેલી 'થોડે દૂર, થોડે પાસ' વેબસિરીઝ કરે છે. પચ્ચીસ-સતાવીસ મિનિટના પાંચ એપિસોડ ધરાવતી આ સિરીઝની ટોટલ લેન્થ તો એક ફિલ્મ (બે કલાક નવ મિનિટ આશરે) જેટલી જ છે એટલે આ 'ફિલ્મનામા' વાંચીને તાબડતોબ ફેમિલી સાથે એ જોવાનો પ્રોગ્રામ ગોઠવી લેશો તો બે ફાયદા થશે. એક, પારિવારિક ફિલ્મ જોયાનો સંતોષ મળશે અને બે, પારિવારિક (અને કદાચ, ખુદને પણ)એ અભિપ્રેત કરાવી શકશો કે ટેકનોલોજીએ આપણને એવા પરવશ બનાવી દીધા છે કે, આપણે જીવાતી દરેક ક્ષણને લાઈક્સ, કોમેન્ટસને સમર્પિત કરી દીધી છે.

ફિલોસોફી બહુ થઈ, હવે 'થોડે દૂર, થોડે પાસ'ની વાત કરી લઈએ. રિટાયર્ડ નેવી ઓફિસર કેપ્ટન અશ્વિન મહેતા (પંકજ કપૂર) મુંબઈમાં રહેતા બંને પુત્ર અને પરિવાર સાથે એકાદ મહિનો રહેવાના આશયથી આવે છે. બેશક, આ વખતે પરિવારને મળવાનો તેમનો એક ઉદ્દેશ છે, પરંતુ પ્રથમ બે દિવસ દરમિયાન જ એમનો અનુભવે છે કે, પુત્રો, પુત્રવધૂ કે પૌત્રો પૌત્રી પાસે નિરાંતે બેસવાનો સમય જ નથી. અરે, જમવાના ટેબલ પર પણ સાથે બેસવાની તેમને ફૂરસદ નથી. એકાદ-બે વખત એ પરિવારના સભ્યોને કહે પણ છે કે, મારે તમારા બધા સાથે એક ખાસ વાત શેર કરવી છે, પણ...

ન્યુમરોલોજિસ્ટ તરીકે કામ કરતો પુત્ર (આદિત્ય રોય કપૂર) કાનમાં ઈયર ફોન ઠોસીને ક્લાયન્ટસ સાથે વાત કરવામાં મશગૂલ રહે છે. પુત્રવધૂ સિમરન (મોના સિંહ) કે પૌત્રી અવની સતત મોબાઈલમાં યા લેપટોપ યા ટેબલેટમાં વ્યસ્ત હોય છે. પૌત્ર વિવાન તો વીડિયો ગેમ પાછળ ઘેલો છે...

આમ જૂઓ તો, આજના આપણા મોટાભાગના પરિવારોમાં વધતે ઓછે અંશે આ જ સ્થિતિ છે.

ત્રીજા દિવસે નેવી કેપ્ટન અશ્વિન મહેતાનો પા'રો છટકે છે અને મિલિટરી મિજાજથી પરિવારના પાંચેય સભ્યો (કેપ્ટનના પત્ની અવસાન પામ્યા છે)ને ભેગા બેસાડી એ એલાન કરે છે કે 'પોતે બધું વેચીને વર્લ્ડ ટૂર પર જવાના છે, પરંતુ પોતાના માટે ત્રણ કરોડ રાખ્યા પછી વધતા પાંચ કરોડ એ પરિવારના સભ્યોને (એક-એક) કરોડ આપવા માગે છે, પણ એક શરત છે.... શરત એ છે કે છ મહિના સુધી જે પારિવારિક સભ્ય 'ડિજિટલ ફાસ્ટિંગ' (મોબાઈલ, લેપટોપ સહિતની તમામ ટેકનોલોજીથી દૂર રહેવાના ઉપવાસ) કરશે, તેને જ તેના હિસ્સાના એક કરોડ મળશે...!

શ્રીશંક એસ. આનંદે લખેલી વાર્તામાં આજના સમાજમાં વ્યાપ્ત વિકારને પેશ કરવામાં આવ્યો છે, પણ તેમાં અતિશયોક્તિ વધારે લાગે છે. છ મહિના સુધી 'ડિજિટલ ફાસ્ટિંગ'વાળી વાત જ પ્રેક્ટિકલ નથી, કારણ કે ડિજિટલ બેન્કિંગ, બીલ પેમેન્ટથી માંડીને અભ્યાસના પ્રોજેક્ટ સુધ્ધાં માટે મોબાઈલ અને કોમ્પ્યુટર અનિવાર્ય જેવા છે. ફિલ્મમાં તો કેપ્ટન અશ્વિન મહેતા મિક્સર અને વોશિંગ મશીનને 'ડિજિટલ ફાસ્ટિંગ' ગણાવીને ઘરમાંથી હટાવે છે. જે જરા વધુ પડતું લાગે છે... આમ છતાં વેબસિરીઝ ડિરેક્ટ કરનારા અજય ભુયાનની 'થોડે દૂર, થોડે પાસ' બે કલાકમાં એ વાતનો અહેસાસ કરાવી જ દે છે કે ટેકનોલોજીની નાગચૂડ આપણી ફરતે કેવો મુશ્કેટાટ ભરડો લઈ ચૂકી છે. મોબાઈલ ન વાપરતા કેપ્ટન અશ્વિન મહેતા એક દૃશ્યમાં કહે છે, 'ફોન અગર સ્માર્ટ હો ગયા તો મૈં બેવકૂફ હો જાઉંગા, જો મુઝે મંજૂર નહીં!'

સ્માર્ટ ફોન હવે અનિવાર્ય છે એ સચ્ચાઈ હોવા છતાં તેનાથી (ભલે થોડો સમય દરરોજ) દૂર રહીએ ત્યારે ઉગતી સવાર, મોંમાં મૂકાતાં દરેક કોળિયા, સૂર્યપ્રકાશ અને લહેરાતી હવાથી માંડીને પરિવારના સભ્યો સામે જોવાથી જાગતી સંવેદના...વગેરેના અહેસાસ 'થોડે દૂર, થોડે પાસ' આપણને કરાવી જ દે છે. મેદાન, સાઈકલિંગ, વાતચીત, અટ્ટહાસ્યોમાં બયાન થતું પોતિકાપણું, ખૂણામાં કે માળિયે રખાઈ ગયેલાં શોખ (ફિલ્મમાં ગિટાર), કાળજી ફોક્સ, દીવાલ પર લટકતાં અને ઘરમાં રહેતા સ્વજનો, ગીતો, મહેનત... સ્માર્ટ ફોનથી અનાયાસ કેટકેટલું હાજર હોવા છતાં જીવનમાંથી વસુકી ગયું છે તેનો અહેસાસ 'થોડે દૂર, થોડે પાસ' આપણને કરાવે છે. એ અનુભૂતિ લેશો તો પછી તરત સ્માર્ટ ફોન હાથમાં લેવાનું મન નહીં થાય! ■

શો-શરાબા
દિવ્યકાંત પંડ્યા

# હોલિવૂડ બાયોપિક્સઃ ૨.૦

### સાચી કહાણી હવે કેમ વધુ સ્ટાઈલાઈઝ્ડ અને ઓછી લિટરલ બની રહી છે?

આજકાલ હોલિવૂડ અને વિશ્વ સિનેમામાં બાયોપિક્સનો નવો જ યુગ શરૂ થયો છે. પહેલાં બાયોપિક્સનો મતલબ બાયો- ડેટા જેવી સીધી-સાધી કહાણીઃ જન્મ, સંઘર્ષ, સફળતા અને અંત, પરંતુ હવે ફિલ્મમેકર્સ એ રીત નથી અપનાવતા. એ સાચી સ્ટોરીને જાળવી રાખે છે, પણ એને રજૂ કરવાની સ્ટાઇલ, એનો ભાવ, એનો ઍટિટ્યૂડ અને એનો અનુભવ બધું જ બદલાવે છે. આ નવું ફોર્મેટ એટલે બાયોપિક્સ ૨.૦, જેમાં હકીકત તો છે, પરંતુ હકીકતને બતાવવાની રીત ખૂબ જ ફિલ્મી અને મૂડ-ડ્રિવન (મૂડ સંચાલિત ) છે.







હાલના કેટલાંક મોટાં ઉદાહરણ બતાવે છે કે લોકો હવે બુલેટ-પોઇન્ટ લાઈફ સ્ટોરી નહીં, પરંતુ કોઈ એક પાત્રના ભાવનાત્મક વિશ્વમાં ડૂબકી મારવાનું વધુ પસંદ કરે છે, જેમકે..

બેઝ લુરમેનની 'Elvis' એ ગાયક એલ્વિસ પ્રેસ્લીની ઝગઝગતી, ડ્રામેટિક અને એનર્જીથી છલકાતી દુનિયાને બિલકુલ સરપ્રાઈઝિંગ અંદાજમાં બતાવી. એ ફિલ્મ કોઈ ડોક્યુમેન્ટરી જેવી નથી લાગતી, એ એલ્વિસના જીવનને એના મ્યુઝિકની હાઈ-વોલ્ટેજ પર્સનાલિટી જેવી જ શોકિંગ અને ચમકદાર સ્ટાઇલમાં રજૂ કરે છે. ઘણી ટ્રેજેડી ફિલ્મમાં છે, પણ તેને બતાવવાની રીત એટલી રિધમિક એટલી હાઈ-ટેમ્પર છે કે ફિલ્મ ઈમોશનલ જર્ની સાથે એક મોટો મ્યુઝિકલ એક્સપિરિયન્સ લાગે છે.







તે જ રીતે 'Blonde'માં મેરિલિન મનરોના જીવનના દુઃખ, એકલતા અને ચિંતાના વિશ્વને ખૂબ જ બોલ્ડ સ્ટાઇલમાં બતાવવામાં આવ્યું છે. આ ફિલ્મ એટલે વિશેષ છે, કારણ કે તે બાયોગ્રાફી નહીં, મેરિલિન મનરોની અંદર શું ચાલતું હતું એની ભાવનાત્મક કલ્પના છે. ઘણા લોકો માટે આ ફિલ્મ ટિપિકલ બાયોપિક નહોતી, પરંતુ સૌએ એ જરૂર સમજ્યું કે બાયોપિક્સ હવે જસ્ટ ફેક્ટ્સ નહીં, પણ ક્રિએટિવ ઇન્ટરપ્રિટેશન પણ છે. આજના ફેન્સ પણ પાત્રની અંદરની સાયકોલોજી સાથે જોડાવા માંગે છે, માત્ર એના જીવનના ફેક્ટ્સ સાથે નહીં.

'Priscill' પણ એવું જ ઉદાહરણ છે. સોફિયા કોપોલાએ એલ્વિસની લાઈફ નહીં, પ્રિસિલાની લાઈફને તેના પોતાના લેન્સથી બતાવી. અહીં પ્રેમકથા ફિલ્મ નહીં, પણ એક યુવતીની કંટ્રોલ, એકલતા અને સ્વતંત્રતા શોધવાની પ્રોસેસ છે.

બાયોપિક્સની ટ્રીટમેન્ટ જેમ સોફ્ટ થઈ છે, એમ જ અહીં પણ સોફ્ટ કલર્સ, મિનિમલ વાતચીત, શાંત સીન્સ આ બધું પ્રિસિલાની અંદરની દુનિયાને એક મૂડ તરીકે રજૂ કરે છે.

'Maestro' પણ એક મોટા સ્ટાઇલાઇઝ્ડ બાયોપિકનું ઉદાહરણ છે. બ્રેડલી કૂપરએ લિયોનાર્ડ બર્નસ્ટાઇનના જીવનમાં રહેલી કલા, પ્રેમ અને આંતરિક સંઘર્ષને એક મિજાજવાળી સ્ટાઇલમાં રજૂ કર્યા. આ ફિલ્મ બર્નસ્ટાઇનની આખી લાઈફનો રિપોર્ટ નથી, પરંતુ બર્નસ્ટાઇન શું ફીલ કરતા હતા તેની એક સંવેદનશીલ સફર છે.

તાજેતરના સમયની ઘણી બાયોપિક ફિલ્મ્સ જોઈને સ્પષ્ટ થાય છે કે હવે ફિલ્મમેકર્સ અને દર્શકોને ઇન્ફર્મેશન કરતાં

ઇન્ટરપ્રિટેશનમાં વધુ રસ છે. નવી બાયોપિક્સમાં 'Bob Marley: One Love' પણ એક નવી દિશા દર્શાવે છે. બોબ માર્લીની કહાણી સામાન્ય રીતે એક રેગે લેજેન્ડની બાયોગ્રાફી લાગી શકે, પરંતુ ફિલ્મ એને રાષ્ટ્રીય, રાજકીય અને આધ્યાત્મિક સંઘર્ષ સાથે એક ભાવભીની અભિવ્યક્તિ તરીકે રજૂ કરે છે. ફિલ્મ માર્લીના મૂડ, મેસેજ અને ગીતોથી ભરેલી એક એનર્જી-સેન્ટ્રિક જર્ની બની જાય છે.

આગામી સમયમાં પણ ઘણી ફિલ્મ્સ આવી રહી છે જે સ્ટાઇલાઇઝ્ડ બાયોપિક્સના જ ટ્રેન્ડને આગળ વધારશે. ઉદાહરણ તરીકે મોટી અપેક્ષા ધરાવતી માઈકલ જેક્સનની બાયોપિક 'Michael' પહેલેથી જ ચર્ચામાં છે. આ ફિલ્મ માઈકલના કરિયર અને તેના વિવાદો બતાવશે, પરંતુ તે માત્ર ફેક્ટ્સ નહીં, એના સંગીત, એના પર્ફોર્મન્સ અને એના વિશ્વની અંદરની તીવ્રતા સાથે રજૂ કરશે એવું ટ્રેલર પરથી લાગી રહ્યું છે. અભિનેતા જાફાર જેક્સન (માઈકલનો ભત્રીજો)ના કાસ્ટિંગથી પણ ફિલ્મમાં એની પર્સનાલિટીનું ભાવનાત્મક, સ્ટાઇલાઇઝ્ડ ટચ આવવાની સંભાવના વધારે છે.

આજે દર્શકોને ગૂગલ અને AI પર બધી માહિતી આસાનીથી મળી રહે છે. તેમના માટે બાયોપિક્સ હવે ફેક્ટ્સનું રિપીટેશન નથી. તે ફિલ્મ્સના માધ્યમથી વ્યક્તિના જીવનની આંતરિક, કલાત્મક અને ભાવનાત્મક અનુભૂતિ મેળવવા માગે છે. ફિલ્મમેકર્સ પણ આ નવી મેકિંગ ફ્રીડમને એન્જોય કરે છે. તે લોકોને હવે સ્ટ્રિક્ટ ટેમ્પ્લેટ ફોલો કરવાની ફરજ નથી રહી. કોઈ એક ઈમોશન, કોઈ એક ફેઝ, કોઈ એક સંબંધ અથવા કોઈ એક સાયકોલોજિકલ એસ્પેક્ટ પર ફિલ્મ તે લોકો બનાવી શકે છે.

આ બદલાતી લહેરમાં એક રસપ્રદ વાત એ પણ છે કે હવે યુવા ડિરેક્ટર્સ જૂના સમયમાં અટકતા નથી. તે બાયોપિક બનાવે છે ત્યારે એને મ્યુઝિયમ જેવી ડ્રાય ફિલ્મ પણ નથી બનાવતા. તેમને લાગે છે કે જો વ્યક્તિ જિંદગીભર કંઈક અલગ ફીલ કરતા હતા, તો ફિલ્મ પણ એ જ વાઇબ સાથે બનાવવી જોઈએ. એટલે જ આજકાલની બાયોપિક્સમાં મ્યુઝિક, કલર-ટોન, નેરેશન, કેમેરા, બધું જ મૂડ પ્રમાણે ચાલે છે.

બાયોપિક્સ ૨.૦ એટલે સત્ય + કલ્પના નહીં, સત્ય + અનુભૂતિ! અહીં ક્રિએટિવિટી સત્યને દબાવતી નથી, સત્યને બોલવા માટે નવી ભાષા આપે છે. આજના ફિલ્મમેકર્સ હકીકતને લિટરલ નહીં, પરંતુ ભાવનાત્મક રીતે બતાવવા માગે છે. એ જ કારણ છે કે આજના હોલિવૂડ બાયોપિક્સ વધુ કાવ્યાત્મક, ડ્રિમી, મ્યુઝિકલ અને વ્યક્તિના મનની જટિલતાઓ સમજાવતા બની રહ્યા છે. ■

**લાસ્ટ શોટ**

*'સ્ટાઈલમાં બનાવેલી બાયોપિક સચ્ચાઈને બગાડતી નથી, એ તો સચ્ચાઈને વધુ માનવીય રીતે વ્યક્ત કરે છે.'*
*- જોનાથન ક્લે, સ્ક્રીનરાઇટર*

# હૉંગ કૉંગ ઈન્ફર્નો: મરણાંક ૭૫

હૉંગ કૉંગ: ઉત્તર હૉંગ કૉંગના તાઇ પો જિલ્લામાં બુધવારના રોજ વાંગ ફુક કોર્ટ હાઉસિંગ કોમ્પ્લેક્સમાં ભીષણ આગ ફાટી નીકળ્યા બાદ લોકોમાં શોક અને ભારે રોષ ફેલાયો છે. આ દુર્ઘટનામાં ૭૫થી વધુ લોકોના મોત નીપજ્યા છે. તેમજ આશરે ૩૦૦ લોકોની ભાળ મળી રહી નથી.

આ આગ પર કાબૂ મેળવવા માટે અગ્નિશામક દળોએ એક દિવસ કરતાં વધુ સમય સુધી ભારે જહેમત ઉઠાવી હતી. આ આગની જ્વાળાઓમાં કોમ્પ્લેક્સના ૩૨ માળના સાત ટાવર લપેટાયા હતા. પોલીસે એક કન્સ્ટ્રક્શન કંપનીને તેના કામમાં ભારે બદરકારી બદલ આરોપી ઠેરવી છે. કારણ કે આગ સ્પષ્ટપણે નવીનીકરણના કામ દરમિયાન ઉપયોગમાં લેવાતા વાંસના પાલખમાંથી શરૂ થઇ હતી.

આ કોમ્પ્લેક્સ હોંગકોંગના મધ્યમ વર્ગ માટે સબસિડીવાળા આવાસનો એક ભાગ છે. જેમાં ૪૬૦૦થી વધુ લોકો રહે છે. અધિકારીઓએ જણાવ્યું કે બચાવવામાં આવેલા ૯૦૦ લોકોને આઠ આશ્રયસ્થાનોમાં રાખવામાં આવ્યા છે.

આ દુર્ઘટનામાં ૩૦૦થી વધુ લોકોની ભાળ મળી રહી નથી. ગુમ થયેલા લોકોની શોધ એક ઓનલાઇન એપ દ્વારા કરવામાં આવી રહી છે. ■

# દેશ-વિરોધી નરેટિવ માટે કૉંગ્રેસ વિદેશી ઈન્ફલુએન્સરનો ઉપયોગ કરે છે: ભાજપ

નવી દિલ્હી : ભારતીય જનતા પાર્ટીના નેતા સમ્બિત પાત્રાએ કૉંગ્રેસ પર આક્ષેપ કર્યો હતો કે તે ભારતમાં નરેટિવ રચવા અને દેશને લોકોને પ્રભાવિત કરવા વિદેશી ઈન્ફલુએન્સરનો ઉપયોગ કરે છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે એક્સ (અગાઉના ટ્વિટર)માં નવા લોકેશન ફીચરે કૉંગ્રેસના અનેક અકાઉન્ટ અને 'પક્ષ સમર્થિત ઈન્ફલુએન્સરને' ઊઘાડાં પાડ્યા છે. તેમણે કહ્યું હતું કે કૉંગ્રેસના અનેક નેતાઓ અને પક્ષના રાજ્ય એકમના એકાઉન્ટ ભારત બહાર એકાઉન્ટ ધરાવે છે. જોકે તેમણે કહ્યું હતું કે થોડા સમય માટે લોકેશન બદલવામાં આવ્યું હતું. કૉંગ્રેસનો ટેકો ધરાવતા વગદારો અને સમાચાર સંસ્થાઓ જેવી કે કેરેવાન ઈન્ડિયા મેગેઝિન અને ફેક્ટ ચેકર ઓલ્ટ ન્યુસના ખાતાઓ ભારતની બહાર છે.

પાત્રાએ આક્ષેપ કર્યો હતો કે અનેક લોકોએ લોકેશનના વિકલ્પ બાદ તેને બદલાવ્યું. તમે હવે લોકેશન બદલાવી શકો છો અને સંતાડી શકો છો. અનેક લોકો લોકેશન બહાર દેખાય છે એવી જાણ થતા લોકેશન બદલાવી રહ્યા છે. અમુક લોકોએ એને ઓપશનલ (વૈકલ્પિક) કેટેગરીમાં મૂક્યું છે.

તેમના જણાવ્યા પ્રમાણે કૉંગ્રેસના નેતા પવન ખેડાનું ખાતું અમેરિકામાં હોવાનું દેખાય છે. ખેડાનું એકાઉન્ટ અમેરિકાસ્થિત છે, પરંતુ એ 'ઈન્ડિયા એપ સ્ટોર' વડે કનેકટ થાય છે. એક્સ એમ પણ કહે છે કે રીજન ચોકસાઈભર્યું ન હોઈ શકે, કારણ કે ઘણા લોકો વીપીએન જેવા પ્રોક્સી વડે એકાઉન્ટ ઓપરેટ કરે છે. તેમણે કૉંગ્રેસના હિમાચલ પ્રદેશના એકમ સામે પણ આવો આક્ષેપ કર્યો છે. (એજન્સી) ■



**બોલો, જય શ્રીરામ:** વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા દક્ષિણ ગોવામાં કાણકોણમાં આવેલા શ્રી સંસ્થાન ગોકર્ણ જીવોત્તમ મઠના ૫૫૦ વર્ષ પૂરા થવાના પ્રસંગે આજે ૭૭ ફૂટ ઊંચી કાંસ્યની ભગવાન શ્રીરામની મૂર્તિનું અનાવરણ કરશે. (એજન્સી)

# જમ્મુમાં યુવકની ધરપકડ, આતંકવાદી હુમલો કરવાની તૈયારીમાં હતો

જમ્મુ: જમ્મુમાં પોલીસે ૧૯ વર્ષીય એક યુવકની ધરપકડ કરી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, આ વ્યક્તિ એક મોટા આતંકવાદી હુમલાની યોજના બનાવી રહ્યો હતો અને તેને અંજામ આપવાનું કાવતરું ઘડી રહ્યો હતો. આરોપી મૂળ રિયાસી જિલ્લાનો રહેવાસી છે અને હાલમાં જમ્મુના બઠિંડી વિસ્તારમાં રહેતો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, આરોપીની ધરપકડ બહુ ફોર્ટ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા કેસના આધારે કરવામાં આવી હતી. ધરપકડ બાદ સુરક્ષા એજન્સીઓએ સમગ્ર કેસની ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે. આરોપી યુવકની પૂછપરછ કરવામાં આવી રહી છે. તપાસમાં એ પણ બહાર આવ્યું છે કે યુવક મોબાઈલ ફોન મારફતે પાકિસ્તાની અને અન્ય વિદેશી નંબરો સાથે સંપર્કમાં હતો. પોલીસ એ જાણવાનો પ્રયાસ કરી રહી છે કે તેને વિદેશથી કોઈ મદદ કે આદેશ મળી રહ્યા હતા કે નહીં. આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતા (આઈપીસી) ની કલમ ૧૧૩(૩) હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. આ કલમ આતંકવાદી પ્રવૃત્તિઓ સંબંધિત ગુનાઓને લાગુ પડે છે. કેસની ગંભીરતાને જોતાં પોલીસે આરોપીના નેટવર્ક અને સંપર્કોની ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે. આરોપી યુવક હાલમાં પોલીસ કસ્ટડીમાં છે અને તેની પૂછપરછ કરવામાં આવી રહી છે.

પોલીસની શરૂઆતની તપાસમાં જાણવા મળ્યું છે કે યુવક સોશ્યલ મીડિયા અને ઓનલાઈન પ્લેટફોર્મ મારફતે કટ્ટરપંથી બન્યો હતો. ■

# ચીનમાં ભયંકર ટ્રેન અકસ્માતમાં ૧૧નાં મોત

બીજિંગ: ચીનના દક્ષિણ પ્રાંત યુનાનમાં ગુરૂવારે સવારે એક ભીષણ ટ્રેન અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં ૧૧ લોકોના મોત નીપજ્યા હતા. જ્યારે બે લોકો ઘાયલ થયા હતા. અધિકારીઓએ આને છેલ્લા એક દાયકામાં દેશનો સૌથી ભયંકર ટ્રેન અકસ્માત ગણાવ્યો છે.

આ દુર્ઘટના દક્ષિણ-પશ્ચિમ ચીનના યુનાન પ્રાંતના કુનમિંગ શહેરમાં બની હતી. આ અકસ્માત રેલવે કર્મચારીઓના એક જૂથ સાથે અથડાવાને કારણે થયો હતો. જેમાં અન્ય બે લોકો પણ ઘાયલ થયા હતા. આ દુર્ઘટના ત્યારે બની જ્યારે ભૂકંપ માપવાના સાધનોનું પરીક્ષણ કરી રહેલી ટ્રેને કુનમિંગ શહેરના લુઓયાંગ ટાઉન રેલવે સ્ટેશનની અંદર એક વળાંકવાળા ભાગમાં પાટા પર રહેલા કામદારોને ટક્કર મારી હતી.

અકસ્માતના ચોક્કસ કારણોની તપાસ ચાલી રહી છે. ચીનની સરકારી શિન્હુઆ સમાચાર એજન્સીના એક નિવેદન અને અહેવાલ અનુસાર દુર્ઘટના બાદ યુનાન પ્રાંતના સ્ટેશને સામાન્ય કામગીરી ફરી શરૂ કરી દીધી છે. ■

# એક વાવાઝોડું ફંટાયું તો બીજાનો ખતરો: તમિળનાડુ, આંધ્ર પર ત્રાટકશે

નવી દિલ્હી: હવાના દબાણના સર્જાયેલા પટ્ટાને કારણે મલાક્કાની સામુદ્રધૂનિમાં તીવ્ર બનેલું વાવાઝોડું 'સેન્યાર' ભારતીય કિનારા વિસ્તારથી ફંટાઈ ગયું હોવા વચ્ચે બંગાળના અખાતમાં સર્જાયેલા હવાનાં હળવાં દબાણનાં પટ્ટાએ વાવાઝોડાંનું સ્વરૂપ ધારણ કરી લીધું છે અને ૩૦ નવેમ્બરે તે તમિળનાડુ, પુડુચેરી તેમ જ પડોશી દક્ષિણ આંધ્ર પ્રદેશના કિનારા વિસ્તારમાં ત્રાટકે એવી શક્યતા હોવાનું હવામાન ખાતાએ જણાવ્યું હતું.

હવામાન ખાતાએ ગુરુવારે જણાવ્યું હતું કે વાવાઝોડું સેન્યાર નિકોબાર ટાપુના કાર નિકોબાર ટાપુથી ૮૫૦ કિ.મી. દૂર છે અને સાંજ સુધીમાં તે નબળું પડી જવાની શક્યતા છે.

બંગાળના અખાત અને પડોશી શ્રીલંકાના ઈશાન વિસ્તારમાં પણ હવાનાં હળવાં દબાણનો પટ્ટો સર્જાયો છે અને તે ૩૦ નવેમ્બરે ઉત્તર તમિળનાડુ, પુડુચેરી અને દક્ષિણ આંધ્ર પ્રદેશના કિનારા વિસ્તારમાં પહોંચશે જેને પગલે ચેન્નઈ, નાગાપટ્ટીનમ, તિરુવાલૂર, થાન્જાવુર સહિત તમિળનાડુના અનેક જિલ્લામાં ૨૭, ૨૮ અને ૨૯ નવેમ્બર માટે યલો અને ઑરેન્જ અલર્ટ જાહેર કરી દેવામાં આવ્યું છે. આ વાવાઝોડાંને 'દિતવાહ' નામ આપવામાં આવ્યું છે. યમન દ્વારા આ નામનું સૂચન કરવામાં આવ્યું છે. (એજન્સી) ■

# મેડિકલ કૉલેજ ઇન્સ્પેકશન કેસ: મહારાષ્ટ્ર, ગુજરાત સહિત દસ રાજયમાં ઇડીના દરોડા

નવી દિલ્હી: એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) દેશભરમાં અનેક રાજ્યમાં દરોડા પાડ્યા હતા. ઈડીની ટીમે આંધ્રપ્રદેશ, તેલંગણા, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, ગુજરાત, રાજસ્થાન, બિહાર, ઉત્તર પ્રદેશ અને દિલ્હીમાં ૧૫ સ્થળોએ દરોડા પાડ્યા હતા. આ કાર્યવાહી સેન્ટ્રલ બ્યૂરો ઓફ ઇન્વેસ્ટિગેશન દ્વારા ૩૦ જૂનના રોજ નોંધાયેલી ૨૨૫ એફઆઈઆરના સંદર્ભમાં કરવામાં આવી છે. એફઆઈઆરમાં આરોપ છે કે મેડિકલ કોલેજ ઇન્સ્પેકશન સંબંધિત ગુપ્ત માહિતીના બદલામાં નેશનલ મેડિકલ કમિશન સહિત સરકારી અધિકારીઓને લાંચ આપવામાં આવી હતી. બદલામાં તેઓએ કોલેજો સાથે સંકળાયેલા મુખ્ય મેનેજરો અને વચેટિયાઓને મેડિકલ કોલેજ નિરીક્ષણ સંબંધિત ગુપ્ત માહિતી આપી હતી. મેડિકલ કોલેજો અને સરકારી અધિકારીઓ સાથે સંકળાયેલા કથિત લાંચના કેસના સંદર્ભમાં ઈડીએ કાર્યવાહી કરી હતી. એફઆઈઆરમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે મેડિકલ કોલેજોના ઇન્સ્પેકશન સંબંધિત ગુપ્ત માહિતીના બદલામાં રાષ્ટ્રીય તબીબી આયોગના અધિકારીઓ સહિત સરકારી અધિકારીઓને લાંચ આપવામાં આવી હતી. તપાસમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે વિવિધ મેડિકલ કોલેજોના ખાસ મેનેજર અને વચેટિયાઓને ઈન્સ્પેક્શનની ગુપ્ત જાણકારી આપવામાં આવી હતી. કહેવામાં આવી રહ્યું છે કે આ જાણકારી આરોપીઓને ઈન્સ્પેક્શન પેરામીટરમાં હેરફેર કરવા અને બાદમાં સામેલ મેડિકલ કોલેજોમાં શૈક્ષણિક અભ્યાસક્રમો ચલાવવા માટે મંજૂરી મેળવવા સક્ષમ બનાવતી હોવાનું કહેવાય છે. કથિત યોજના શૈક્ષણિક સંસ્થાઓને મંજૂરી આપવાની પ્રક્રિયામાં પ્રણાલીગત નબળાઈઓને પ્રકાશિત કરે છે, જે નિયમનકારી દેખરેખની અખંડિતતા અને દેશમાં તબીબી શિક્ષણની ગુણવત્તા પર સંભવિત અસર અંગે ચિંતા ઉભી કરે છે. આ સર્ચ ઓપરેશનમાં અનેક રાજ્યોમાં સ્થિત મેડિકલ કોલેજો સંબંધિત સાત જગ્યાઓ આવરી લેવામાં આવી છે. આ ઉપરાંત સીબીઆઈની એફઆઈઆરમાં આરોપી બનાવવામાં આવેલા અનેક ખાનગી વ્યક્તિઓના જગ્યાઓ પર દરોડા પાડવામાં આવી રહ્યા છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ વ્યક્તિઓએ કથિત લાંચની લેવડદેવડને સરળ બનાવવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. ■

# ઈડીએ પહેલી વાર ભારત-મ્યાનમાર સરહદ પર ડ્રગ્સના મામલામાં દરોડો પાડ્યો

નવી દિલ્હી/ઐઝવાલ : એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઈડી)એ કેફી દ્રવ્યોની હેરફેરને સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં ગુરુવારે મિઝોરમમાં પહેલી વાર ભારત-મ્યાનમાર સરહદ પર તેમ જ આસામ અને ગુજરાતમાં દરોડા પાડ્યા હતા. કેન્દ્રિય તપાસ એજન્સીએ ૩૫ લાખ રૂપિયા અને અમુક ડિજિટલ ડિવાઈસ જપ્ત કર્યા હતા. અધિકારીએ કહ્યું હતું કે પ્રિવેન્શન ઑફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ)ની જોગવાઈઓ હેઠળ મિઝોરમના ઐઝવાલ અને ચંફાઈ, આસામના શ્રીભૂમિ (કરિમગંજ) અને ગુજરાતના અમદાવાદ પર દરોડા પાડ્યા હતા. ઈડીની આ તપાસ મિઝોરમ પોલીસે છ ઈસમ પાસેથી ૧.૪૧ કરોડ રૂપિયાનું હેરોઈન પકડ્યું એવા મિઝોરમ પોલીસના એફઆઈઆર આધારિત છે.

ઈડી અધિકારીઓએ કહ્યું હતું કે અમે પહેલી વાર ભારત-મ્યાનમાર સરહદે (ચંફાઈ)માં દરોડા પાડીને તપાસ કરી છે. ભારત અને મ્યાનમારની સરહદ ૧,૬૪૩ કિલોમીટર લાંબી છે. એજન્સી ધરપકડ કરાયેલા ગુનેગારોનું આર્થિક વિશ્લેષણ કર્યું હતું અને મિઝોરમની અમુક કંપનીઓ અને ગુજરાતની અમુક કંપનીઓ વચ્ચે કડી જોઈ હતી. ગુજરાતની કંપનીઓએ સ્યુડોએફેડ્રિન ટેબલેટ અને કેફીન એન્હાઈડ્રસ (મેથામ્ફેટેમિન ટેબલેટ બનાવવામાં ઉપયોગ થાય છે) મિઝોરમની કંપનીઓને મોકલાવી હતી. મ્યાનમારા દાણચોરોએ હવાલા ટ્રાન્ઝેકશન અને હેરફેર ચંફાઈથી કરી હતી. (એજન્સી) ■

---

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.

વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

હિન્દી-ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| बाखुदा | બાંય |
| बाँका | બેવકૂફ |
| बाँगडू | પુણ્યાત્મા |
| बाँझ | છેલબટાઉ |
| बाँह | વાંઝણી |

## ઓળખાણ પડી?



અમિતાભ બચ્ચનની હિરોઈન બન્યા બાદ 'જુમ્મા ચુમ્મા' ગીતથી ખૂબ જ લોકપ્રિયતા મેળવનારી હીરોઈનની ઓળખાણ પડી ?

અ) ભાનુપ્રિયા
બ) ટીના મુનીમ
ક) કિમી કાટકર
ડ) રતિ અગ્નિહોત્રી

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ર | ૨ ઈ | સ | ■ | ૩ આ | ૪ હ | ટ | ■ | ૫ હૈ | ૬ યા |
| ૭ ઝા | ઝ | ■ | ૮ બ | કા | લ | | ૯ અ | ■ | વ |
| કા | ■ | ૧૦ આ | કા | શ | કુ | ૧૧ સુ | મ | વ | ત્ |
| ૧૨ ર | ૧૩ હી | શ | ■ | મં | ■ | ૧૪ ભા | થું | ■ | ચં |
| ■ | ૧૫ સા | રો | ■ | ડ | ■ | ષિ | ■ | ૧૬ ચં | દ્ર |
| ૧૭ સા | બ | ■ | ૧૮ ખ | લ | ૧૯ ક | ત | ■ | ૨૦ ગા | દિ |
| ૨૧ બ | ની | ■ | ડ | ■ | ણ | ■ | ૨૨ ચ | ■ | વા |
| ૨૩ ર | સ | જ્ઞ | ■ | ૨૪ રા | બ | ■ | ૨૫ ક | ૨૬ ડ | ક |
| મ | ■ | ■ | ૨૭ રા | વ | ણ | ■ | ૨૮ મ | મ | રો |
| ૨૯ તી | રં | દા | જી | ■ | ■ | ૩૦ આ | ક | રો | ■ |

## શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | | ■ | ૪ | ૫ | ૬ |
| | ■ | ૭ | ૮ | | ■ | ૯ | | | |
| ૧૦ | ૧૧ | | | ■ | ૧૨ | ■ | | ■ | ■ |
| ૧૩ | | ■ | ■ | ૧૪ | | ૧૫ | | ૧૬ | ૧૭ |
| ■ | ૧૮ | ૧૯ | ૨૦ | | ■ | | ■ | ૨૧ | |
| ૨૨ | ■ | ૨૩ | | ■ | ■ | ૨૪ | | | |
| ૨૫ | ૨૬ | | ■ | ૨૭ | ૨૮ | | ■ | | ■ |
| ૨૯ | | ■ | ૩૦ | ■ | | ■ | ૩૧ | | ૩૨ |
| ૩૩ | | ■ | | ■ | ૩૪ | ૩૫ | | ■ | |
| ૩૬ | | | | | ■ | ૩૭ | | | |

**આડી ચાવી**

૧. ફુરસદ, જંપ, સલામતી (૩)
૩. સ્ત્રીઓ નાકમાં પહેરે (૨)
૪. ગોડાઉન (૩)
૭. --- પેટીસ બધાને ભાવે (૩)
૯. મેલ --- મોચીના મોચી (૪)
૧૦. સ્વાર્થી (૪)
૧૩. અંગ્રેજીમાં હા (૨)
૧૪. ડગમગતું (૬)
૧૮. તદ્દન, સાવ, જરાપણ (૪)
જો. છૂ.
૨૧. પોતાના --- અણગમાનું ધ્યાન રાખો (૨)
૨૩. ગિરદીવાળું (૨)
૨૪. સત્રાંત, છેડો, અંતિમ (૪)
૨૫. એક રાશિ (૩)
૨૭. તડકો, તેજ (૨)
૨૯. આદત, ટેવ (૨)
૩૧. ગોદ--- એટલે સીમંતની વિધિ (૩)
૩૩. સ્ત્રી (૨)
૩૪. તિરાડ, તડ (૩)
૩૬. યુદ્ધ ભૂમિ (૫)
૩૭. લગનમાં તમારે --- આવવાનું છે (૪)

**ઊભી ચાવી**

૧. તંદુરસ્ત (૪)
૨. હારનું વચ્ચેનું રત્ન (૩)
૩. વરંડો, ઘરની પાછળનો ભાગ (૨)
૪. વર લગ્ન કરવા જાય (૪)
૫. શિયાળામાં ચ્યવનપ્રાશ--- (૨)
૬. લીન (૨)
૮. ગિલ્લી, દંડો અને --- (૨)
૧૧. માળા (૩)
૧૨. સમયનું એક માપ (૨)
૧૪. હમણાં શું ચાલે છે ? (૨)
૧૫. છળ (૩)
૧૬. લગનગાળો (૫)
૧૭. --- કરવી એટલે હદ કરવી (૩)
૧૯. થોડું (૩)
૨૦. સ્ત્રીની છાતી, સ્તન (૨)
૨૨. અધિકારી (૫)
૨૬. કાગળ-કાપડના ટુકડા (૪)
૨૮. પાછું (૩)
૩૦. ખાનદાન, શ્રેષ્ઠ, કીમતી (૩)
૩૧. --- કાઢવી એટલે ડર દૂર કરવો (૩)
૩૨. વ્યક્તિ, શખ્શ (૩)
૩૫. કડવા કારેલાનો --- પીઓ (૨)

## ગુજરાત મોરી મોરી રે

ગાયિકા અને અભિનેત્રી માનસી પારેખ દ્વારા નિર્મિત અને અભિનીત ગુજરાતી ફિલ્મનું નામ વિકલ્પોમાંથી શોધીને જણાવો.

અ) કસુંબો બ) છેલ્લો દિવસ ક) ગોળકેરી ડ) મહારાણી

## જાણવા જેવું

અમિતજીને એંગ્રી યંગ મેનની ઈમેજ આપનારી 'ઝંઝીર' ફિલ્મમાં હીરોઈન તરીકે પહેલા મુમતાઝની પસંદગી કરવામાં આવી હતી. જોકે, એ સમયે લગ્ન નક્કી થયા હોવાથી મુમતાઝે ફિલ્મ છોડી દીધી હતી. એ સમયે અમિતાભ - જયાનો રોમેન્સ ચાલતો હતો અને પ્રકાશ મેહરાએ જયા ભાદુરીને સાઈન કરી હતી.

## સુડોકુ-૯૧૫૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૧ | | | ૪ | | | | |
| | ૯ | | ૫ | | | | | |
| ૬ | | | | ૯ | | ૫ | | |
| | | ૩ | ૬ | | | | | ૪ |
| ૯ | ૬ | | | | | | ૨ | ૧ |
| ૫ | | | | | ૮ | ૬ | | |
| | | ૧ | | ૮ | | | | ૫ |
| | | | | | ૧ | | ૪ | |
| | | | | ૨ | | | ૭ | ૬ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-૯૧૫૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૯ | ૭ | ૮ | ૬ | ૪ | ૨ | ૫ | ૩ |
| ૪ | ૨ | ૩ | ૧ | ૫ | ૭ | ૬ | ૮ | ૯ |
| ૮ | ૬ | ૫ | ૩ | ૨ | ૯ | ૪ | ૭ | ૧ |
| ૨ | ૫ | ૮ | ૭ | ૪ | ૩ | ૯ | ૧ | ૬ |
| ૭ | ૩ | ૯ | ૬ | ૮ | ૧ | ૫ | ૨ | ૪ |
| ૬ | ૧ | ૪ | ૫ | ૯ | ૨ | ૮ | ૩ | ૭ |
| ૩ | ૮ | ૬ | ૪ | ૭ | ૫ | ૧ | ૯ | ૨ |
| ૯ | ૪ | ૧ | ૨ | ૩ | ૮ | ૭ | ૬ | ૫ |
| ૫ | ૭ | ૨ | ૯ | ૧ | ૬ | ૩ | ૪ | ૮ |

## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

'તુમસા નહીં દેખા', 'તીસરી મંઝીલ' જેવી સુપરહિટ ફિલ્મોના અભિનેતા શમ્મી કપૂર દિગ્દર્શિત ફિલ્મનું નામ કહી શકશો?

અ) વિધાતા બ) મામા ભાંજા ક) બંડલબાજ ડ) જંગલી

## નોંધી રાખો

'ઝંઝીર'ને ભવ્ય સફળતા મળ્યા બાદ સાઉથની ત્રણ ભાષા તમિળ, તેલુગુ અને મલયાલમમાં એની રીમેક બનાવવામાં આવી હતી.

## માઈન્ડ ગેમ

અમિતાભ બચ્ચનની સુપરહિટ 'ઝંઝીર' ફિલ્મનું 'દીવાને હૈં દીવાનો કો ના ઘર ચાહિએ' ગીત કયા ગીતકાર પર ફિલ્માવાયું છે?

અ) કમર જલાલાબાદી બ) આનંદ બક્ષી
ક) ગુલશન બાવરા ડ) નિદા ફાઝલી

## ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| बोदा | કમજોર |
| बोना | વાવવું |
| बोरा | કોથળો |
| बोश | દબદબો |
| बोझिल | વજનદાર |

ગુજરાત મોરી મોરી રે: લાલો

ઓળખાણ પડી?: સ્વર્ગ

માઈન્ડ ગેમ: ઉષા મંગેશકર

ચતુર આપો જવાબ માથું ખંજવાળો: હકીકત

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) સુભાષ મોમાયા (૩) કિશોરકુમાર જીવણદાસ પટેલ (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) ભારતી બુચ (૬) નીતા દેસાઈ (૭) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૮) હર્ષા મહેતા (૯) શ્રદ્ધા આશર (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) જયવંત પદમશી ચિખલ (૧૩) પુષ્પા પટેલ (૧૪) લજિતા ખોના (૧૫) નિખિલ બંગાળી (૧૬) અમીશી બંગાળી (૧૭) મીનળ કાપડિયા (૧૮) મહેશ સંઘવી (૧૯) મહેશ દોશી (૨૦) ભરત કજરિયા (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) ભાવના કર્વે (૨૪) તાહેર ઔરંગાબાદવાલા (૨૫) શીરીન ઔરંગાબાદવાલા (૨૬) પ્રવીણ વોરા (૨૭) કિરીટ છેડા (૨૮) મહેન્દ્ર લોઢાવિયા (૨૯) કમલ માતલિયા (૩૦) અરવિંદ કામદાર (૩૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૨) વિલાશ અંબાણી (૩૩) દેવેન્દ્ર સંપટ (૩૪) વિપીન શાહ (૩૫) નૂતન વિપીન શાહ (૩૬) અંજુ ટોલિયા (૩૭) ડાયના સંતોકે (૩૮) અલકા વાણી (૩૯) નયના ગિરીશ મિસ્ત્રી (૪૦) પુષ્પા ખોના (૪૧) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૨) રમેશ દલાલ (૪૩) હિના દલાલ (૪૪) ઈનાક્ષી દલાલ (૪૫) જ્યોત્સના ગાંધી (૪૬) નિતીન જયંતિલાલ બજરિયા (૪૭) ડો. પ્રકાશ કટકિયા (૪૮) ધીરેન્દ્ર મુલરાજ (૪૯) ગીતા ઉદેશી (૫૦) પ્રતિમા પમાણી (૫૧) વિણા સંપટ

## આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

ક્વિઝ (અ) અદાકર હતા ધર્મેન્દ્ર ૧) દિગ્દર્શક જગદેવ ભામરી, ૨) મેહમુદ ૩) બાસુ ચેટરજી ૪) મનમોહન દેસાઈ ૫) બી એસ થાપા ૬) ફરાહ ખાન ૭) અસરાની

ક્વિઝ (બ) ૧) પ્રિન્સ, ૨) પ્રેમ નગર, ૩) ઝૂમરું, ૪) મી એન્ડ મિસ ૫૫, ૫) નૌજવાન, ૬) ગુડ્ડુ, ૭) ગેસ્ટ હાઉસ

# ‘ધરમજી મારું સર્વસ્વ’

## હેમા માલિનીએ કરી ભાવનાત્મક પોસ્ટ



મુંબઈ: બોલિવૂડના હી-મેન ધર્મેન્દ્રના નિધનના સમાચારથી તેમના ચાહકોના દિલ તૂટી ગયા. સોમવારે સવારે જ્યારે પીઢ અભિનેતા ધર્મેન્દ્રનું ૮૯ વર્ષની વયે અવસાન થયું હોવાના સમાચાર આવ્યા, ત્યારે સોશિયલ મીડિયા, ફિલ્મ ઉદ્યોગ અને તેમના ચાહકોમાં ઘેરી શાંતિ છવાઈ ગઈ હતી. આટલા વર્ષો સુધી લોકોના દિલ પર રાજ કરનાર આ સુપરસ્ટારના જવાથી બધા ભાવુક થઈ ગયા હતા.

ધરમજીના અવસાનના ત્રણ દિવસ પછી તેમની પત્ની, અભિનેત્રી હેમા માલિનીએ સોશિયલ મીડિયા પર એક ભાવનાત્મક પોસ્ટ શેર કરી. તેણે લખ્યું, ‘‘ધરમજી મારા માટે ઘણું બધું હતા. અમારી બે પુત્રીઓ, ઈશા અને આહાના માટે એક પ્રેમાળ પિતા, એક પ્રેમાળ પતિ, એક મિત્ર, એક ફિલોસોફર, એક માર્ગદર્શક, એક કવિ અને એ વ્યક્તિ જેમની પાસે હું મુશ્કેલ સમયમાં સૌથી પહેલા જતી. સાચું કહું તો, તે મારા માટે સર્વસ્વ હતા! તે હંમેશા મારા સારા અને ખરાબ સમયમાં મારી સાથે રહેતા. તેમણે મારા આખા પરિવારને પોતાના સરળ અને મૈત્રીપૂર્ણ સ્વભાવથી પોતાના બનાવી લીધા હતા, હંમેશા દરેક પ્રત્યે પ્રેમ અને સ્નેહ દર્શાવતા, તેમની વાતમાં રસ લેતા. એક પ્રખ્યાત વ્યક્તિત્વ હોવા છતાં, તેમની પ્રતિભા, તેમની સાદગી અને તેમના મોહક સ્વભાવે તેમને અન્ય તમામ મહાન કલાકારોથી અલગ અને ખાસ બનાવ્યા. ફિલ્મ ઉદ્યોગમાં તેમની ખ્યાતિ અને સિદ્ધિઓ અમર રહેશે. મારું અંગત નુકસાન એવું છે જે શબ્દોમાં વર્ણવી શકાય એમ નથી અને તેનાથી જે શૂન્યાવકાશ સર્જાયો છે તે હું જીવનભર અનુભવીશ. આટલા વર્ષો સાથે રહ્યા પછી, હવે મારી પાસે એટલી બધી યાદો છે કે હું તે ખાસ ક્ષણોને વારંવાર જીવંત કરી શકું છું. ■

# મહારાષ્ટ્ર બોર્ડની ડિજિટલ સુવિધાઃ હવે એક ક્લિક પર બધા પ્રમાણપત્રો ઉપલબ્ધ

મુંબઈ : ધોરણ ૧૦-૧૨ ની માર્કશીટ અને અન્ય પ્રમાણપત્રો વિદ્યાર્થીઓના આગળના શિક્ષણ, નોકરી અને અન્ય જરૂરી કાર્યો માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે, પરંતુ જો આ દસ્તાવેજો ખોવાઈ જાય અથવા કોઈ ફેરફારની જરૂર પડે, તો વિદ્યાર્થીઓને વારંવાર બોર્ડ ઓફિસના ધક્કા ખાવા પડતા. આનાથી તેમને ઘણી મુશ્કેલી પડતી.

હવે વિદ્યાર્થીઓને આનાથી મોટી રાહત મળી છે. મહારાષ્ટ્ર રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે જણાવ્યું હતું કે આ સમગ્ર પ્રક્રિયા ઓનલાઈન કરી છે. વિદ્યાર્થીઓ હવે ઘરે બેઠા બોર્ડની સત્તાવાર વેબસાઇટ 'www.mahahsscboard.in' પરથી વિવિધ પ્રમાણપત્રો મેળવી શકે છે. આમાં ડુપ્લિકેટ માર્કશીટ, ડુપ્લિકેટ પ્રમાણપત્ર, પ્રોવિઝનલ પ્રમાણપત્ર અને માઇગ્રેશન પ્રમાણપત્રનો સમાવેશ થાય છે. અગાઉ આ પ્રમાણપત્રો માટે અલગ અલગ ફી લેવામાં આવતી હતી. ઘણીવાર વિદ્યાર્થીઓએ અરજી માટે પણ ફી ચૂકવવી પડતી હતી, પરંતુ હવે એક મોટા ફેરફારમાં બોર્ડે બધી અલગ ફી નાબૂદ કરી દીધી છે. હવે પ્રતિ પ્રમાણપત્ર ફક્ત ૫૦૦ રૂપિયા ચૂકવવાના રહેશે. તેના માટે કોઈ અલગ અરજી ફી રહેશે નહીં.

વિદ્યાર્થીઓ માટે બીજી એક મહત્વપૂર્ણ સુવિધા એ છે કે ૧૯૯૦ થી આજ સુધીનો તમામ ડેટા સિસ્ટમમાં ઉપલબ્ધ છે. તેથી જો ૧૯૯૦ પછીના વિદ્યાર્થીને કોઈપણ પ્રમાણપત્રની જરૂર પડે, તો તેની સોફ્ટ કોપી તરત જ ઉપલબ્ધ થશે. વિદ્યાર્થીઓ આધાર નંબર આધારિત ઓટીપી સિસ્ટમનો ઉપયોગ કરીને સીધા ઓનલાઈન અરજી કરી શકે છે. અરજી મળ્યા પછી ફક્ત ત્રણ દિવસમાં સંબંધિત વિભાગીય બોર્ડે કાર્ય પૂર્ણ કરવાનું રહેશે. જો વિદ્યાર્થીએ પોસ્ટ દ્વારા દસ્તાવેજોની વિનંતી કરી હોય, તો તે સ્પીડ પોસ્ટ દ્વારા તેમના સરનામે મોકલવામાં આવશે. આ નવી સિસ્ટમથી વિદ્યાર્થીઓનો ઘણો સમય, પૈસા અને બિનજરૂરી ઝંઝટથી બચાવશે. ■

# મુંબઈના પ્રદૂષણ માટે ઈથિયોપિયાની જ્વાળામુખીની રાખને દોષ ન દેવાયઃ હાઈ કોર્ટ

મુંબઈ: મહાનગર મુંબઈના વાયુ પ્રદૂષણ માટે ઇથોપિયામાં જ્વાળામુખી ફાટવાથી નીકળેલા રાખના વાદળોને દોષી ઠેરવી ન શકાય એમ બોમ્બે હાઈ કોર્ટે ગુરુવારે જણાવ્યું હતું.

અદાલતે સ્પષ્ટતા કરી હતી કે ઈથિયોપિયાનો જ્વાળામુખી ફાટ્યો એના ઘણા સમય પહેલાથી મુંબઈની હવામાં પ્રદૂષણ જોવા મળ્યું હતું. મુખ્ય ન્યાયમૂર્તિ ચંદ્રશેખર અને ન્યાયમૂર્તિ ગૌતમ અંખડની ખંડપીઠને શહેરમાં વાયુ પ્રદૂષણના મુદ્દે વર્ષ ૨૦૨૩થી કરવામાં આવેલી કેટલીક અરજીઓની સુનાવણી કરવા વિનંતી કરવામાં આવી હતી.

અરજદારોએ જણાવ્યું હતું કે શહેરમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ (વાયુની ગુણવત્તા દર્શાવતા આંકડા) સતત ખરાબ હવામાન દર્શાવે છે અને આ મહિને ઈન્ડેક્સ ૩૦૦થી ઉપર ગયો છે.

વધારાના સરકારી વકીલ જ્યોતિ ચવ્હાણે જણાવ્યું હતું કે બે દિવસ પહેલા ઇથોપિયામાં જ્વાળામુખી ફાટવાને કારણે વાયુ પ્રદૂષણની માત્રામાં વધારો થયો છે.

જોકે, અદાલતે આ દલીલ ફગાવી દઈ જણાવ્યું હતું કે જ્વાળામુખી ફાટ્યો એ પહેલાથી જ વાયુ પ્રદૂષણ ખરાબ હતું. અદાલતે આ મામલાની સુનાવણી શુક્રવાર પર મુલતવી રાખી હતી. ■

# એઆઈથી ટ્રેનનો બોગસ પાસ બનાવ્યોઃ બૅન્કની સેલ્સ મૅનેજર અને એન્જિનિયર પતિ પકડાયો

થાણેઃ ખાનગી બૅન્કની સેલ્સ મૅનેજર અને તેના એન્જિનિયર પતિએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) ટૂલ્સની મદદથી લોકલ ટ્રેનનો બોગસ પાસ બનાવ્યો હતો, પરંતુ ટિકિટ ચેકર (ટીસી)ની સતર્કતાથી બન્ને ઝડપાઈ ગયા હતા.

પોલીસના જણાવ્યા મુજબ બુધવારે દંપતીનું કથિત ફ્રોડ સામે આવ્યું હતું. કલ્યાણથી દાદર જઈ રહેલી એસી લોકલ ટ્રેનમાં ટીસી પ્રવાસીઓની ટિકિટ તપાસવા ચઢ્યો હતો. એ ટ્રેનમાં ખાનગી બૅન્કમાં સેલ્સ મૅનેજર તરીકે કામ કરતી મહિલા પ્રવાસ કરતી હતી. કલ્યાણથી ડોમ્બિવલી દરમિયાન ટીસીએ મહિલાનો પાસ તપાસ્યો હતો.

ટીસી વિશાલ તુકારામ નવલેએ ગુડિયા ઓમકાર શર્મા (૨૮) પાસે ટિકિટ જોવા માગી હતી. ગુડિયાએ તેની પાસે સિઝન પાસ હોવાનું કહ્યું હતું, પણ રેલવેની અધિકૃત મોબાઈલ ઍપ યુટીએસ પર તેનો પાસ દેખાતો નહોતો. પરિણામે ટીસીને શંકા ગઈ હતી.

ગુડિયાએ જે પાસ બતાવ્યો હતો તેના સિરિયલ નંબરની ચકાસણી કરવા ટીસીએ સેન્ટ્રલ રેલવે હેલ્પલાઈન પર સંપર્ક સાધ્યો હતો. હેલ્પલાઈનના અધિકારીએ આ પાસની સમયમર્યાદા ફેબ્રુઆરીમાં જ પૂરી થઈ હોવાનું કહ્યું હતું. વળી, એ પાસ ઓમકાર શર્મા નામના પુરુષનો હોવાનું જણાયું હતું. ઓમકાર શર્મા ગુડિયાનો પતિ હોવાનું ટીસીને જાણવા મળ્યું હતું. આ ફ્રોડ હોવાનું જણાતાં મહિલા અને તેના ૩૦ વર્ષના પતિને તાબામાં લેવાયાં હતાં. ઓમકારે પોલીસ પૂછપરછમાં કબૂલ્યું હતું કે તેણે એઆઈની મદદથી આ ફ્રોડ કર્યું હતું, એવો દાવો અધિકારીએ કર્યો હતો. (પીટીઆઈ)■

# દિશા સાલિયનના મૃત્યુની તપાસ પોલીસ ક્યાં સુધી કરતી રહેશે?: હાઈ કોર્ટ

મુંબઈઃ સેલિબ્રિટી મેનેજર દિશા સાલિયનના મૃત્યુની તપાસ પોલીસ કેટલો સમય સુધી કરવાનું ચાલુ રાખશે એવો સવાલ બોમ્બે હાઈ કોર્ટે ગુરુવારે કર્યો હતો. ૮ જૂન, ૨૦૨૦ ના દિવસે મુંબઈના પરા મલાડમાં એકબિલ્ડિંગના ૧૪ મા માળેથી પડી જવાથી દિશાનું મૃત્યુ થયું હતું, ત્યારબાદ શહેર પોલીસે એક્સિડેન્ટલ ડેથ રિપોર્ટ (એડીઆર) કેસ નોંધ્યો હતો.

ન્યાયમૂર્તિ એ.એસ. ગડકરી અને ન્યાયમૂર્તિ આર.આર. ભોસલેની ખંડપીઠે જણાવ્યું હતું કે કે મૃત્યુને પાંચ વર્ષ થઈ ગયા છે અને પોલીસે એ નક્કી કરવાનું છે કે મૃત્યુ આત્મહત્યાથી થયું હતું કે એની હત્યા કરવામાં આવી હતી. સરકારી વકીલ મનખુનવર દેશમુખે મૃત્યુની તપાસ હજી ચાલુ હોવાનું કહ્યા બાદ ખંડપીઠે આ ટિપ્પણી કરી છે. દેશમુખે અદાલતને જણાવ્યું હતું કે તમામ શક્યતાઓ દૂર કરવા માટે તપાસ ઝીણવટપૂર્વક કરવામાં આવી રહી છે.

દિશા સાલિયનના પિતા સતીશ સાલિયને આ વર્ષે માર્ચમાં હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી કે તેમની પુત્રી પર ગેંગરેપ કરી તેની હત્યા કરવામાં આવી હતી. પુત્રીના મૃત્યુની સીબીઆઈ તપાસની માંગ કરી શિવસેના (યુબીટી) નેતા આદિત્ય ઠાકરે વિરુદ્ધ એફઆઈઆર નોંધવાની માગ પણ સતીશ સાલિયને કરી હતી.

સતીશ સાલિયને અરજીમાં આરોપ કર્યો છે કે તેમની પુત્રી જૂન ૨૦૨૦ માં રહસ્યમય સંજોગોમાં મૃત હાલતમાં મળી આવતા કેટલાક પ્રભાવશાળી વ્યક્તિઓને છાવરવા માટે રાજકીય સ્તરે એના પર ઢાંકપિછોડો કરવામાં આવ્યો હતો.

દેશમુખે ગુરુવારે ખંડપીઠને જણાવ્યું હતું કે પોલીસે ઘટના બાદ અનેક વખત અરજદાર અને તેની પત્નીના નિવેદનો નોંધ્યા હતા અને તેઓએ સ્પષ્ટપણે કહ્યું હતું કે તેમને કોઈના પર કોઈ શંકા નથી અને હવે પાંચ વર્ષ પછી, પિતા આ વિવાદો ઉઠાવી રહ્યા છે.

ખંડપીઠે આ મામલાની વધુ સુનાવણી ૧૧ ડિસેમ્બરે મુલતવી રાખી હતી. એ દિવસે દેશમુખે અરજદારને દસ્તાવેજો પૂરા પાડવા અંગે પોલીસનું વલણ સ્પષ્ટ કરવું પડશે. અદાલતે પોલીસને પોસ્ટમોર્ટમ રિપોર્ટ રજૂ કરવા પણ નિર્દેશ આપ્યો હતો. (પીટીઆઈ)

# ‘મુંબઈ-પુણે વચ્ચે વિમાન પ્રવાસ એ ગુના સમાન’

પુણેઃ વિમાન પ્રવાસ અત્યંત સસ્તો થઈ ગયો છે. જોકે ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જનની દૃષ્ટિએ વિમાન પ્રવાસ પર્યાવરણ માટે અત્યંત હાનિકારક છે. એક અભ્યાસ મુજબ મુંબઈ-પુણે વચ્ચે ફ્લાઇટ્સની સંખ્યા ઘણી વધારે છે. મુંબઈ-પુણે સારી રીતે જોડાયેલા હોવા છતાં આટલા ઓછા અંતર માટે વિમાન પ્રવાસ કરવો એ ગુના જેવું છે, એવો મત ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશનના ભૂતપૂર્વ અધ્યક્ષ શ્રીકાંત વૈદ્યએ વ્યક્ત કર્યો હતો. વૈદ્યએ વધુમાં કહ્યું કે, હાલમાં વિશ્વમાં માત્ર એરક્રાફ્ટ ફ્યુઅલ માટે દરરોજ આશરે ૭૦ લાખ બેરલ ક્રૂડ ઓઇલનો વપરાશ થાય છે. મુસાફરોની સંખ્યા પણ ઝડપથી વધી રહી હોવાથી, ઇંધણનો વપરાશ લગભગ ૯૦ લાખ બેરલ સુધી પહોંચી જશે. પુણે-મુંબઈ માર્ગ પરની ફ્લાઇટ્સમાંથી થતું ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન રેલવેની તુલનામાં આશરે ચાર ગણું વધારે છે. કાર્બન ઉત્સર્જન ઘટાડવા માટે સરકારે ઝડપી રેલવેનું નેટવર્ક બનાવીને રેલવે પ્રવાસને પ્રોત્સાહન આપવાની જરૂર છે. આ માટે, ચીન અને જાપાન જેવા રેલ્વે ઇન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી છે. દેશના આઠ મહત્વપૂર્ણ મેટ્રોપોલિટન શહેરોને હાઇ-સ્પીડ રેલ સાથે જોડવાથી આ શહેરોમાં હવાઈ સેવાઓમાં ઘટાડો થશે.

# મલાડમાં ટોણો મારનારા મિત્રનું ગળું ચીરનારા યુવકની ધરપકડ

મુંબઈ: અલગ રહેતી પત્નીને સંબોધીને ટોણો મારનારા મિત્રનું યુવકે ગળું ચીર્યું હોવાની ઘટના મલાડમાં બની હતી. પોલીસના જણાવ્યા મુજબ ગુરુવારની સવારે બનેલી ઘટનામાં મૃત્યુ પામેલા શખસની ઓળખ દિલખુશ સાહ (૨૧) તરીકે થઈ હતી. આ પ્રકરણે હત્યાનો ગુનો નોંધી આરોપી ગણેશ મંડલ (૨૫)ની ધરપકડ કરવામાં આવી હતી. દિલખુશ અને ગણેશ કેટરિંગ ફર્મમાં કામ કરતા હતા અને બન્ને બિહારના મધુબનીના વતની છે. આરોપી ગણેશ કેટરિંગ કંપનીમાં રસોઈયા તરીકે, જ્યારે દિલખુશ તેના મદદનીશ તરીકે કામ કરતો હતો. પરિણીત ગણેશની પત્ની છેલ્લાં ચારેક વર્ષથી તેને છોડી ગઈ હતી અને અલગ રહેવા માંડી હતી. આ વાતને લઈ દિલખુશ વારંવાર ગણેશને ટોણો મારતો હતો. કહેવાય છેકે કામ નિમિત્તે માલિકે ગુરુવારની સવારે બન્નેને કાંદિવલી મોકલ્યા હતા. રસ્તામાં બન્ને વચ્ચે આ જ મામલે વિવાદ થયો હતો.મલાડ પશ્ચિમમાં લાઈલાઈન હૉસ્પિટલ નજીકની એક બિલ્ડિંગના કમ્પાઉન્ડ પાસે બોલાચાલી થતાં ગણેશે તેની પાસેની છરીથી દિલખુશ પર હુમલો કર્યો હતો. દિલખુશનું ગળું ચીરવામાં આવતાં તે ગંભીર રીતે ઘવાયો હતો. બનાવની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. દિલખુશને નજીકની હૉસ્પિટલમાં લઈ જવાયો હતો, જ્યાં તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. પોલીસે ગણેશને તાબામાં લઈ વધુ કાર્યવાહી હાથ ધરી હતી. ગણેશ પાસેથી કેટરિંગમાં વપરાતી છરી પણ હસ્તગત કરાઈ હતી. ■



**કાયમી ઉકેલઃ** બાણગંગાની સફાઈ માટે તળાવમાંથી પાણી બહાર કાઢવા સમારકામ હાથ ધરાયું છે. હવે હંમેશા થતી મુશ્કેલીનો અંત આવશે. (અમય ખરાડે)

# પ્રેમીપંખીડાનો ઝાડ સાથે ગળાફાંસો ખાઈ આપઘાત

પાલઘરઃ પરિણીત પ્રેમી અને પ્રેમિકાના મૃતદેહ ઝાડ પર લટકેલી અવસ્થામાં મળી આવતાં બન્નેએ આત્મહત્યા કરી હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી. પાલઘર જિલ્લાના વિક્રમગડ તાલુકામાં બનેલી આ ઘટનામાં જીવ આપનારા બન્નેના પરિવારજનોએ તેમના સંબંધોનો વિરોધ કર્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ મૃતકોની ઓળખ નરેશ લહુ નાડગે (૩૫) અને સારિકા શંકર મહાલા (૨૪) તરીકે થઈ હતી. બન્નેના મૃતદેહ મંગળવારે વિક્રમગડ તાલુકાના સરશી ગામમાંથી એક ઝાડ સાથે ગળાંફાસો ખાધેલી હાલતમાં મળી આવ્યા હતા. પરિણીત નરેશ બે સંતાનનો પિતા હતો, જ્યારે સારિકા અપરિણીત હતી. બન્ને વચ્ચે પ્રેમ સંબંધ હતા, પરંતુ તેમના પરિવારજનો અને ગામવાસીઓએ આ સંબંધનો વિરોધ કર્યો હતો. પરિણામે બન્ને ડિપ્રેશનમાં સરી પડ્યા હતા. પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે સોમવારે બન્ને જણ કુટુંબીજનોને ખોટાં કારણ બતાવી ઘરેથી નીકળ્યા હતા. પછી મંગળવારની સવારે અમુક ગામવાસીઓની નજર બન્નેના મૃતદેહ પર પડી હતી. બન્નેએ આત્મહત્યા કરી હોવાનું પ્રાથમિક તપાસ સૂચવે છે, એમ વિક્રમગડ પોલીસ સ્ટેશનના આસિસ્ટન્ટ ઈન્સ્પેક્ટર અજિત ગોલેએ જણાવ્યું હતું. આ પ્રકરણે પોલીસે એડીઆર નોંધી બન્નેના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હૉસ્પિટલમાં મોકલી આપ્યા હતા. એક અધિકારીના જણાવ્યા મુજબ અહીંના ગામવાસીઓ આવા સંબંધો પ્રત્યે ખૂબ જ સંવેદનશીલ અને ભાવનાત્મક છે. તેઓ આક્રમક પગલાં લઈ શકે છે. તેથી આવા મુદ્દે કાઉન્સેલિંગની જરૂર છે. (પીટીઆઈ)■

# ટ્રેનમાં ઈન્સ્ટન્ટ નૂડલ્સ બનાવનારી મહિલાએ ઝડપાઈ ગયા બાદ માફી માગી છતાં કાર્યવાહી શરૂ



મુંબઈઃ મધ્ય રેલવેની એક્સપ્રેસ ટ્રેનના એસી કોચની અંદર ઘર વપરાશની ઇલેક્ટ્રિક પર ચાલતી કેટલમાં ઇન્સ્ટન્ટ નૂડલ્સ બનાવવાનો મહિલાનો એક વીડિયો વાયરલ થયો હતો. મધ્ય રેલવેએ એ મહિલાનું પગેરું શોધી કાઢ્યું છે. પુણે નજીકના ચિંચવડની રહેવાસી સરિતા તાઈ લિંગાયત પર મુસાફરોની સુરક્ષાને જોખમમાં મૂકવા બદલ રેલવે એક્ટની કલમ ૧૫૪ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. સરિતા તાઈ ઝડપાઈ ગયા પછી જ તેમણે માફી માગતો વીડિયો રિલીઝ કર્યો હતો અને તેમની સામે કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.

ઇન્સ્ટાગ્રામ પર દોઢ લાખથી વધુ ફોલોઅર્સ ધરાવતાં સરિતા તાઈ લિંગાયત ૧૬ ઓક્ટોબરે હરિદ્વારથી પુણે જઈ રહ્યાં હતાં. તેણે ઇલેક્ટ્રિક કેટલ પ્લગ ઇન કરવા અને નૂડલ્સ બનાવવા અને પાણી ઉકાળવા માટે મોબાઇલ / લેપટોપ ચાર્જિંગ સોકેટનો ઉપયોગ કર્યો હતો. ૨૦ નવેમ્બરે અપલોડ કરેલા વીડિયોમાં ચાલી રહેલી ટ્રેનની અંદર ચા અને નૂડલ્સ તૈયાર કરતા તેઓ જોવા મળ્યાં હતાં. નૂડલ્સ બનાવવાનો તેમનો આ વિડીયો ઝડપથી ઇન્સ્ટાગ્રામ, એક્સ અને અન્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વાયરલ થતા મધ્ય રેલવેના મુંબઈ ડિવિઝને ઘટનાની ચકાસણી શરૂ કરી કાનૂની કાર્યવાહી શરૂ કરી હતી.

સરિતા તાઈએ માફી માગી કબૂલ્યું હતું કે મેં ગંભીર ભૂલ કરી છે. માતા ક્યારેય તેના બાળકોને નુકસાન થાય એવું ન કરે. મેં જે કર્યું એવું તમે નહીં કરતા. ક્લિપ ઓનલાઇન પ્રસારિત કરનારા સામે મારે કોઈ ફરિયાદ નથી. ■

# જાલનામાં ઢોરના તબેલામાં ચાલતા અનધિકૃત લિંગ પરીક્ષણ અને ગર્ભપાત કેન્દ્રનો પર્દાફાશ

## પેથોલોજી લૅબના માલિક સહિત બેની ધરપકડઃ તબીબી પરીક્ષણ સામગ્રી, પોર્ટેબલ મશીન અને ગર્ભપાતની ગોળીઓ જપ્ત

જાલનાઃ જાલના જિલ્લામાં ઢોરના તબેલામાં ચાલતા અનધિકૃત લિંગ પરીક્ષણ અને ગર્ભપાત કેન્દ્રનો પોલીસે પર્દાફાશ કર્યો હતો અને આ પ્રકરણે બે જણની ધરપકડ કરી હતી.

આરોપીઓમાં જિલ્લાની પેથોલોજી લૅબના માલિક અને બારમા ધોરણના વિદ્યાર્થીનો સમાવેશ હોઇ તેમને બુધવારે લિંગ પરીક્ષણ કરતી વખતે રંગેહાથ પકડી પાડવામાં આવ્યા હતા. દેખીતી રીતે બંને જણમાંથી કોઇ આવું કામ કરવા માટે પાત્ર નથી.

વિશ્વસનીય માહિતીને આધારે પોલીસની ટીમ અને આરોગ્ય વિભાગના અધિકારીઓએ ભોકરદાન તહેસીલના નાંજા વાડી ગામમાં આવેલા ખેતરમાં ઢોરના તબેલામાં રેઇડ પાડી હતી. એ સમયે બંને આરોપી લિંગ પરીક્ષણ કરતા મળી આવ્યા હતા. રેઇડ દરમિયાન ત્યાં ત્રણ મહિલા પરીક્ષણ માટે રાહ જોતી મળી આવીય હતી.

પોલીસે ઘટનાસ્થળેથી અમુક તબીબી પરીક્ષણ સામગ્રી, પોર્ટેબલ મશીન, ગર્ભવાતની ગોળીઓ ને મોબાઇલ જપ્ત કર્યા હતાં, એમ અધિકારીએ જણાવ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર પતરાના બનાવાયેલા આ તબેલાની આડમાં ચલાવવામાં આવનારા કેન્દ્રમાં અનેક મહિનાઓથી લિંગ પરીક્ષણ અને ગર્ભપાતનું અનધિકૃત કામ કરવામાં આવતું હતું.

ગામના ગવળીવાડી વિસ્તારમાં આવેલી જિલ્લા પરિષદની શાળાની બાજુમાં આ ગોરખધંધો ચાલતો હતો.

મુખ્ય આરોપી સતીષ સોનાવણે બારમા ધોરણનો વિદ્યાર્થી છે અને તે છત્રપતિ સંભાજીનગરનો રહેવાસી છે. તેની વિરુદ્ધ છત્રપતિ સંભાજીનગર, બીડ અને જાલના જિલ્લામાં અગાઉ પણ આવા જ કેસ દાખલ છે.

સોનાવણે ઉપરાંત જાલના જિલ્લાના ભોકરદાન તહેસીલમાં તેજસ પેથોલોજી લૅબના માલિક કેશવ ગાવંડેની પણ ધરપકડ કરી હતી.

આરોપીએ પ્રશાસનના ધ્યાનમાં ન આવે એ માટે લિંગ પરીક્ષણ કેન્દ્ર ઢોરના તબેલામાં બનાવી દીધું હતું. છેલ્લા છ મહિનાથી તે આ કામ કરતો હતો.

અગાઉ જુલાઇ, ૨૦૨૪માં ભોકરદાન તહેસીલમાં અનધિકૃત પ્રસૂતિ કેન્દ્ર પણ પકડાયું હતું.

આ કેસમાં જાલાના અને બુલઢાણા જિલ્લાના ડોક્ટરો સહિત ૨૮ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. (પીટીઆઇ) ■

# પૈસાના વચનથી મત માગવા અયોગ્યઃ શરદ પવારની ભત્રીજાને સલાહ

પુણેઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના ‘વોટ ઓર નો-ફંડ’ (મત નહીં આપો તો ભંડોળ નહીં)ના નિવેદન પર નિશાન સાધી રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ (એનસીપી - એસપી)ના પ્રમુખ શરદ પવારે ગુરુવારે કહ્યું હતું કે નાણાકીય આશ્વાસનના આધારે મત માગવા અયોગ્ય છે.

પુણે જિલ્લાના બારામતીમાં સંવાદદાતાઓ સાથે વાત કરતા શરદ પવારે એમ પણ કહ્યું હતું કે વરસાદ અને પૂરને કારણે થયેલા નુકસાન માટે રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને આપવામાં આવતી સહાય પૂરતી નથી. હરીફ એનસીપીના પ્રમુખ અજિત પવારે ગયા અઠવાડિયે પુણે જિલ્લાના બારામતી તાલુકાના માલેગાંવમાં મતદારોને કહ્યું હતું કે જો તેઓ તેમના પક્ષના ઉમેદવારોને ચૂંટણીમાં વિજયી બનાવશે તો તેઓ શહેર માટે ભંડોળની અછત ન રહે એની તકેદારી રાખશે, પરંતુ જો મતદારો તેમના ઉમેદવારોને જાકારો આપશે તો તો તેઓ પણ જનતાને ડિંગો બતાવી દેશે. રાજ્યની વિવિધ સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી બીજી ડિસેમ્બરે યોજાવાની છે. ડેપ્યુટી સીએમની ટિપ્પણી બાદ રાજ્યની તિજોરી પર કોનું નિયંત્રણ છે તેની ચર્ચાના જવાબમાં શરદ પવારે કહ્યું હતું કે કેટલા નાણાંની લ્હાણી કરવી એની સ્પર્ધા ચાલી રહી છે. ■

# ૧૧ કરોડ રૂપિયાના સોનાની દાણચોરીના કેસમાં અંબરનાથના પૂજારીની ધરપકડ

મુંબઈઃ કરોડોના સોનાની દાણચોરીના કેસની તપાસ કરનારા ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સ (ડીઆરઆઇ)ના અધિકારીઓએ અંબરનાથના પૂજારીની ધરપકડ કરી હતી.

મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી અગાઉ પાંચ જણની ધરપકડ કરીને ૧૧ કરોડ રૂપિયાનું દાણચોરીનું સોનું જપ્ત કરવામાં આવ્યું હતું.

ડીઆરઆઇની ટીમે હવે અંબરનાથના પૂજારી વીરન મુન્નુસ્વામી ઉર્ફે અન્ના (૫૪)ની ધરપકડ કરી હતી, જે નિયમિત ધોરણે દાણચોરીનું સોનું ખરીદી કરતો હતો અને કાળાબજારમાં વેચતો હતો તથા હવાલા મારફત નાણાંનો વ્યવહાર કરતો હતો.

ડિસેમ્બર, ૨૦૨૪માં કસ્ટમ્સ વિભાગે એરપોર્ટ પરથી ૧૧ કરોડ રૂપિયાનું સોનું પકડી પાડીને ત્રણ સ્ટાફ સહિત છ જણની ધરપકડ કરી હતી. આરોપીઓમાં અનિલ ચવાણ (૨૯), રોહન ચવાણ (૨૦), વિવેક રેવાળે (૩૬), અર્શદ શેખ (૨૬), અનસ પટેલ (૨૬) અને અરબાઝ તંબોલીની ધરપકડ કરી હતી.

આમાંથી ત્રણ જણ દાણચોરીથી સોનું લાવ્યા હતા અને મુંબઈમાં અન્ય ત્રણ જણને સોંપ્યું હતું. આ કેસમાં સ્ટાફરો સોનું એરપોર્ટની બહાર કાઢવામાં મદદ કરતા હતા. સહાર ગામમાં ડિલિવરી આપનારા રોહન ચવાણ તથા અન્યો લોકોની ધરપકડ કરીને મીણના સ્વરૂપમાં ગોલ્ડ ડસ્ટ ભરેલી કૅપ્સ્યૂલ્સ ધરાવતા વેલ્વેટ પાઉચ જપ્ત કરાયાં હતાં. બાદમાં વધુ તપાસ કરીને ૧૧ કરોડના સોનાનું વધુ એક કન્સાઇનમેન્ટ પકડી પાડવામાં આવ્યું હતું.

અર્શદ શેખ, અરબાઝ તંબોલી અને અનસ પટેલે કબૂલ કર્યું હતું કે વીરન ઉર્ફે અન્ના માસ્ટરમાઇન્ડ વાહિદ ખાન ઉર્ફે સલીમની સૂચના પરથી તેમની પાસેથી નિયમિત રીતે દાણચોરીનું સોનું પ્રાપ્ત કરતો હતો. શેખના મોબાઇલમાંથી મેળવેલી ઑડિયો ક્લિપમાં કેરિયરને સોનું અન્નાને સોંપવા માટે સૂચનાનો પણ સમાવેશ હતો. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# યુપીની ટીમને કેમેય કરીને દીપ્તિ શર્મા પાછી જોઈતી હતી અને મેળવી જ લીધી



નવી દિલ્હીઃ વિમેન્સ પ્રીમિયર લીગ (ડબ્લ્યૂપીએલ)ની ૨૦૨૬ની સીઝન માટેના પ્લેયર્સ ઑક્શનમાં ગુરુવારે દિલ્હીમાં યુપી વૉરિયર્ઝ ટીમના ફ્રૅન્ચાઇઝીએ ભારતની ટોચની ઑલરાઉન્ડર દીપ્તિ શર્માને ગમે એમ કરીને પાછી મેળવવાનું નક્કી કર્યું હતું અને તેને જે કિંમતે પાછી મેળવવાની યોજના વિચારી રાખી હતી એની આસપાસના ભાવે તેને મેળવી લીધી હતી.

દીપ્તિને યુપી વૉરિયર્ઝે ૫૦ લાખ રૂપિયાની મૂળ કિંમત સામે ૩.૨૦ કરોડ રૂપિયામાં મેળવી હતી. ઑક્શન માટે આ જ ટીમના માલિકોએ તેને રિલીઝ કરી હતી અને તેને રાઇટ ટૂ મૅચ (આરટીએમ)ની સગવડ સાથે ૩.૨૦ કરોડ રૂપિયામાં પાછી મેળવી હતી. ગઈ સીઝનમાં તેને ૨.૦૦ કરોડ-પ્લસમાં મેળવી હતી. દીપ્તિ હવે ડબ્લ્યૂપીએલમાં ૨૦૨૪ની સાલમાં ટાઇટલ જીતનાર રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ વિમેન ટીમની ચૅમ્પિયન કૅપ્ટન સ્મૃતિ મંધાના (૩.૪૦ કરોડ રૂપિયા)થી માત્ર ૨૦ લાખ રૂપિયા દૂર છે. સ્મૃતિ ડબ્લ્યૂપીએલની સૌથી મોંઘી ભારતીય ખેલાડી છે.

ગુરુવારના ઑક્શનમાં અનસોલ્ડ રહેલી કેટલીક ખેલાડીઓની યાદી આ મુજબ છેઃ અલીઝા હિલી, ઇસ્સી વૉન્ગ, સાયલી સતઘરે, વૈષ્ણવી શર્મા, અશ્વાની કુમાર, સાઇમા ઠાકોર, આયુષી શુક્લા, પ્રગતિ સિંહ, હીધર નાઇટ, તેજલ હસબનીસ, શુચી ઉપાધ્યાય, લી તાહુહુ, ભારતી રાવલ, શબનમ શકીલ, અમનદીપ કૌર, ખુશી ભાટિયા, ડી. વૃંદા, અલાના કિંગ, ઉમા ચેટ્રી, તૅઝમિન બ્રિટ્સ, એસ. મેઘના, ઍમી જોન્સ. ■

### વિમેન્સ પ્રીમિયર લીગના મેગા ઑક્શનની સૌથી મોંઘી ખેલાડીઓ

| ક્રમ | ખેલાડી | ટીમ | મૂળ કિંમત | કેટલામાં મેળવી |
|---|---|---|---|---|
| ૧ | દીપ્તિ શર્મા | યુપી વૉરિયર્ઝ | ૫૦ લાખ રૂપિયા | ૩.૨૦ કરોડ રૂપિયા |
| ૨ | ઍમેલી કેર | મુંબઈ | ૫૦ લાખ રૂપિયા | ૩.૦૦ કરોડ રૂપિયા |
| ૩ | શિખા પાન્ડે | યુપી વૉરિયર્ઝ | ૪૦ લાખ રૂપિયા | ૨.૪૦ કરોડ રૂપિયા |
| ૪ | સૉફી ડિવાઇન | ગુજરાત | ૫૦ લાખ રૂપિયા | ૨.૦૦ કરોડ રૂપિયા |
| ૫ | મેગ લૅનિંગ | યુપી વૉરિયર્ઝ | ૫૦ લાખ રૂપિયા | ૧.૯૦ કરોડ રૂપિયા |
| ૬ | શ્રી ચરની | દિલ્હી | ૩૦ લાખ રૂપિયા | ૧.૩૦ કરોડ રૂપિયા |
| ૭ | શિનેલ હેન્રી | દિલ્હી | ૩૦ લાખ રૂપિયા | ૧.૩૦ કરોડ રૂપિયા |
| ૮ | ફૉબે લિચ.યુપી | વૉરિયર્ઝ | ૫૦ લાખ રૂપિયા | ૧.૨૦ કરોડ રૂપિયા |
| ૯ | લૉરા વૉલ્વાર્ટ | દિલ્હી | ૩૦ લાખ રૂપિયા | ૧.૧૦ કરોડ રૂપિયા |
| ૧૦ | આશા શો.યુપી વૉરિયર્ઝ | | ૩૦ લાખ રૂપિયા | ૧.૧૦ કરોડ રૂપિયા |
| ૧૧ | જ્યો. વૅરહમ | ગુજરાત | ૫૦ લાખ રૂપિયા | ૧.૦૦ કરોડ રૂપિયા |
| ૧૨ | લૉરેન બેલ | આરસીબી | ૫૦ લાખ રૂપિયા | ૮૫ લાખ રૂપિયા |
| ૧૩ | એકલ્સ્ટનયુપી | વૉરિયર્ઝ | ૫૦ લાખ રૂપિયા | ૮૫ લાખ રૂપિયા |
| ૧૪ | પૂજા વસ્ત્રાકર | આરસીબી | ૫૦ લાખ રૂપિયા | ૮૫ લાખ રૂપિયા |
| ૧૫ | ડીઍન્ડ્રા ડૉટિન | યુપી વૉરિયર્ઝ | ૫૦ લાખ રૂપિયા | ૮૦ લાખ રૂપિયા |
| ૧૬ | એસ. સજના | મુંબઈ | ૩૦ લાખ રૂપિયા | ૭૫ લાખ રૂપિયા |
| ૧૭ | ગ્રેસ હૅરિસ | આરસીબી | ૩૦ લાખ રૂપિયા | ૭૫ લાખ રૂપિયા |
| ૧૮ | અરુંધતી રેડ્ડી | આરસીબી | ૩૦ લાખ રૂપિયા | ૭૫ લાખ રૂપિયા |
| ૧૯ | ભારતી ફુલમાલી | ગુજરાત | ૩૦ લાખ રૂપિયા | ૭૦ લાખ રૂપિયા |
| ૨૦ | રાધા યાદવ | આરસીબી | ૩૦ લાખ રૂપિયા | ૬૫ લાખ રૂપિયા |
| ૨૧ | રેણુકા ઠાકુર | ગુજરાત | ૪૦ લાખ રૂપિયા | ૬૦ લાખ રૂપિયા |
| ૨૨ | જ્યોર્જિયા વૉલ | આરસીબી | ૪૦ લાખ રૂપિયા | ૬૦ લાખ રૂપિયા |
| ૨૩ | ક્રાંતિ ગૌડ | યુપી વૉરિયર્ઝ | ૫૦ લાખ રૂપિયા | ૫૦ લાખ રૂપિયા |
| ૨૪ | પ્રતીકા રાવલ | યુપી વૉરિયર્ઝ | ૫૦ લાખ રૂપિયા | ૫૦ લાખ રૂપિયા |
| ૨૫ | સ્નેહ રાણા | દિલ્હી | ૩૦ લાખ રૂપિયા | ૫૦ લાખ રૂપિયા |

# ઝળહળતી ટ્રોફી તમારી તનતોડ મહેનતનું ઉદાહરણઃ પીએમ મોદી



## વડા પ્રધાને સૌપ્રથમ બ્લાઈન્ડ ટી-૨૦ વર્લ્ડ કપની ટ્રોફી જીતનાર ભારતીય મહિલા ટીમને કહ્યું, ‘તમારી ઐતિહાસિક સિદ્ધિ આવનારી પેઢીઓને પ્રેરણા આપતી રહેશે’

નવી દિલ્હીઃ ભારતની જે મહિલા ક્રિકેટ ટીમ તાજેતરમાં સૌપ્રથમ બ્લાઇન્ડ ટી-૨૦ વર્લ્ડ કપની ટ્રોફી જીતી એની ખેલાડીઓને વડા પ્રધાન નરેન્દ્ર મોદી ગુરુવારે મળ્યા હતા અને તેમની ભરપૂર પ્રશંસા કરી હતી, શાબાશી આપી હતી તેમ જ ભવિષ્ય માટે તેમને શુભેચ્છા આપી હતી.

ભારતીય ટીમે કોલંબોની ફાઇનલમાં નેપાળને સાત વિકેટે હરાવી દીધી હતી. ભારતની સિનિયર મહિલા ખેલાડીઓની રાષ્ટ્રીય ટીમે તાજેતરમાં પહેલી વાર વન-ડેનો વર્લ્ડ કપ જીતી લીધો ત્યાર બાદ હવે જોઈ ન શકતી મહિલા ખેલાડીઓ પણ ઐતિહાસિક વિશ્વ કપ ટ્રોફી જીતી છે. ઉલ્લેખનીય છે કે ૨૦૦૭માં પુરુષોની ટી-૨૦માં પહેલી વાર જે વર્લ્ડ કપ રમાયો હતો એ એમએસ ધોનીના સુકાનમાં ભારતે જીતી લીધો હતો અને એવી જ અપ્રતિમ ઉપલબ્ધિ ભારતની બ્લાઇન્ડ મહિલા ક્રિકેટર્સે મેળવી છે. આ ટીમમાં સંપૂર્ણપણે ન જોઈ શકતી તથા આંશિક દૃષ્ટિ ધરાવતી ખેલાડીઓએ ભાગ લીધો હતો.

વર્લ્ડ ચૅમ્પિયન બ્લાઇન્ડ વિમેન્સ ટીમની ખેલાડીઓના ઑટોગ્રાફ ધરાવતું બૅટ વડા પ્રધાનને ભેટ આપવામાં આવ્યું હતું, જ્યારે વડા પ્રધાને તેમને મીઠાઈ ખવડાવી હતી તેમ જ ક્રિકેટ બૉલ પર પોતાનો ઑટોગ્રાફ પણ આપ્યો હતો.

પીએમ મોદીએ પછીથી ‘એક્સ’ પર લખ્યું હતું કે ‘સૌપ્રથમ વિમેન્સ ટી-૨૦ વર્લ્ડ કપ જીતીને નવો ઇતિહાસ રચવા બદલ ભારતીય બ્લાઇન્ડ વિમેન્સ ક્રિકેટ ટીમને ખૂબ ખૂબ અભિનંદન. વધુ પ્રશંસનીય બાબત એ છે કે તમે આખી ટૂર્નામેન્ટમાં અપરાજિત રહી. આ તમારી બહુ મોટી ઐતિહાસિક ઉપલબ્ધિ કહેવાય. તમે જે તનતોડ મહેનત કરી હતી એ આ ટ્રોફીના રૂપમાં ચમકતી દેખાય છે. તમારા ટીમ-વર્ક અને સંકલ્પશક્તિને પણ દાદ દેવી પડે. દરેક ખેલાડી ચૅમ્પિયન છે. આ વિજેતા ટીમને ભવિષ્યની ટૂર્નામેન્ટો અને સિરીઝો માટે શુભેચ્છા. તમારી આ સિદ્ધિ આવનારી પેઢીઓને પ્રેરણા આપતી રહેશે.’ ■







# ‘પપ્પા, મને તમારા ખોળામાં લઈ લો, આખું શરીર ખૂબ દુખે છે’... મૃત્યુ પામતાં પહેલાં આ હતા બાસ્કેટબૉલ પ્લેયરના છેલ્લા શબ્દો



૧૫ વર્ષના અમન કુમારને રવિવારે અકસ્માત નડ્યો હતો



હરિયાણામાં બાસ્કેટબૉલ કોર્ટમાં તૂટી પડેલા થાંભલાનો શિકાર હાર્દિક રાઠી નામનો ટીનેજર પણ બન્યો છે.

રોહતકઃ હરિયાણા રાજયમાં બે અલગ વિસ્તારમાં બાસ્કેટબૉલની કોર્ટ પર બનેલી એકસરખી ટ્રેજેડીમાં બે ટીનેજરે જીવ ગુમાવ્યાની ઘટનાઓએ સમગ્ર ખેલ જગતમાં અરેરાટી મચાવી છે ત્યારે બન્ને આશાસ્પદ ખેલાડીઓ વિશેની વધુ જાણકારીએ સ્પોર્ટ્સપ્રેમીઓને ગમગીન બનાવી દીધા છે. આ ઘટનામાં લખન માજરા અને બહાદુરગઢમાં અનુક્રમે હાર્દિક રાઠી તથા અમન કુમાર નામના પ્લેયરના મૃત્યુ થયા હતા.

બાસ્કેટબૉલની કોર્ટમાં બાસ્કેટ સાથે જોડાયેલો જૂનો થાંભલો તૂટી પડવાના પહેલા બનાવમાં રવિવારે અમન કુમારનો અને મંગળવારે મંગળવારે હાર્દિકનો જીવ ગયો હતો.

બહાદુરગઢમાં રહેતા ૧૫ વર્ષના અમન કુમારે હજી ૧૯મી નવેમ્બરે જન્મદિન ઉજવ્યો હતો જેના ડેકોરેશનના ફુગ્ગા હજી પણ તેના ઘરની દીવાલ પર છે. તેણે જન્મદિને મમ્મી કાંતા દેવીને વચન આપેલું કે ‘જોજે મમ્મી, એક દિવસ હું બાસ્કેટબૉલમાં એવું અચિવ કરીશ કે જેનાથી તું મારા પર ગર્વ અનુભવીશ.’

જોકે થોડા દિવસમાં અમન પર ૨૦ વર્ષ જૂનો અને અનેક કિલો વજનનો થાંભલો પ્રેક્ટિસ દરમ્યાન તૂટ્યો અને તેના શરીર પર પડ્યો જેમાં તેનું ૨૪ કલાકમાં મૃત્યુ થયું હતું.

૧૦મા ધોરણના વિદ્યાર્થી અમનના પિતા સુરેશ કુમારે એક ઇન્ટરવ્યૂમાં કહ્યું, ‘પપ્પા, મને તમારા ખોળામાં લઈ લો. આખુ શરીર દુખે છે. બસ, મારા દીકરાના એ અંતિમ શબ્દો હતા.’

લખન માજરા વિસ્તારના રાઠી હાઉસમાં એક ડેસ્ક પર હાર્દિક રાઠીના અનેક મેડલ ગોઠવીને રાખવામાં આવ્યા છે, પણ આખા ઘરમાં ગમગીની છે. આ નેશનલ પ્લેયર બાસ્કેટબૉલ ફેડરેશન ઑફ ઇન્ડિયાની સ્પોન્સરશિપથી ગ્વાલિયરમાં એક પ્રોગ્રામનું ભણી રહ્યો હતો. જોકે બીમાર મમ્મી પાસે જતાં પહેલાં મંગળવારે રોહતકમાં અન્ડર-૧૭ નેશનલ બાસ્કેટબૉલ ચેમ્પિયનશિપ માટે તે પ્રેક્ટિસ કરી રહ્યો હતો ત્યારે તેની સાથે અકસ્માત થયો હતો. બૉલને બાસ્કેટમાં પધરાવવાના પ્રથમ પ્રયાસમાં નિષ્ફળ ગયા પછી બીજા પ્રયત્નમાં તેનો હાથ બાસ્કેટની નેટમાં ફસાઈ ગયો અને ખેંચાવાને કારણે ઢીલો થાંભલો તેના પર આવી પડ્યો હતો અને તે મૃત્યુ પામ્યો હતો. ■

# ભારતની વર્લ્ડ ચૅમ્પિયન સ્ટાર જેમિમા રૉડ્રિગ્સ બિગ બૅશમાંથી કેમ નીકળી ગઈ?



બ્રિસ્બેનઃ ભારતની ચૅમ્પિયન વર્લ્ડ કપ ટીમની મુખ્ય ખેલાડીઓમાંથી એક અને ઑસ્ટ્રેલિયા સામેની સેમિ ફાઇનલમાં મૅચ-વિનિંગ અણનમ ૧૨૭ રન કરનાર જેમિમા રૉડ્રિગ્સ તાજેતરમાં બિગ બૅશ-વિમેન ટૂર્નામેન્ટમાં બ્રિસ્બેન હીટ્સ ટીમ વતી થોડી મૅચો રમ્યા બાદ નાનો બ્રેક લઈને ભારતીય ટીમની સાથી ખેલાડી અને વાઇસ-કૅપ્ટન સ્મૃતિ મંધાનાના લગ્ન માટે મુંબઈ પાછી આવી હતી, પણ હવે તે પાછી બ્રિસ્બેન નથી જવાની.

વાત એવી છે કે સ્મૃતિ મંધાનાનાં પલાશ મુચ્છલ સાથેના લગ્ન અચોક્કસ મુદત માટે મોકૂફ રાખવામાં આવ્યા છે. પિતાની તબિયત અચાનક બગડી જવાથી સ્મૃતિએ તેના લગ્ન મુલતવી રાખ્યા છે અને આઘાતના આ સમયમાં તેની પડખે રહેવા જેમિમાએ બિગ બૅશમાં પાછા જવાનું રદ કર્યું છે અને તેની ટીમના માલિકોએ તેની વિનંતી માન્ય રાખી છે. કેટલાક અહેવાલો અનુસાર પલાશ મુચ્છલની અન્ય એક યુવતી સાથેની કથિત વિવાદાસ્પદ ચૅટ ધ્યાનમાં આવતાં (એ યુવતી સાથેના પલાશના કથિત સંબંધોનો અણસાર મળતાં) સ્મૃતિએ લગ્ન મુલતવી રાખ્યા છે.

સ્મૃતિએ સોશ્યલ મીડિયાના પ્લૅટફૉર્મ્સ પર પોતાના લગ્નને લગતી બધી પોસ્ટ ડીલીટ કરી નાખી છે. તેના લગ્ન પલાશ સાથે રવિવાર, ૨૩મી નવેમ્બરે સાંગલીમાં થવાના હતા. જેમિમા સહિત કેટલીક ભારતીય ખેલાડીઓએ પણ પોતાના અકાઉન્ટ પરથી સ્મૃતિ-પલાશના પ્રી-વેડિંગની પોસ્ટ ડીલીટ કરી નાખી હોવાનું જાણવા મળ્યું છે.

બ્રિસ્બેન હીટ્સની ક્લબે મીડિયાને જણાવ્યું છે કે ‘ જેમિમા રૉડ્રિગ્સ તેની સાથી ખેલાડીની પડખે રહેવા ભારતમાં જ રહેવાની છે અને બિગ બૅશની બાકીની મૅચો રમવા પાછી ઑસ્ટ્રેલિયા નહીં આવે. તે બિગ બૅશમાં બાકીની ચાર મૅચ રમવા પાછી નહીં આવે અને અમારા ફ્રૅન્ચાઇઝીએ તેની વિનંતી સ્વીકારી લીધી છે.’ ■

# ડબ્લ્યૂપીએલની ચોથી સીઝન નવમી જાન્યુઆરીથી, જાણી લો...એની મૅચો ક્યાં રમાશે

મુંબઈઃ મહિલાઓની આઇપીએલ તરીકે વિખ્યાત વિમેન્સ પ્રીમિયર લીગ (ડબ્લ્યૂપીએલ)ની આગામી સીઝન નવમી જાન્યુઆરીએ શરૂ થશે અને પાંચમી ફેબ્રુઆરીએ ફાઇનલ રમાશે. આ ટૂર્નામેન્ટની મૅચો નવી મુંબઈ અને વડોદરામાં રમાશે. સામાન્ય રીતે ડબ્લ્યૂપીએલની આખી સીઝન ફેબ્રુઆરી-માર્ચમાં રમાતી હોય છે, પરંતુ મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપ ફેબ્રુઆરીમાં યોજાવાનો હોવાથી ડબ્લ્યૂપીએલને વહેલી કરી નાખવામાં આવી છે. મુંબઈ ઇન્ડિયન્સ ડિફેન્ડિંગ ચૅમ્પિયન છે. મેન્સ વિશ્વ કપ બાદ પુરુષો માટેની આઇપીએલ રમાશે. ડબ્લ્યૂપીએલની પહેલા અડધા ભાગની મૅચો નવી મુંબઈમાં ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં રમાશે. બીજી નવેમ્બરે આ જ મેદાન પર ભારતીય મહિલા ટીમે સાઉથ આફ્રિકાને ફાઇનલમાં હરાવીને પહેલી વાર વર્લ્ડ કપ જીતી લીધો હતો.■

# ઘાટકોપર જૉલી જિમખાના દ્વારા અન્ડર-૧૫ ગર્લ્સ સિલેક્શન ટ્રાયલ ટૂર્નામેન્ટનો આરંભ



મથુરાદાસ ભાનુશાલી, પ્રશાંત કારિયા, સંદીપ વિચારે, ભૂષણ પાટીલ, નિલેશ ભોસલે, ઉન્મેશ ખાન્વિલકર, પરાગ ગાંધી, સી. એસ. નાઈક, ધર્મેશ મહેતા વગેરેએ ટૂર્નામેન્ટમાં હાજરી આપી હતી.

મુંબઈઃ ગત ત્રણ વર્ષથી મુંબઇ ક્રિકેટ ઍસોસિયેશન (એમસીએ)ના નેજા હેઠળ ઘાટકોપર જૉલી જિમખાના દ્વારા અન્ડર-૧૫ ગર્લ્સ સિલેક્શન ટ્રાયલ ટૂર્નામેન્ટનું સફળતાપૂર્વક આયોજન કરીને આ વર્ષે ૨૫-૧૧-૨૫થી ૧-૧૨-૨૫ દરમ્યાન ચોથા વર્ષે પણ કરવામાં આવ્યું છે.

પચીસમી તારીખે એમસીએના સેક્રેટરી ઉન્મેશ ખાન્વિલકર તથા જોઇન્ટ સેક્રેટરી નીલેશ ભોસલેની ઉપસ્થિતિમાં ઘાટકોપર જૉલી જિમખાનાના સ્પોર્ટ્સ કો-ઑર્ડિનેટર પરાગ ગાંધી, કારોબારી સભ્યો, એમસીએના ઍપેક્સ કાઉન્સિલ મેમ્બર્સ, જૉલી જિમખાનાની સબ-કમિટીના સભ્યો અને મેમ્બર્સની હાજરીમાં સવારે ૯.૧૫ વાગ્યે કરવામાં આવ્યું હતું.

ઉન્મેશ ખાન્વિલકર તથા પરાગ ગાંધી દ્વારા રિબન કાપીને તથા શ્રીફળ વધેરીને ટૂર્નામેન્ટની શરૂઆત કરવામાં આવી હતી.

ઉન્મેશ ખાન્વિલકરે ખેલાડીઓને જણાવ્યું હતું કે ‘ઘાટકોપર જૉલી જિમખાનામાં મહિલા ક્રિકેટનું આયોજન ખૂબ જ સુંદર રીતે થાય છે અને ગર્લ્સે આગવો પર્ફોર્મન્સ આ ટૂર્નામેન્ટમાં પણ દાખવીને આગળ આવવાનું છે.’ તેમણે જૉલી જિમખાનાને બિરદાવતાં જણાવ્યું હતું કે ‘મહિલા ક્રિકેટના આયોજનમાં એ હરહંમેશ સાથે જ હોય છે.’ ટૂર્નામેન્ટની ફાઇનલ ૧-૧૨-૨૫ના રોજ રમાશે. ■

# ટેસ્ટ મૅચની ટીમમાં લાઇનબંધ ઑલરાઉન્ડરો રખાય જ નહીંઃ મદન લાલ

## અનિલ કુંબલે અને વેન્કટેશ પ્રસાદે પણ હેડ-કોચ ગૌતમ ગંભીરના અભિગમને વખોડ્યો

નવી દિલ્હીઃ વર્લ્ડ ચૅમ્પિયન સાઉથ આફ્રિકા સામેની ટેસ્ટ-સિરીઝમાં ભારતીય ટીમનો ૦-૨થી વાઇટવૉશ થતાં ટીમ-મૅનેજમેન્ટ પર અને ખાસ કરીને ટીમના ખેલાડીઓની સિલેક્શનમાં ભૂમિકા ભજવનારાઓ પર પસ્તાળ પડી છે જેમાં વિશેષ કરીને ભૂતપૂર્વ ઑલરાઉન્ડર મદન લાલ, ભૂતપૂર્વ કૅપ્ટન અને સ્પિન-કિંગ અનિલ કુંબલેએ અને ભૂતપૂર્વ પેસ બોલર વેન્કટેશ પ્રસાદે મંતવ્યો આપ્યા છે.

ગયા વર્ષે નવેમ્બરમાં ઘરઆંગણે ન્યૂ ઝીલૅન્ડ સામે ભારતનો ટેસ્ટ શ્રેણીમાં ૦-૩થી પરાજય થયો હતો અને ત્યારે ઘરઆંગણે ૧૨ વર્ષ સુધી અપરાજિત રહેવાની ભારતીય ટીમની પરંપરા તૂટી હતી. હવે વિશ્વવિજેતા સાઉથ આફ્રિકા સામે ભારતીય ટીમ હોમ પિચો પર દરેક બાબતમાં (બૅટિંગ, બોલિંગ, ફીલ્ડિંગ) નબળી પુરવાર થઈ. ભારતનો બીજી ટેસ્ટમાં ૪૦૮ રનના માર્જિનથી પરાજય થયો હતો અને સૌથી મોટા માર્જિનથી હારવામાં ભારતનો આ નવો અનિચ્છનીય વિક્રમ છે. ઑસ્ટ્રેલિયા સામે ૩૪૨ રનથી પરાજિત થવાનો ૨૧ વર્ષ જૂનો રેકૉર્ડ વર્તમાન ટેસ્ટ ટીમે તોડ્યો છે.

ભારતની ૧૯૮૩ વર્લ્ડ કપ ટીમના મહત્ત્વના ખેલાડી મદન લાલે એએનઆઇને કહ્યું, ‘ આ તો ભારતનું ટેસ્ટ ક્રિકેટમાં મોટું પતન કહેવાય. આપણી ટીમે બહુ ખરાબ પર્ફોર્મ કર્યું. હોમ-સિરીઝમાં આવો પર્ફોર્મન્સ ચાલે જ નહીં. આ પતન માટે બીજું કોઈ નહીં, ભારતીય ટીમ પોતે જ જવાબદાર છે. ટેસ્ટ મૅચમાં મોટી સંખ્યામાં ઑલરાઉન્ડર્સની જરૂર જ ન હોય. સ્પેશ્યાલિસ્ટો જ હોવા જોઈએ. ઇલેવનમાં પાંચથી છ સ્પેશ્યાલિસ્ટ બૅટ્સમેન, એક કે બે ઑલરાઉન્ડર અને ત્યાર બાદ સ્પેશ્યાલિસ્ટ બોલર્સને સમાવવા જોઈએ જેમાં પેસર અને સ્પિનર બન્ને હોય. બીજું મને એ નથી સમજાતું કે ઇંગ્લૅન્ડ ખાતેના તાજેતરના પ્રવાસમાં આપણી ટીમ સારું રમી હતી તો પછી એને જ કેમ ન જાળવી રાખવામાં આવી?’



ગૌતમ ગંભીર સાથે અનિલ કુંબલે

ભારતે સાઉથ આફ્રિકા સામેની સિરીઝમાં ચાર ઑલરાઉન્ડર (રવીન્દ્ર જાડેજા, વૉશિંગ્ટન સુંદર, નીતીશ કુમાર રેડ્ડી, અક્ષર પટેલ)ને અજમાવ્યા હતા. સ્પિન બોલિંગ ઑલરાઉન્ડર્સે એકંદરે સારું પર્ફોર્મ કર્યું હતું, પરંતુ પેસ બોલિંગ ઑલરાઉન્ડર નીતીશ રેડ્ડીની ટીમમાં હાજરી ચર્ચાસ્પદ થઈ છે.

### ૧૯૮૦ના દાયકામાં ઑલરાઉન્ડર્સની લાંબી કતાર

નવાઈની વાત એ છે કે ૧૯૮૩ની વર્લ્ડ ચૅમ્પિયન ટીમ અને એની આસપાસના વર્ષોની વાત કરીએ તો ભારતીય ટીમમાં ઑલરાઉન્ડર્સની લાંબી કતાર રહેતી હતીઃ કપિલ દેવ, મોહિન્દર અમરનાથ, રવિ શાસ્ત્રી, સંદીપ પાટીલ, કીર્તિ આઝાદ, મદન લાલ, રોજર બિન્ની વગેરે.

### કુંબલેએ ગંભીરની ખામીઓ બતાવી

અનિલ કુંબલેએ હેડ-કોચ ગૌતમ ગંભીરની રણનીતિ સામે સવાલ ઉઠાવ્યા છે. કુંબલેએ એક મુલાકાતમાં કહ્યું, ‘ ગંભીરના કોચિંગમાં ટીમમાં બહુ મોટી સંખ્યામાં અને વારંવાર ફેરફારો થતા જોવા મળ્યા છે. એકંદરે દરેક મૅચમાં નવો ખેલાડી જોવા મળે છે, વારંવાર બૅટિંગ-ઑર્ડરમાં ફેરફાર કરાયા અને દરેક બૅટિંગ ક્રમમાં નવા (અલગ) ઑલરાઉન્ડરને રમાડવાની કોશિશ કરવામાં આવી. ગંભીરના કોચિંગમાં ભારત ગયા વર્ષના અંતે ઘરઆંગણે ન્યૂ ઝીલૅન્ડ સામે ટેસ્ટ શ્રેણી ૦-૩થી હાર્યું, ઑસ્ટ્રેલિયામાં ૧-૩થી પરાજય થયો અને હવે પચીસ વર્ષે ઘરઆંગણે સાઉથ આફ્રિકા સામે ભારતે ૦-૨થી હાર જોવી પડી. ટીમમાં અનુભવીઓ અને નવા ખેલાડીઓ વચ્ચે જે સંતુલન હોવું જોઈએ એ સાવ બગડી ગયું છે. એકસાથે આખી ટીમને કઈ રીતે ડેવલપ કરી શકાય? ટીમમાં ૮-૯ અનુભવી ખેલાડીઓ હોય તો ૧-૨ નવા પ્લેયર હોય તો ચાલે, પણ અત્યારે તો હાલત સાવ ઊલટી જ છે.’

### પરિવર્તનના નામે શું ચાલે છે?: વેન્કટેશ

ભૂતપૂર્વ પેસ બોલર અને કર્ણાટક સ્ટેટ ક્રિકેટ ઍસોસિયેશનના પ્રમુખપદ માટેની ચૂંટણી લડનાર વેન્કટેશ પ્રસાદે કહ્યું, ‘ ભારતનો ટેસ્ટ ક્રિકેટ પ્રત્યેનો હાલનો અભિગમ જ મારી સમજની બહાર છે. ઑલરાઉન્ડર્સને ટીમમાં ભરવાનો અતિરેક જોવા મળ્યો છે. જેની પાસે (નીતીશ રેડ્ડી પાસે) બહુ બોલિંગ નથી કરાવી શકતા તો પછી ટીમમાં શું કામ રાખો છો? ઘરઆંગણે ત્રણ સિરીઝમાંથી બેમાં વાઇટવૉશ થયો. આ બહુ ખરાબ કહેવાય. હાલની ભારતીય ટીમમાં બૅટિંગના અનુભવનું નામનિશાન નથી. ટીમના પરિવર્તનના નામે આ બધુ શું ચાલી રહ્યું છે? સુદર્શન, જુરેલ અને નીતીશ રેડ્ડીને બાદ કરતા બાકીના ખેલાડીઓ ૭-૮ વર્ષથી ટીમ ઇન્ડિયામાં છે જેઓ અગાઉની ભૂલ પરથી શીખતા જ નથી. આ બહુ શરમજનક સ્થિતિ કહેવાય.’ ■

### રોહિત રાંચીમાં



રોહિત શર્મા રવિવારે શરૂ થનારી વન-ડે શ્રેણી માટે રાંચી પહોંચી ગયો છે.

# ભારતે હૉકીમાં ન્યૂ ઝીલૅન્ડને ૩-૨થી હરાવ્યું

ઇપોહઃ મલયેશિયાના ઇપોહમાં રમાતી સુલતાન અઝલાન શાહ કપ હૉકી ટૂર્નામેન્ટમાં વિજયીકૂચ જાળવી રાખીને ભારતે ન્યૂ ઝીલૅન્ડને ૩-૨થી માત આપી હતી. બુધવારે યજમાન મલયેશિયાને ૪-૩થી હરાવ્યા પછી ન્યૂ ઝીલૅન્ડ સામેના રોમાંચક મુકાબલામાં ભારતને ત્રણ પ્લેયરે જિતાડ્યું હતું. ભારત વતી અમિત રોહિદાસે ચોથી જ મિનિટમાં, સંજયે ૩૨મી મિનિટમાં અને સેલ્વમે ૫૪મી મિનિટમાં ગોલ કર્યો હતો. હવે ભારતનો મુકાબલો શનિવારે કૅનેડા સામે થશે. ■

# રેટકટના આશાવાદે સેન્સેક્સ અને નિફ્ટી નવી વિક્રમ સપાટીએથી પાછા ફર્યા

## સત્રના અંતે સેન્સેક્સમાં ૧૧૦ પૉઈન્ટનો અને નિફ્ટીમાં ૧૦ પૉઈન્ટનો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં કાપ મૂકે તેવા આશાવાદ સાથે વૈશ્વિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ જળવાઈ રહ્યું હોવાના પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૪૭૭૮.૦૩ કરોડની અને સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૬૨૪૭.૯૩ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાનું એક્સચેન્જની આંકડાકીય માહિતી પરથી જણાતા સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં તેજીનું વલણ જળવાઈ રહ્યું હતું.

જેમાં સત્ર દરમિયાન એક તબક્કે બૉમ્બે સ્ટોક એક્સચેન્જનો ૩૦ શૅરનો બૅન્ચમાર્ક ૪૪૬ પૉઈન્ટ અથવા તો ૦.૫૨ ટકા ઉછળીને ૮૬,૦૫૫.૮૬ની અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો ૫૦ શૅરનો બૅન્ચમાર્ક નિફ્ટી ૧૦૫.૧૫ પૉઈન્ટ અથવા તો ૨૬,૩૧૦.૪૫ની ઑલ ટાઈમ હાઈ સપાટીએ પહોંચ્યો હતો.

આ પૂર્વે ગત ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ સેન્સેક્સ અને નિફ્ટીએ સત્ર દરમિયાન અનુક્રમે ૮૫,૯૭૮.૨૫ની અને ૨૬,૨૭૭.૩૫ની નવી ટોચ દર્શાવી હતી. જોકે, ઊંચી સપાટીએ પહોંચ્યા બાદ નફારૂપી વેચવાલીનું દબાણ વધતાં સત્રના અંતે સેન્સેક્સ અને નિફ્ટી અનુક્રમે ૦.૧૩ ટકા અથવા તો ૧૧૦.૮૭ પૉઈન્ટ અને ૦.૦૪ ટકા અથવા તો ૧૦.૨૫ પૉઈન્ટ જ વધીને બંધ રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે આ વર્ષમાં અત્યાર સુધીમાં સેન્સેક્સમાં ૯.૭૦ ટકા અથવા તો ૭૫૮૧.૩૭ પૉઈન્ટનો અને નિફ્ટીમાં ૧૦.૮૭ ટકા અથવા તો૨૫૭૦.૭૫ પૉઈન્ટનો ઉછાળો જોવા મળ્યો છે.

એક્સચેન્જની આંકડાકીય માહિતી અનુસાર આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના ૮૫,૬૦૯.૫૧ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૫,૭૪૫.૦૫ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ઉપરમાં ૮૬,૦૫૫.૮૬ અને નીચામાં ૮૫,૪૭૩.૮૫ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૦.૧૩ ટકા અથવા તો ૧૧૦.૮૭ પૉઈન્ટ વધીને ૮૫,૭૨૦.૩૮ની સપાટીએ બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ગઈકાલના ૨૬,૨૦૫.૩૦ના બંધ સામે ૨૬,૨૬૧.૨૫ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૨૬,૧૪૧.૯૦ અને ઉપરમાં ૨૬,૩૧૦.૪૫ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૦.૦૪ ટકા અથવા તો ૧૦.૨૫ પૉઈન્ટ વધીને ૨૬,૨૧૫.૫૫ના મથાળે બંધ રહ્યો હતો.

એકંદરે વૈશ્વિક સ્તરે જોખમી પરિબળો હળવાં થતાં અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી ડિસેમ્બર મહિનાની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં કાપ મૂકે તેવો આશાવાદ સપાટી પર આવવાની સાથે વૈશ્વિક બજારોમાં પણ સુધારાતરફી વલણ રહ્યું હોવાનું જણાતા



સ્થાનિક બજારમાં તેજીને ટેકો મળ્યો હતો અને સૂચકાંકો વિક્રમ સપાટીએ પહોંચ્યા હોવાનું એનરીચ મનીનાં ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર પૉનમુડી આરએ જણાવ્યું હતું. જોકે, મહેતા ઈક્વિટીઝનાં રિસર્ચ વિભાગના સિનિયર વાઈસ પ્રેસિડૅન્ટ પ્રશાંત તાપ્સેએ જણાવ્યું હતું કે આજે સેન્સેક્સ અને નિફ્ટીએ સત્ર દરમિયાન ઑલ ટાઈમ હાઈ સપાટી દર્શાવી હોવા છતાં જેમાં ઘણાં ક્ષેત્રોની અગ્રણી કંપનીઓનો સમાવેશ છે તેવાં સ્મોલ કેપ અને મિડકેપ શૅરો હજુ નાજુક તબક્કામાં હોવાથી રોકાણકારોએ અતિશય ઉત્સાહમાં આવીને ખરીદી ન કરતાં સાવચેતીનો અભિગમ અપનાવવાની સલાહ આપતા જણાવ્યું હતું કે વૈશ્વિક બૃહદ આર્થિક સ્થિતિમાં સ્થિરતા આવશે ત્યારે આ કંપનીઓની આવકો અને કમાણીની પુનઃ પ્રાપ્તિ થશે. આથી રોકાણ માટે ઉતાવળે નિર્ણય લેવો હિતાવહ નથી જણાતું.

બીએસઈ ખાતે આજે કુલ ૪૩૨૭ શૅરોમાં કામકાજ થયા હતા. જેમાંથી ૧૯૮૯ શૅરના ભાવ વધીને, ૨૧૫૯ શૅરના ભાવ ઘટીને અને ૧૭૯ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ આજે ૧૨૨ શૅરના ભાવ બાવન સપ્તાહની ટોચે અને ૧૪૪ શૅરના ભાવ બાવન સપ્તાહના તળિયે પહોંચ્યા હતા, જ્યારે છ શૅરમાં ઉપલી અને આઠ શૅરમાં નીચલી સર્કિટ લાગી હતી. સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી આજે ૧૫ શૅરના ભાવ વધીને અને ૧૫ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા, જેમાં મુખ્ય વધનાર શૅરમાં સૌથી વધુ ૨.૨૭ ટકાનો વધારો બજાજ ફાઈનાન્સમાં જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે આઈસીઆઈસીઆઈ બૅન્કમાં ૧.૨૪ ટકાનો, બજાજ ફિનસર્વમાં ૧.૧૧ ટકાનો, હિન્દુસ્તાન યુનીલિવરમાં ૧.૦૫ ટકાનો, એચસીએલ ટેક્નોલૉજીસમાં ૦.૮૨ ટકાનો અને ઈન્ફોસિસમાં ૦.૫૪ ટકાનો સુધારો આવ્યો હતો, જ્યારે મુખ્ય ઘટનાર શૅરોમાં મારુતિ સુઝુકી લિ.માં ૧.૪૨ ટકાનો, ઈટર્નલમાં ૧.૩૫ ટકાનો, અલ્ટ્રાટેક સિમેન્ટમાં ૧.૧૫ ટકાનો, સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયામાં ૧.૧૪ ટકાનો, ટાટા સ્ટીલમાં ૦.૯૭ ટકાનો અને ટીસીએસમાં ૦.૮૧ ટકાનો ઘટાડો આવ્યો હતો.

દરમિયાન આજે બીએસઈ ખાતેના સેક્ટોરિયલ ઈન્ડેક્સમાં બીએસઈ ફાઈનાન્સિયલ સર્વિસીસ ઈન્ડેક્સ ૦.૩૧ ટકા, બીએસઈ ફોકસ્ડ આઈટી ઈન્ડેક્સ ૦.૨૪ ટકા, આઈટી ઈન્ડેક્સ ૦.૨૦ ટકા, બૅન્કેક્સ ૦.૧૫ ટકા અને ટેક્નોલૉજી ઈન્ડેક્સ ૦.૦૩ ટકા વધીને બંધ રહ્યા હતા, જ્યારે રિઅલ્ટી ઈન્ડેક્સમાં ૦.૭૬ ટકાનો, એનર્જી ઈન્ડેક્સમાં ૦.૫૫ ટકાનો, કન્ઝ્યુમર ડિસ્ક્રેશનરી ઈન્ડેક્સ અને કેપિટલ ગૂડ્સ ઈન્ડેક્સમાં ૦.૪૮ ટકાનો અને કન્ઝ્યુમર ડ્યુરેબલ ઈન્ડેક્સમાં ૦.૪૫ ટકાનો ઘટાડો આવ્યો હતો. તેમ જ આજે બીએસઈ સ્મોલ કેપ ઈન્ડેક્સમાં ૦.૩૮ ટકાનો અને મિડકેપ ઈન્ડેક્સમાં ૦.૦૧ ટકાનો મામૂલી ઘટાડો જોવા મળ્યો હતો.

પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે એશિયન બજારમાં દક્ષિણ કોરિયાનો કોસ્પી, જાપાનનો નિક્કી ૨૨૫, શાંઘાઈનો એસએસઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ અને હૉંગકૉંગનો હેંગસેંગ સુધારાના અન્ડરટોને બંધ રહ્યા હતા. તેમ જ મધ્ય સત્ર દરમિયાન યુરોપના બજારોમાં સુધારાતરફી વલણ રહ્યું હતું. વધુમાં આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૦૫ ટકા ઘટીને બેરલદીઠ ૬૩.૧૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા.

# આયાતકારોની ડૉલરમાં લેવાલી નીકળતા રૂપિયો ૧૪ પૈસા તૂટ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને માસાન્તને કારણે સ્થાનિક આયાતકારોની ડૉલરમાં લેવાલી નીકળતા આજે ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના બંધ સામે ૧૪ પૈસા તૂટીને ૮૯.૩૬ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ, ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૪૭૭૮.૦૩ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાના નિર્દેશ ઉપરાંત બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં પણ નરમાઈનું વલણ રહ્યું હોવાથી રૂપિયામાં મોટો કડાકો અટક્યો હોવાનું ટ્રેડરોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૯.૨૨ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૮૯.૧૯ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૯.૪૦ અને ઉપરમાં ૮૯.૧૯ની રેન્જમાં રહ્યા બાદ ગઈકાલના બંધ સામે ૧૪ પૈસાના ઘટાડા સાથે ૮૯.૩૬ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં ટકેલું વલણ જોવા મળ્યું હતું. વિશ્લેષકોના જણાવ્યાનુસાર આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૧૧ ટકા વધીને ૯૯.૬૩ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી તેમ જ માસાન્તને કારણે આયાતકારોની લેવાલી ઉપરાંત બૅન્કોની માસાન્તના પેમેન્ટ્સ સેટલમેન્ટ માટે લેવાલી નીકળતાં રૂપિયો દબાણ હેઠળ રહ્યો હતો.

જોકે, આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૦૩ ટકા ઘટીને બેરલદીઠ ૬૩.૧૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી અનુક્રમે ૧૧૦.૮૭ પૉઈન્ટ અને ૧૦.૨૫ પૉઈન્ટ વધીને બંધ રહ્યા હોવાથી અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૪૭૭૮.૦૩ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાનું એક્સચેન્જની આંકડાકીય માહિતી પરથી જણાયું હોવાથી રૂપિયામાં ઘટાડો મર્યાદિત રહ્યો હતો.

# વૈશ્વિક સોનું બે સપ્તાહની ઊંચી સપાટીએથી પાછું ફરતા સ્થાનિકમાં ₹ ૨૪નો ઘસરકો, ચાંદી ₹ ૩૬૪૨ ઉછળી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ફેડરલનાં રેટકટનો આશાવાદ પ્રબળ બનતાં તાજેતરમાં સોનાના ભાવ બે સપ્તાહની ઊંચી સપાટીએ પહોચ્યા બાદ આજે વધ્યા મથાળેથી નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં નરમાઈનું વલણ રહ્યું હતું, જ્યારે ચાંદીમાં તેજી આગળ ધપી હોવાના મિશ્ર અહેવાલોને ધ્યાનમાં લેતા સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં સાધારણ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૪નો ઘસરકો આવ્યો હતો અને ચાંદીના ભાવ વધુ કિલોદીઠ રૂ. ૩૬૪૨ના ઉછાળા સાથે રૂ. ૧.૬૨ લાખની સપાટી પાર કરી ગયા હતા. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ભાવમાં તેજીનો અન્ડરટોન રહ્યો હતો. તેમ જ સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની તથા જ્વેલરી ઉત્પાદકોની ખપપૂરતી લેવાલીને ટેકે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૩૬૪૨ના ઉછાળા સાથે રૂ. ૧,૬૨,૬૬૭ના મથાળે રહ્યા હતા. જોકે, સોનામાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલને ધ્યાનમાં લેતા સ્ટોકિસ્ટો, રોકાણકારો, જ્વેલરી




ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહેતાં વેરારહિત ધોરણે ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૪ના ઘટાડા સાથે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧,૨૫,૫૫૨ના મથાળે અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧,૨૬,૦૫૭ના મથાળે બંધ રહ્યા હતા.

પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા ઘટીને ઔંસદીઠ ૪૧૫૬.૮૯ ડૉલર અને ડિસેમ્બર ડિલિવરી વાયદામાં ભાવ ૦.૨ ટકા ઘટીને ૪૧૫૪.૪૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૦.૧ ટકા વધીને ઔંસદીઠ ૫૩.૩૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

ગત ઑક્ટોબરમાં સોનામાં ઝડપી તેજી આવ્યા બાદ હાલ હાલના તબક્કે ભાવ કોન્સોલિડેશનનાં તબક્કામાંથી પસાર થઈ રહ્યા હોવાનું વિશ્લેષક કાર્સ્ટન મેન્કે જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે હાજરમાં સોનાના ભાવ ગત ૨૦મી ઑક્ટોબરનાં રોજ ઔંસદીઠ ૪૩૮૧.૨૧ ડૉલરની વિક્રમ સપાટીએ પહોંચ્યા હતા અને અત્યાર સુધીમાં ઊંચી સપાટીએથી પાંચ ટકાનો ઘટાડો નોંધાયો છે, પરંતુ ભાવે ૪૦૦૦ ડૉલરની સપાટી જાળવી રાખી છે. જોકે, અમેરિકાની આર્થિક વૃદ્ધિની ચિંતા, ફેડરલ રિઝર્વ દ્વારા રેટકટનો આશાવાદ અને કેન્દ્રવર્તી બૅન્કોની સોનામાં લેવાલી જેવા મૂળભૂત પરિબળો સોનાની તેજીની તરફેણમાં હોવાનું તેમણે ઉમેર્યું હતું.

નોંધનીય બાબત એ છે કે રેટકટની તરફેણ કરે તેવા કેવિન હેઝેટ અમેરિકી ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરોમ પૉવેલના અનુગામી બનશે એવી જાહેરાત ઉપરાંત ગઈકાલે સાન ફ્રાન્સિસ્કો ફેડરલ રિઝર્વ બૅન્કના પ્રમુખ મેરી ડેલૅએ વ્યાજદરમાં કપાતની શક્યતા વ્યક્ત કરી હોવાથી સોનામાં મોટો ઘટાડો અટક્યો હોવાનું સૂત્રોએ જણાવતાં ઉમેર્યું હતું કે સીએમઈ ફેડ વૉચ ટૂલ પર હાલ ટ્રેડરો આગામી ડિસેમ્બરમાં રેટકટની ૮૫ ટકા શક્યતા વ્યક્ત કરી રહ્યા છે.

# ધાતુમાં સ્ટોકિસ્ટોની લે-વેચ અનુસાર મિશ્ર વલણ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે ખાસ કરીને કોપરમાં સુધારાતરફી વલણ જળવાઈ રહ્યું હોવાના નિર્દેશો હતા, જ્યારે અન્ય ધાતુઓમાં મિશ્ર વલણ રહ્યું હોવાના અહેવાલોને ધ્યાનમાં લેતા આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ સ્ટોકિસ્ટોની લે-વેચ અને વપરાશકાર ઉદ્યોગની માગ અનુસાર મિશ્ર વલણ જોવા મળ્યું હતું. જેમાં મુખ્યત્વે, કોપર, બ્રાસ, ટીન અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં કિલોદીઠ રૂ. બેથી ૪૫નો સુધારો જોવા મળ્યો હતો, જ્યારે નિરસ માગ અને સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલીનું દબાણ રહેતાં નિકલમાં કિલોદીઠ રૂ. સાતનો અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા ઝિન્ક સ્લેબમાં રૂ. ત્રણ ઘટી આવ્યા હતા. અને એકમાત્ર લીડ ઈન્ગોટ્સમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલીને ટેકે ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૪૫ વધીને રૂ. ૩૪૯૪, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. સાત વધીને રૂ. ૯૪૬ અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. છ વધીને રૂ. ૯૨૧ના મથાળે રહ્યા હતા.

વધુમાં અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૮૬૮, કોપર કેબલ સ્ક્રેપ અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૯૫૫ અને રૂ. ૧૦૪૯, બ્રાસ શીટ કટિંગ્સ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૬૬૦, રૂ. ૫૯૫ અને રૂ. ૨૭૬ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં નિકલના ભાવ કિલોદીઠ રૂ. સાત ઘટીને રૂ. ૧૩૨૮ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ત્રણના ઘટાડા સાથે અનુક્રમે રૂ. ૨૧૨ અને રૂ. ૩૧૦ના મથાળે રહ્યા હતા, જ્યારે એકમાત્ર લીડ ઈન્ગોટ્સમાં છૂટીછવાઈ માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૮૪ના મથાળે ટકેલા રહ્યા હતા.

# સ્મોલ ગ્રેડની ખાંડમાં ગુણવત્તાલક્ષી સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં વધ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની વેચવાલી સામે સ્થાનિક તેમ જ દેશાવરોની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં ટેન્ડરોના ભાવ ક્વિન્ટલદીઠ રૂ. ૨૦ ઘટીને રૂ. ૩૭૩૦થી ૩૭૬૦ આસપાસના મથાળે રહ્યાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહી હોવા છતાં ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. આઠનો ગુણવત્તાલક્ષી સુધારો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવ ટકેલા રહ્યા હતા.

દરમિયાન ગઈકાલે સરકારે લગ્નસરાની મોસમને ધ્યાનમાં લેતા આગામી ડિસેમ્બર મહિનાના મુક્ત વેચાણ માટે સામાન્ય કરતાં થોડો વધુ બાવીસ લાખ ટનનો ક્વૉટા જાહેર કર્યો છે. આમ એકંદરે ક્વૉટા વધુ હોવાથી આગામી મહિનામાં ખાંડના ભાવ માગ અનુસાર સાંકડી વધઘટે અથડાતા રહે તેવી શક્યતા બજાર વર્તુળો વ્યક્ત કરી રહ્યા છે.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી જળવાઈ રહેતા આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. આજે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. આઠના ગુણવત્તાલક્ષી સુધારા સાથે રૂ. ૩૯૧૦થી ૩૯૬૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૬૦થી ૪૦૭૨માં ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૧૦થી ૩૮૫૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૫૦થી ૩૯૦૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.



# મલયેશિયા પાછળ આયાતી તેલમાં ધીમો સુધારો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં ૬૫ રિંગિટનો અને ગઈકાલે શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ૫૭ સેન્ટનો સુધારો આવ્યાના ઓવરનાઈટ પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં આયાતી તેલમાં આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડમાં ૧૦ કિલોદીઠ રૂ. પાંચનો સુધારો આવ્યો હતો, જ્યારે દેશી તેલમાં મથકો પાછળ મિશ્ર વલણ રહેતાં ૧૦ કિલોદીઠ કપાસિયા રિફાઈન્ડમાં રૂ. પાંચનો સુધારો અને સરસવમાં રૂ. ૨૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે સિંગતેલમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલનાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૨૦, સોયા રિફાનન્ડના રૂ. ૧૨૪૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૯૦, પતંજલિ ફૂડ્સના પાતાળગંગાથી ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૨૪૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૬૦, જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૨૧૬ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૧ તથા ઈમામી અને ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના રૂ. ૧૨૩૦ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ છૂટાછવાયા વેપારો પણ ગોઠવાયાના અહેવાલ હતા. આજે ગુજરાતમાં ગોંડલ અને રાજકોટ મથકે મગફળીની કોઈ આવક નહોતી, પરંતુ બન્ને મથકો પર ગઈકાલની શેષ ૩૦,૦૦૦ ગૂણીના વેપાર અનુક્રમે મણદીઠ રૂ. ૧૦૫૦થી ૧૩૮૦માં અને રૂ. ૧૦૫૦થી ૧૪૦૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

હાજરમાં આજે વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૪૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૦, સન રિફાઈન્ડના રૂ. ૧૪૬૫, સિંગતેલના રૂ. ૧૫૬૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૯૫ અને સરસવના રૂ. ૧૫૧૦ના મથાળે રહ્યા હતા. જ્યારે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૪૩૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૫૨૫માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.



**ઉજવણી:** ભક્તકવિ નરસિંહ મહેતા ચોરા ખાતે ગુરુવારે નરસિંહ મહેતાની ૫૭૦ હારમાળા જયંતીની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં જૂનાગઢના લોકોએ ઉત્સાહપૂર્વક હાજરી આપી હતી. (હરેશ સોની)

# ધોરડોના શ્વેત રણ અને રોડ ટુ હેવન આસપાસના પ્રાકૃતિક વિસ્તારને 'નો સ્પિટિંગ ઝોન' જાહેર કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ટુરિસ્ટ હોટસ્પોટ બની ચૂકેલું ધોરડોનું સફેદ રણ અને આ રણને પુરાતન શહેર ધોળાવીરા સાથે જોડનારા અદ્‌ભુત રોડ ટુ હેવન આસપાસના વિસ્તારોનું પ્રાકૃતિક સૌંદર્ય જળવાઇ રહે તે માટે કચ્છ કલેક્ટરે જાહેરનામું બહાર પાડીને આ બંને વિસ્તારોને આગામી ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી 'નો સ્પિટિંગ ઝોન' તરીકે જાહેર કર્યા છે.

ધોરડો ખાતે શરૂ થનારા કચ્છ રણોત્સવમાં મહાલવા માટે દેશ-વિદેશથી મોટી સંખ્યામાં આવનારા પ્રવાસીઓ સફેદ રણની વચ્ચમાંથી પસાર થનારા 'રોડ ટુ હેવન'ના નામે ઓળખાતા આ પ્રાકૃતિક સૌંદર્યથી સજજ અદ્‌ભુત વિસ્તારની પણ અચૂક મુલાકાત લે છે. પર્યાવરણીય દ્રષ્ટીએ સંવેદનશીલ આ બે સ્થળોએ ફરવા આવેલા પ્રવાસીઓ દ્વારા બોટલ, કોથળીઓ, નમકીનના પડીકાં સહિત સિંગલ યુઝ પ્લાસ્ટિકનો કચરો ફેંકવામાં ન આવે, જ્યાં-ત્યાં થૂંકવામાં ન આવે એ માટે કલેક્ટર અમિત અરોરાએ જાહેરનામું બહાર પાડીને પ્લાસ્ટિક ફ્રી અને નો સ્પિટિંગ ઝોન જાહેર કર્યો છે. અરોરાએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ જાહેરનામું બહાર પાડીને કચ્છની હદમાં આવેલા ધોરડો રણ ઉત્સવ વિસ્તારના સબરસ બસ સ્ટેન્ડથી વોચ ટાવર સુધીના રસ્તા અને તેની બંને તરફનો ૨(બે)-૨(બે) કિ.મી.નો વિસ્તાર, વોચ ટાવરની આસપાસનો સફેદ રણ વિસ્તાર અને 'રોડ ટુ હેવન' કાઢવાંઢથી ધોળાવીરા ગામના એન્ટ્રી પોઈન્ટ સુધીનો માર્ગ અને તેની બંને બાજુના રણ વિસ્તારમાં તથા તેને સંલગ્ન રણમાં થૂંકવા પર પ્રતિબંધ મુક્યો છે. હુકમનો ભંગ કરનાર નાગરિક ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૨૩ હેઠળ શિક્ષાત્મક કાર્યવાહીને પાત્ર ઠરશે.

હુકમનો અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા માટે હેડ કોન્સ્ટેબલથી નીચેના દરજજાના ન હોય તેવા પોલીસ અધિકારીઓને અધિકૃત કરવામાં આવ્યા છે. ■

# ભાવનગરમાં માતાનાં કથિત પ્રેમસંબંધે ૧૭ વર્ષીય સગીરનો જીવ લીધો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભાવનગર જિલ્લામાં બનેલી એક ઘટનામાં માતાના કથિત પ્રેમસંબંધનો ભોગ ૧૭ વર્ષીય કિશોર બન્યો હતો. જિલ્લાના મહુવામાં આવેલી માલણ નદીના કિનારે કૂવામાંથી એક સગીરની લાશ મળી આવી હતી.

આ કેસમાં ફરિયાદ બાદ પોલીસ તપાસ થતાં હાલમાં માતાના પ્રેમીએ હત્યા કર્યાનું જણાઈ રહ્યું હોવાનું પોલીસ સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું.

મહુવામાં રહેતો ૧૭ વર્ષીય ઉવેશ સલીમભાઈ કાળવાતર બે દિવસથી ઘરે આવ્યો ન હતો. ઉવેશના પરિવારે મહુવા પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ ફરિયાદ નોંધાવી હતી. પોલીસ દ્વારા તપાસ હાથ ધરાતા કૂવામાંથી ઉવેશની દોરી બાંધેલી લાશ મળી આવી હતી. લાશ બહાર કાઢી પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

દરમિયાન ઉવેશના કાકા ઈરફાનભાઈ ઉસ્માનભાઈ કાળવતારે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી કે ઉવેશના માતા સમીરાબેનનો હસન શબ્બીર સલાટ સાથે પ્રેમસંબંધ હતો, જેનાથી ઉવેશ નારાજ હતો અને હસન શબ્બીર સાથે તેની તકરારો પણ થતી હતી.

આ સંદર્ભે પોલીસે તપાસ શરૂ કરતા શબ્બીર ઉવેશને લઈ ભાદ્રોડના ઝાપા પાસેથી બાઈકમાં પસાર થતો સીસીટીવીમાં ઝડપાયો હતો. મૃતકને માથાના ભાગે ઈજા કરી તેની લાશ કૂવામાં ફેંકી દીધી હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું. ઉવેશ એક કાપડની દુકાનમાં કામ કરી પોતાના પૂરતો કમાતો હતો.

આવા યુવાન દીકરાનું આ રીતે મોત થતાં પરિવારજનો આઘાતમાં સરી પડ્યા હતા. પોલીસે હસન શબ્બીરની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. ■

# પોલીસકર્મી પત્ની અને સાસુને જીવતા સળગાવી દેવાના પ્રયાસની કોન્સ્ટેબલ સામે ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભુજ શહેરના એરપોર્ટ રોડ પર ૩૬ ક્વાર્ટર નામના પોલીસ રહેણાક વિસ્તારમાં રહેનારાં કોન્સ્ટેબલ પતિએ તેની કોન્સ્ટેબલ પત્ની પર પેટ્રોલ છાંટી, સાસુ (પત્નીની માતા) સાથે રૂમમાં બંધ કરીને રાંધણ ગેસના ચુલાના નોબ ચાલુ કરીને નાસી છૂટ્યો હોવાનો ચોંકાવનારો કિસ્સો બહાર આવતાં ચકચાર પ્રસરી છે.

નલિયાના પોલીસ મથકમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા કિરણબેને ભુજ એ-ડિવિઝન પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, અમદાવાદમાં રથયાત્રા બંદોબસ્તમાં ગયા ત્યારે ગઢશીશા પોલીસ મથકે ફરજ બજાવતા કોન્સ્ટેબલ અલફાઝ ઈકબાલ પંજા સાથે પ્રેમ થયા બાદ અમરેલીમાં પરિવારની હાજરીમાં મેરેજ રજિસ્ટર શાખામાં લગ્ન કર્યા હતા. તેમના માતા પુષ્પાબેનને ઘૂંટણની તકલીફ હોવાથી સારવાર માટે ભુજ આવતા રહેતા હતા અને એરપોર્ટ રોડ પરના ક્વાર્ટરમાં સાથે રહેતા હતા. જોકે, પતિ દ્વારા અવાર-નવાર પારિવારિક-નોકરીની બાબતોમાં શક વહેમ રાખીને શારીરિક માનસિક ત્રાસ આપવામાં આવતો આવતો હતો.

દરમિયાન પતિના સ્માર્ટફોનમાં જોતાં શેર બજારમાં ૪.૪૫ લાખનું રોકાણ કર્યું હોવાનું જાણવા મળતાં આ બાબતે વિવાદ થતાં ઉશ્કેરાયેલા પતિએ હુમલો કરી દીધો હતો. ઝઘડાને શાંત કરવા વચ્ચે પડેલાં સાસુને ધક્કો મારી રૂમમાં પુરી દીધાં હતાં. આ દરમિયાન ઘરમાં રહેલાં અડધો લીટર પેટ્રોલ ભરેલી બોટલને પત્ની પર છાંટી દેવામાં આવ્યું હતું અને તેને પણ રૂમમાં બંધ કરી રસોડામાં ગેસનો ચુલો ચાલુ કરી,બહારથી કડી મારી પોતે બહાર નીકળી ગયો હતો. રાડારાડ કરતાં ઉપર રહેતા મહિલાએ ત્વરિત નીચે આવીને માતા-પુત્રીને ઘરમાંથી બહાર કાઢયા હતા અને તાત્કાલિક ગેસના નોબ બંધ કરી દેતાં દુર્ઘટના ટળી ગઈ હતી. આ બનાવ સંદર્ભે ભુજના એ-ડિવિઝન પોલીસ મથકે શારીરિક માનસિક ઉત્પીડન અને જાનથી મારી નાખવાના ઈરાદા સહિતની કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# લખપતના નવાનગરના ચકચારી હત્યાના આરોપીને આજીવન કેદ

અમદાવાદઃ લગભગ સાડા ત્રણેક વર્ષ પૂર્વે કચ્છના સીમાવર્તી લખપત તાલુકાના પાનધ્રો ગામમાં તીર્થકુમાર શંકરદયા નામના વ્યક્તિની ગુમાદાન ઉર્ફે ગુમો ઉર્ફે ભવ્ય સરદારદાન ગઢવીએ તીક્ષ્ણ હથિયાર વડે હત્યા નિપજાવી દેવાના ચકચારી કેસમાં નામદાર અદાલતે આરોપી ગુમાદાનને તકસીરવાન ઠેરવી આજીવન કેદ તથા પાંચ હજારનો દંડ ફટકારતો ધાક બેસાડતો ચુકાદો આપ્યો હતો. આરોપી ગુમાદાને પાનધ્રો ગામના નવાનગર ખાતે આવેલા ક્રિકેટનાં મેદાન પાસે ગેરકાયદે રીતે બનાવેલા ભેંસોના વાડાને હટાવવા માટે નવાનગર સમસ્ત બ્રાહ્મણ સમાજે લખપતના મામલતદારને અરજી કરી હતી અને તેની આગેવાની તીર્થકુમારના મોટાબાપુ જવાહર રૂપરામ દયારામે લીધી હતી. આ અંગેનું મન દુઃખ રાખી ગુમાદાને તીર્થકુમારને છરીનો ઘા મારી હત્યા કર્યાનું ફરિયાદમાં લખાવાયું હતું. આ ચકચારી હત્યા પ્રકરણમાં આરોપી ગુમાદાનને તકસીરવાન ઠેરવી આજીવન કેદની સજા તથા રૂ. પાંચ હજારનો દંડ અને જો દંડ ન ભરે તો વધુ ત્રણ માસની સાદી કેદની સજા ફરમાવતો ધાક બેસાડતો ચુકાદો ભુજના સાતમા અધિક સેશન્સ જજ એન.પી. રાડીઆએ આપ્યો હતો. સરકાર તરફે ખાસ નિયુક્ત સરકારી વકીલ યોગેશ ડી.ભંડારકરે કોર્ટરૂમમાં હાજર રહીને દલીલો કરી હતી. ■

# ભાવનગરમાં બાઈક ધીમું ચલાવવાની બાબતે એક્સ આર્મીમેને હવામાં ફાયરિંગ કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભાવનગરના ફુલસર કમર્ચારી નગરમાં ફૂલ સ્પીડમાં બાઈક ચલાવવાના મામલે બે પરિવાર વચ્ચે ગરમાગરમી થઈ હતી, જેમાં એક એક્સ આર્મીમેને પોતાની રિવોલ્વરમાંથી હવામાં ફાયરિંગ કર્યું હતું. પોલીસે બન્ને પક્ષે સામસામે ગુનો નોંધ્યો હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

પ્રાપ્ત વિગતો અનુસાર અહીંના ફુલસર વિસ્તારમાં રહેતા એક્સ આર્મીમેન નયનસિંહ નવલસિંહ દોઢીયાએ બોર તળાવ પોલીસ મથકમાં પડોશમાં રહેતા ધ્રુવરાજસિંહ ચંદ્રસિંહ જાડેજા, અર્જુનસિંહ ગણપતસિંહ ગોહિલ, યોગીરાજસિંહ પ્રદીપસિંહ ગોહિલ, શક્તિસિંહ ભરતસિંહ ગોહિલ, સુનિલસિંહ જમના સિંહ ઠાકોર તથા નવર ચંદ્રસિંહ જીણકુભા જાડેજા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી કે તેઓ પોતાના ઘરે હતા ત્યારે બાજુમાં રહેતા ચંદ્રસિંહનો દીકરો અવારનવાર મોટરસાઇકલ લઈ ફૂલ સ્પીડમાં ચલાવતો હોય જે અંગે પોતે ચંદ્રસિંહના ઘરે જઈ કહેવા ગયા હતા, પણ તેઓ હાજર ન હોવાથી ફોન પર બોલાચાલી થઈ હતી અને તેનું મન દુઃખ રાખી ચંદ્રસિંહ જાડેજા સહિત અન્યોએ તેમની સાથે ઝઘડો કર્યો હતો અને પાઈપ તેમ જ ધોકા વડે માર માર્યો હતો. તેઓ ઘણા હોવાથી આર્મીમેને લાયસન્સવાળી રિવોલ્વોરથી હવામાં બે રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું.

સામે પક્ષે પણ ઝઘડો કર્યાની ફરિયાદ થઈ હતી. પોલીસે બન્ને પક્ષને સાંભળી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. ■

# વિદ્યાર્થીઓને હતાશામાંથી બહાર કાઢતાં શિક્ષિકાએ આત્મહત્યા કરી લેતા ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સૌરાષ્ટ્રના ઉનામાં એક ખૂબ જ દુઃખદ બનાવ બન્યો હતો. અહીંના જાફરાબાદની સ્કૂલમાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતી ૩૦ વર્ષીય મહિલા કાજલ તેજાભાઈ વાઢેર કોઈ કારણોસર ગળાફાંસો ખાઈ લીધો હતો. મહત્ત્વની વાત તો એ છે કે કાજલબેન મનોવિજ્ઞાનના વિદ્યાર્થી રહી ચૂક્યા છે અને વિદ્યાર્થીઓને સમાજશાસ્ત્ર ભણાવતા હતા. સ્કૂલમાં જો કોઈ વિદ્યાર્થી હિંમત હારે કે કોઈ કારણોસર હતાશ થઈ જાય તો તેમને હિંમત આપવા, તેમનું કાઉન્સેલિંગ કરવાનું કામ કાજલબેન કરતાં હતાં ત્યારે તેમણે આ રીતે મોત વ્હાલું કરતા સૌને આશ્ચર્ય સાથે આઘાત લાગ્યો છે. મૂળ નવાબંદરના વતની કાજલબેન પાંચેક માસ પહેલા જાફરાબાદની સ્કૂલમાં શિક્ષિકા તરીકે જોડાયા હતા. તેઓ પરિવાર સાથે રહેતા હતા. સવારે વહેલા તેમણે પોતાના ઘરના રસોડામાં ગળાફાંસો ખાઈ લીધો હતો. તેમના માતાએ સવારે ઊઠી આ જોતા ચીસો પાડી હતી. ત્યારબાદ તેમના પરિવારે પોલીસને જાણ કરતા પોલીસ આવી હતી અને મૃતદેહને પીએમ માટે ખસેડ્યો હતો. જોકે કોઈ સુસાઈડ નોટ મળી આવી ન હતી. તેમણે ક્યા કારણસર આવું પગલું ભર્યું તે જાણી શકાયું ન હતી.■




રાજકોટમાં આમ્રપાલી અંડરબ્રિજ ખાતે પાણી ભરાઈ જવાના કારણે લોકોને પડતી પારાવાર મુશ્કેલીઓ અને મનપાની બેદરકારીના આક્ષેપો સાથે કૉંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. કૉંગ્રેસે આક્ષેપ કર્યો હતો કે અંડરબ્રિજમાં યોગ્ય સફાઈ અને ગટર વ્યવસ્થાના અભાવે પાણી ભરાય છે. જોકે, વિરોધપક્ષ દ્વારા વિરોધ પ્રદર્શન શરૂ કરવામાં આવે તે પહેલાં જ પોલીસે તેમની અટકાયત કરી હતી.

(તસવીરઃ પ્રવીણ સેદાણી, રાજકોટ)

# જૂનાગઢમાં ૧૩ રાજ્યોના એનસીસી કેડેટ્સે ખડક ચઢાણ બેઝિક કોર્સની તાલીમ લીધી

(અમારા પ્રતિનિધિ તરફથી)



(હરેશ સોની)

અમદાવાદઃ રાજ્ય સરકારના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગરના કમિશનરના ઉપક્રમે, પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર, જૂનાગઢ દ્વારા એનસીસી ભાઈઓ માટે ૧૦ દિવસીય ખડક ચઢાણ બેઝિક કોર્સનું આયોજન કરવામાં આવ્યું હતું. ૮ ગુજરાત બટાલિયન એનસીસી દ્વારા પ્રાયોજિત આ તાલીમ શિબિર તા. ૧૮ નવેમ્બરથી તા. ૨૭ નવેમ્બર દરમિયાન જૂનાગઢ ખાતે યોજાઈ હતી. જેમાં ભારતભરના કુલ ૧૩ રાજ્યોમાંથી ૧૦૧ જેટલા એનસીસી કેડેટ્સે ઉત્સાહભેર તાલીમ લીધી હતી.

શિબિરના છેલ્લા દિવસે પૂર્ણાહુતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન કર્નલ અમિત ત્યાગી, સુબેદાર મેજર બલવંતસીંગ, કે.પી. રાજપૂત અને ઉપેન્દ્રસિંહ રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોના હસ્તે તાલીમાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કે.પી. રાજપૂતે શાબ્દિક સ્વાગતની સાથે શિબિરની સંપૂર્ણ માહિતી આપી હતી. તાલીમાર્થીઓ લક્ષ્ય પાઠક અને ઓમ સાંગવાને કેમ્પના પોતાના અનુભવો વ્યક્ત કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, શરૂઆતમાં કોર્સમાં થોડી તકલીફ પડી, પરંતુ ઇન્સ્ટ્રક્ટરના માર્ગદર્શન હેઠળ ધીમે ધીમે અનુકૂલન સાધતા થઈ ગયા. પર્વતારોહણની તાલીમમાં જેમ જેમ દિવસો પસાર થતા ગયા, તેમ તેમ તેમને ખૂબ મજા આવતી ગઈ અને ખડક પર ચઢવા-ઉતરવાનો અનુભવ ખૂબ સારો રહ્યો હતો. ■

# સત્તાધારી પાર્ટીને ઈશારે નાચનારાઓના પટ્ટા ગુજરાતની પ્રજા ઉતારી નાખશેઃ પરેશ ધાનાણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં કૉંગ્રેસના નેતા પરેશ ધાનાણીએ રાજ્ય સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે મુખ્યત્વે ગુજરાતમાં વકરી રહેલા ડ્રગ્સ અને દારૂના દૂષણનો મુદ્દો ઉઠાવ્યો હતો. ધાનાણીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં કરોડોનું ડ્રગ્સ પકડાયું હોવા છતાં, હજુ સુધી આ નેટવર્કના મુખ્ય સૂત્રધાર એટલે કે 'ડ્રગ્સના આકાઓ' પકડાયા નથી. તેમણે આ મુદ્દો ઉઠાવવા બદલ સુરતના ભાજપના નેતા કુમાર કાનાણીને અભિનંદન આપ્યા હતા અને કહ્યું હતું કે, દારૂ અને ડ્રગ્સ મામલે ગુજરાતમાં જે કોઈ લોકો અવાજ ઉઠાવે છે, કૉંગ્રેસ તેને આવકાર અને અભિનંદન આપે છે. આ ઉપરાંત, તેમણે પોલીસ વિભાગ અને વિપક્ષી નેતાઓ પરના દમન અંગે પણ વાત કરી હતી. ધાનાણીએ જણાવ્યું હતું કે, ભૂતકાળમાં ઈમાનદાર પોલીસ અધિકારીઓ હેરાન થઈ ચૂક્યા છે, તેમણે સરકાર સામે આકરા પ્રહારો કરતા કહ્યું હતું કે, કૉંગ્રેસ સરકાર સામે લડી લેવા તૈયાર છે, અને સરકાર ખાખી વર્દીનો દુરુપયોગ કરી રહી છે. કૉંગ્રેસ નેતા જીગ્નેશ મેવાણીનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે, જ્યારે તેઓ પ્રજા વતી લડી રહ્યા છે, ત્યારે સરકાર તેમને 'દલિતનો દીકરો' સમજીને દબાવવાનો પ્રયત્ન કરી રહી છે. ધાનાણીએ રાજ્ય સરકારની ચાલી રહેલી 'ચિંતન શિબિર' પર પણ કટાક્ષ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતમાં છેલ્લા૩૫ વર્ષથી ભાજપનું શાસન છે, ત્યારે આ ચિંતન શિબિરમાં રાજ્યની પ્રજાની ચિંતા થાય અને તેમની વેદના દૂર થાય તે જરૂરી છે. તેમણે માગ કરી હતી કે આ શિબિરમાં મોંઘવારી, મંદી, ભ્રષ્ટાચાર, દારૂના દૂષણ અને ડ્રગ્સની બદી દૂર કરવા અંગે ચિંતન થવું જોઈએ, અને સરકારે પ્રજાની ચિંતા દૂર થાય તેવા આચરણ કરવા જોઈએ. તેમણે આક્ષેપ કર્યો હતો કે ગુજરાતની સ્કૂલ-કોલેજોમાં ડ્રગ્સની ડોર-ટુ-ડોર ડિલિવરી થાય છે, જેના કારણે યુવાનો વ્યસની બનીને વ્યાજખોરોની ચુંગાલમાં ફસાય છે. તેમણે ડ્રગ્સ, વ્યાજખોરો અને માફિયાઓની સરકાર સાથે સિન્ડિકેટ હોવાનો ગંભીર આરોપ મૂક્યો હતો. અંતમાં, કૉંગ્રેસ નેતાએ રાજકોટ - ગુજરાતને કોમન વેલ્થ ગેમની યજમાનીને આવકારી હતી, પરંતુ સત્તાધારી પક્ષને તેમની એટલી જ અપીલ છે કે જે રીતે રમતગમતમાં ખેલદિલી રાખવામાં આવે છે, તેવી જ ખેલદિલી જાહેર જીવનમાં પણ રાખવામાં આવે. તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતની જનતાને પડતી મુશ્કેલીઓ સાંભળવામાં આવે, તેનો અવાજ દબાવવાનો પ્રયાસ ન કરવામાં આવે અને રમતગમતની જેમ ખેલદિલી જાળવવામાં આવે. ■

# મૃત પત્નીના વિયોગમાં નખત્રાણાના યુવાને ઝેરી દવા ગટગટાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કચ્છમાં અકાળે ત્રણ મોત નિપજ્યા હતા. જેમાં એક યુવાને આત્મહત્યા કરી હતી જ્યારે અન્ય બે અકસ્માતના કેસ બન્યા હતા. ભુજ તાલુકાના નવી ધાણેટી ગામના કાચા માર્ગે ડમ્પર અને દ્વિચક્રી વાહન વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં ધાણેટીના ૪૫ વર્ષીય ભરત ભાનુશાલીનું ગંભીર ઇજાઓને પગલે મોત નીપજ્યું હતું, જ્યારે રાપરના આડેસર નજીક પૂરપાટ દોડતી કાર પલટી મારી જતાં રમેશ ભીખા મકવાણા નામના યુવકનું ઘટનાસ્થળે મોત થયું હતું જ્યારે અન્ય એકને ગંભીર ઇજાઓ પહોંચી હતી. બીજી તરફ, દેવપર યક્ષ ગામમાં પત્નીના વિયોગમાં પતિએ ઝેરી દવા ગટગટાવી લઈને અનંતની વાટ પકડી લેતાં પંથકમાં ગમગીની પ્રસરી હતી. પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ, નાડાપા નજીકના વાડી વિસ્તારમાં મજૂરીકામ કરનાર ભરત ભાનુશાલી બુધવારે બપોરે નવી ધાણેટીના કાચા માર્ગ પરથી સ્કૂટર પર પસાર થઇ રહ્યા હતા ત્યારે સામેથી આવતાં ડમ્પરે તેમના વાહનને હડફેટે લેતાં ભરતને ગંભીર ઇજા પહોંચી હતી.

ઘાયલને તત્કાળ એમ્બ્યુલન્સ મારફત સારવાર અર્થે ભુજની જી.કે. જનરલ હૉસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો જ્યાં ફરજ પર હાજર તબીબે તેને મૃત જાહેર કરતાં પદ્ધર પોલીસે ડમ્પર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. બીજી તરફ, સણવામાં રહેનાર રમેશ મકવાણા તથા તેમનો ભત્રીજો દેવેન્દ્ર પોતાના શેઠની કાર લઇને રાપર નવાં ટ્રેક્ટરની ડિલિવરી લેવા માટે જઈ રહ્યા હતા. આ દરમ્યાન ભીમસર નજીક રસ્તો ઓળંગી રહેલાં શ્વાનને બચાવવા માટે ચાલક દેવેન્દ્રએ કટ મારતાં પૂરપાટ જઈ રહેલી કાર રસ્તો કૂદીને પલટી મારી જતાં અકસ્માત સર્જાયો હતો. બંને ઘાયલોને સારવાર અર્થે પલાંસવા લઇ જવાતાં ફરજ પરના તબીબે રમેશને મૃત જાહેર કર્યો હતો જ્યારે તેના ભત્રીજાને સારવાર આપવામાં આવી રહી છે. દરમ્યાન, નખત્રાણા તાલુકાના દેવપર યક્ષના ૨૧ વર્ષીય જયેશ વેલજી કોલી નામના યુવાનની પત્ની અવસાન પામતાં વિયોગમાં જંતુનાશક દવા પી લેતાં સારવાર દરમ્યાન યુવાનનું મોત નીપજ્યું હતું. ■

# માંડવીના મોલમાં મોડી રાત્રે ભીષણ આગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કચ્છના શહેર માંડવીના લાયજા રોડ પરના સ્વામિનારાયણ મંદિર અને પશુ દવાખાના સામે આવેલા પ્રયાસ મોલમાં ગત મધ્યરાત્રીના બે વાગ્યાના અરસામાં અચાનક આગ ફાટી નીકળતાં આસપાસ રહેતા નાગરિકોના જીવ પડીકે બાંધાઈ ગયા હતા.

સળગી રહેલા આ પ્રયાસ મોલની ઉપરના માળે આવેલી ખાનગી હૉસ્પિટલમાં દાખલ ત્રણ મહિલા દર્દીઓને સુરક્ષિત રીતે બહાર લાવવામાં આવી હતી અને અગ્નિશમન દળે સમયસર ઘટનાસ્થળે દોડી જઈને આગ પર કાબૂ મેળવી લેતાં મોટી દુર્ઘટના ટળી હતી. આ ભયાનક આગ સંભવિત શોર્ટ સર્કિટના કારણે લાગી હોવાનો અંદાજ પ્રયાસ મોલના માલિક હરજી પટેલે વ્યક્ત કર્યો હતો.

દરમ્યાન, પ્રયાસ મોલમાં ફાયર હાઈડ્રન્ટ સાથે સ્મોક-સ્પ્રિંકલર અને એલાર્મ સિસ્ટમ લગાવેલી ન હોવાથી આગ લાગ્યાની સમયસર જાણ થઈ શકી ન હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

માનવ વસાહત અને હૉસ્પિટલની નીચે બનાવવામાં આવેલા આ મોલમાં ફાયર સેફ્ટીના અભાવ અંગેની જાણકારી રિઝર્વ ફાયર ઓફિસરને આપવામાં આવશે અને જવાબદારો વિરુદ્ધ કાયેદસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ પાલિકા ચીફ ઓફિસર જીજ્ઞેશ બારોટે જણાવ્યું હતું. ■